દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 97 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર વદ- ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 April 2024, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

બુધવાર, ૨૪ એપ્રિલ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ ૮ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લશ્કરી ખર્ચ કરવામાં ભારત વિશ્વમાં ચોથા ક્રમે

**રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ, એશિયા, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ, ફિજી સહિત ૧૪ દેશના સંગઠન ‘ઓસેનિયા’ તેમ જ મધ્ય પૂર્વમાં વધેલી તંગદિલીને કારણે વિશ્વમાં ૨૦૨૩માં લશ્કર પાછળ વધુ ખર્ચ કરાયો હતો**

નવી દિલ્હી: સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે પોતાની વેબસાઇટ પર મૂકેલા અહેવાલમાં દાવો કર્યો હતો કે લશ્કરી ખર્ચ કરવામાં ભારત ૨૦૨૩માં ૮૩.૬ અબજ ડૉલરના ખર્ચ સાથે વિશ્વમાં ચોથા ક્રમે રહ્યું હતું.

સંસ્થાના અહેવાલમાં જણાવાયું હતું કે ૨૦૨૩માં લશ્કરી ખર્ચમાં ભારતની આગળ અમેરિકા, ચીન અને રશિયાનો ક્રમ હતો. રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ, એશિયા, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ, ફિજી સહિત ૧૪ દેશના સંગઠન ‘ઓસેનિયા’ તેમ જ મધ્ય પૂર્વમાં વધેલી તંગદિલીને કારણે વિશ્વમાં ૨૦૨૩માં લશ્કર પાછળ વધુ ખર્ચ કરાયો હતો.

ઇઝરાયલ - પેલેસ્ટાઇન, ઇરાન - ઇઝરાયલ, રશિયા - યુક્રેન, રાતા સમુદ્રના જળવિસ્તારમાં હાલમાં તંગદિલી વધી છે, ત્યારે સંબંધિત અહેવાલ વેબસાઇટ પર મુકાયો હતો. તેણે જણાવ્યું હતું કે વિશ્વમાં સતત નવમા વર્ષે લશ્કરી ખર્ચ વધ્યો હતો. વિશ્વનો ૨૦૨૩માં લશ્કરી ખર્ચ ૨૪૪૩ અબજ ડૉલર થયો હતો. ૨૦૦૯ બાદ વિશ્વના લશ્કરી ખર્ચમાં આ સૌથી મોટો (૬.૮ ટકા) વધારો હતો.

ભારતનો ૨૦૨૩માંનો લશ્કરી ખર્ચ ૨૦૨૨ની સરખામણીમાં ૪.૨ ટકા વધુ હતો અને ૨૦૧૪ કરતાં ૪૪ ટકા વધારે હતો.

સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે જણાવ્યું હતું કે ચીન અને પાકિસ્તાનની સાથેની તંગદિલીને કારણે ભારતને લશ્કરી ખર્ચ વધારવાની ફરજ પડી રહી છે. ભારતના લશ્કરી ખર્ચમાંની ૭૫ ટકા રકમ સ્થાનિક બજારમાંથી લશ્કર માટેની સાધનસામગ્રીની પ્રાપ્તિ કરવા પાછળ ખર્ચવામાં આવે છે.

અહેવાલમાં જણાવાયું હતું કે ભારત અને ચીનની વચ્ચે ૨૦૨૦ની પાંચમી મેએ સરહદ પરના પૂર્વ લદાખ વિસ્તારમાં મડાગાંઠ ઊભી થઇ હતી અને ત્યાર બાદ બન્ને દેશના સંબંધ વણસ્યા હતા.

અમેરિકાએ ૨૦૨૩માં લશ્કર પાછળ ૯૧૬ અબજ ડૉલર ખર્ચ્યા હતા. આ રકમ ૨૦૨૨ના ખર્ચની સરખામણીમાં ૨.૩ ટકા અને ૨૦૧૪ કરતાં ૯.૯ ટકા વધુ હતી.

‘નાટો’ના ૩૧ સભ્ય દેશે ૨૦૨૩માં લશ્કર પાછળ કુલ ૧,૩૪૧ અબજ ડૉલરનો ખર્ચ કર્યો હતો, જે વિશ્વના કુલ લશ્કરી ખર્ચના ૫૫ ટકા રકમ હતી.

યુક્રેન ૨૦૨૩માં લશ્કરી ખર્ચ કરવામાં વિશ્વમાં આઠમા ક્રમે હતું. બીજા ક્રમે રહેલા ચીને ૨૦૨૩માં ૨૯૬ અબજ ડૉલરનો ખર્ચ કર્યો હતો. આ ખર્ચ ૨૦૨૨ની સરખામણીમાં છ ટકા વધુ હતો. (એજન્સી) ■

## કેજરીવાલ, કવિતાને સાત મે સુધી જેલ





નવી દિલ્હી: દિલ્હી સરકારની દારૂ સંબંધિત આબકારી જકાત નીતિ અને તેને લગતી કાળાં નાણાં ધોળાં કરવાની પ્રવૃત્તિના સંબંધમાં ઇડી દ્વારા પકડવામાં આવેલા દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ, તેલંગણાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ચંદ્રશેખર રાવનાં દીકરી કવિતા અને ગોવા વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પક્ષના ભંડોળનો વહીવટ સંભાળનારા ચનપ્રીત સિંહને સાતમી મે સુધી અદાલતી કસ્ટડીમાં રાખવાનો અહીંની એક અદાલતે આદેશ આપ્યો હતો.

દિલ્હી સરકારની દારૂને લગતી આબકારી જકાત નીતિમાંની ગેરરીતિની તપાસ સીબીઆઇ અને

(જુઓ પાનું ૨) ▶▶

**વિશ્વભરમાં દાઉદી વહોરા સમુદાયમાં આનંદની લહેર ▶ દસ વર્ષની કાયદાકીય લડતનો અંત: ભત્રીજા સૈયદના કુઝૈમા કુતબુદ્દીનની અરજી ફગાવી**

# સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન જ દાઉદી વહોરા સમુદાયના ધર્મગુરુ: હાઇ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લગભગ દસ વર્ષની કાયદાકીય લડત બાદ દાઉદી વહોરા સમુદાયના ધર્મગુરુ (દાઇ-અલ-મુતલક)ના વિવાદનો અંત બૉમ્બે હાઇ કોર્ટેના ચુકાદા દ્વારા આવ્યો હતો અને હાલના સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનના પક્ષમાં ફેંસલો આપી તેમને જ દાઉદી વહોરા સમુદાયના વડા તરીકે ભવિષ્યમાં કામગીરી ચાલુ રાખવાનું જણાવ્યું હતું. એટલે કે લગભગ એક દાયકાની રાહ જોયા બાદ પોતાના ધર્મગુરુની નિમણૂક યોગ્ય રીતે થઇ હોવાની વાત પર બૉમ્બે હાઇ કોર્ટની મહોર લાગતા દાઉદી વહોરા સમુદાયના પંદરથી વીસ લાખ લોકોમાં આનંદની લહેર જોવા મળી હતી.

બૉમ્બે હાઇ કોર્ટની જસ્ટિસ ગૌતમ પટેલની સિંગલ બેન્ચે સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનના ભત્રીજા સૈયદના તાહેર ફકરુદ્દીન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ફગાવી હતી.

સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનને દાઉદી વહોરા સમુદાયના વડા તરીકેની નિમણૂકને પડકારતી સૌપ્રથમ અરજી સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનના ભાઇ સૈયદના કુઝૈમા કુતબુદ્દીન દ્વારા માર્ચ ૨૦૧૪માં દાખલ કરવામાં આવી હતી.

આ ચુકાદો આપતી વખતે જસ્ટિસ ગૌતમ પટેલે ભારપૂર્વક જણાવ્યું હતું કે અદાલતનો ફેંસલો સંપૂર્ણપણે તથ્યો અને પુરાવા **પર**

(જુઓ પાનું ૨) ▶▶



### કોણ છે સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન?

સૈયદના મુફદ્દલ સૈફુદ્દી વિશ્વભરના દાઉદી વહોરા સમુદાયના વર્તમાન વડા છે અને તે ૫૩મા અલ-દાઇ-અલ-મુતલક છે. તે વિશ્વભરના દાઉદી વહોરા સમુદાયના આગેવાન છે અને તેમના અનુયાયીઓનું માર્ગદર્શન કરે છે તેમ જ તેમને તેમની આસ્થા, સંસ્કૃતિ અને વારસા તરફ પ્રેરે છે. ■

### હાઈ કોર્ટનો ચુકાદો ઐતિહાસિક: દાઉદી વહોરા સમુદાય

દાઉદી વહોરા સમુદાય દ્વારા સત્તાવાર નિવેદન બહાર પાડીને હાઇ કોર્ટના ચુકાદાને ઐતિહાસિક ગણાવવામાં આવ્યો હતો અને જણાવ્યું હતું કે આ ચુકાદો અત્યંત સુયોગ્ય રીતે અપાયો છે અને દાઉદી વહોરા સમુદાયની આસ્થા અને ધાર્મિક સિદ્ધાંતો તેમ જ તથ્યોનું ખોટું અર્થઘટન કરનારાની અરજીને સચોટ રીતે ફગાવી દેવામાં આવી છે. અમને હંમેશાંથી જ ભારતીય ન્યાયપ્રણાલીમાં પૂરો વિશ્વાસ અને શ્રદ્ધા રહી છે. ભારતીય ન્યાયવ્યવસ્થાએ હંમેશાં દાઉદી વહોરા સમુદાયના સૈયદના અને અમારી આસ્થા અને શ્રદ્ધાનું સમર્થન કર્યું છે. ■

# તાઈવાનમાં ફરી ભૂકંપ



**ભૂકંપ:** તાઈવાનમાં મંગળવારે ધરતીકંપનાં શ્રેણીબદ્ધ આંચકા આવ્યા બાદ હૂઆલિન રોડના સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો. ધરતીકંપ બાદ બે બહુમાળી ઈમારતોને નુકસાન થયું હતું. જોકે અગાઉ આ મહિને આવેલા ૭.૪ની તીવ્રતાના ભૂકંપમાં ઓછામાં ઓછાં ૧૩ જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૧000 કરતાં પણ વધુ લોકો ઘાયલ થયા હતા. (એજન્સી)

## એક જ રાતમાં ૮૦ આંચકાથી ધરતી ધણધણી ઊઠી

તાઈપેઈ: સોમવારે મોડી રાત્રે ભૂકંપના શ્રેણીબદ્ધ આંચકાને કારણે તાઇવાનની ધરતી ધણધણી ઊઠી હતી, નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (ગઈજ) અનુસાર ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૧ આંકવામાં આવી હતી. ગઈ કાલે રાતે ભૂકંપના ૮૦ આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપને કારણે જાનહાનિના કોઈ અહેવાલ નથી. ૨૦ દિવસ પહેલા પણ તાઈવાનમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

મીડિયા અહેવાલો અનુસાર, તાઇવાનના પૂર્વ કિનારે સોમવારની રાતથી મંગળવારની વહેલી સવાર સુધી ૮૦ થી વધુ ભૂકંપ આવ્યા હતા, જેમાંથી સૌથી વધુ તીવ્રતાનો આંચકો ૬.૩નો હતો. ભૂકંપના કારણે કેટલીક ઈમારતોને નુકસાન પહોંચ્યું હતું.

અહેવાલો મુજબ રાત્રે આવેલા ભૂકંપનું કેન્દ્ર હુઆલીનના ગ્રામીણ વિસ્તાર ઈસ્ટર્ન કાઉન્ટિમાં હતું. ગઈ કાલે સાંજે પણ પૂર્વી તાઈવાનમાં હુઆલીન કાઉન્ટિના શોફેંગ ટાઉનશિપમાં નવ મિનિટની અંદર પાંચ ભૂકંપ અનુભવાયા હતા.

અહીં ત્રણ એપ્રિલે પણ ૭.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપ બાદથી તાઈવાનમાં ભૂકંપના સેંકડો આંચકા આવી ચૂક્યા છે. ■

## કેરળમાં બર્ડ ફ્લૂના કેસ નોંધાતાં દક્ષિણ કર્ણાટકમાં હાઈ એલર્ટ

મેંગલુરુ : પડોશના કેરળના અમુક જિલ્લામાં બર્ડ ફ્લુના કેસ નોંધાતા મેંગલુરુ સહિતના કર્ણાટકના સરહદી વિસ્તારોમાં હાઈ એલર્ટ જાહેર કરાઈ છે, એવી માહિતી કર્ણાટક પશુપાલન ખાતાના અધિકારીએ આપી છે. અધિકારીએ કહ્યું હતું કે હાલમાં કોઈ પણ પગલાં લેતા પહેલાં કેરળની પરિસ્થિતિ પર ચાપતી નજર રખાય છે.

અમારા કેરળના સમકક્ષોએ ખાતરી આપી છે કે બર્ડ ફ્લુને અલાપુઝા જિલ્લા સુધી કાબૂમાં રખાશે.

જોકે મરઘાં અને એના ઉત્પાદકોને ટ્રેનમાં લઈ જવા અને રેલવે સ્ટેશન પર લાવવા પર નજર રખાઈ રહી છે. કેરળથી માર્ગપરિવહન દ્વારા લવાતા ચીકન પર નજર રખાઈ રહી છે. મેંગલુરુ કેરળથી આવતી ચીકનનો સૌથી મોટો ગ્રાહક છે. કર્ણાટકે કેરળથી ચીકન લાવવાનું બંધ કરી દીધું છે. પોલ્ટ્રિ માર્કેટના વેપારીએ કહ્યું હતું કે કેરળના પશુપાલન ખાતાએ બર્ડ ફ્લુને અમુક જિલ્લા સુધી સીમિત રાખવાનું જાહેર કર્યું છે. અમે પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છીએ. ચીકનના પુરવઠા પર આની કોઈ અસર નહીં પડે કારણ કે સ્થાનિક સ્ટોક હાલની માંગને સંતોષી શકે એમ છે. (એજન્સી) ■

**ચૂંટણીમાં ₹ ૪૨ કરોડના ભંડોળનું ગેરકાયદે ટ્રાન્ઝેક્શન કરનાર**

# કર્ણાટક કૉંગ્રેસના વિધાનસભ્ય વિરુદ્ધ કાર્યવાહીની ઈડીની માગણી

નવી દિલ્હી: વર્ષ ૨૦૨૩ની વિધાનસભાની ચૂંટણીમાં મતદારોને કથિત લાંચ આપવા સહિત ૩૨૪૨ કરોડના ભંડોળનું ગેરકાયદે ટ્રાન્ઝેક્શન કરનાર કર્ણાટક કૉંગ્રેસના વિધાનસભ્ય વિરુદ્ધ કાર્યવાહી કરવાની ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ-ઈડીએ ચૂંટણી પંચને પત્ર લખીને માગણી કરી હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રિવેન્શન ઑફ મનીલૉન્ડરિંગ ઍક્ટની કલમ ૬૬ (૨) અંતર્ગત ઈડીએ આ જ પ્રકારનો પત્ર કર્ણાટક લોકાયુક્તને પણ લખ્યો છે અને બેલારી મતદારક્ષેત્રના વિધાનસભ્ય નારા ભરત રેડ્ડી વિરુદ્ધ એકઠાં કરેલા પુરાવાની ચકાસણી કરી કેસ દાખલ કરવા જણાવ્યું છે. ગેરકાયદે ખાણકામ

અને જમીન સોદામાં કરવામાં આવેલી છેતરપિંડીના આક્ષેપો સંબંધિત મનીલૉન્ડરિંગની તપાસના ભાગરૂપ

(જુઓ પાનું ૨) ▶▶

# અમેરિકાના એરિઝોનામાં બે કાર સામસામે ટકરાઇ, બે ભારતીય વિદ્યાર્થીનાં મોત

વૉશિંગ્ટન: અમેરિકાના એરિઝોનામાં લેક પ્લીઝન્ટ પાસે બે કાર સામસામે ટકરાતા બે ભારતીય વિદ્યાર્થીઓના ઘટનાસ્થળે જ મોત થયા હતા. પોલીસે આ માહિતી આપી હતી. મૃતકોની ઓળખ ૧૯ વર્ષીય નિવેશ મુક્કા અને ૧૯ વર્ષીય ગૌતમ પારસી તરીકે થઈ છે. બંને વિદ્યાર્થીઓ ભારતના હતા. તેઓ અમેરિકામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તરીકે નોંધાયેલા હતા.

પેરિયા પોલીસના જણાવ્યા અનુસાર, સ્ટેટ રુટ ૭૪ની ઉત્તરમાં કેસલ હોટ સ્પ્રિંગ્સ રોડ પર ૨૦ એપ્રિલે સાંજે સવા છ વાગ્યે બે કાર સામસામે ટકરાઇ હતી. પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, “વાહનો કેવી રીતે અથડાયા તેની તપાસ કરવામાં આવી રહી છે.”

તેમણે જણાવ્યું હતું કે અકસ્માતમાં બંને કારના ડ્રાઇવરો ઘાયલ થયા હતા અને તેમને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી, જ્યારે અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. પોલીસે જણાવ્યું કે મૃતકોની ઓળખ ૧૯ વર્ષીય નિવેશ મુક્કા અને ૧૯ વર્ષીય ગૌતમ પારસી તરીકે થઈ છે. બંને ભારતીય હતા. ■

# મલયેશિયામાં રિહર્સલ દરમિયાન નેવીના બે હેલિકૉપ્ટર અથડાયા, ૧૦નાં મોત

મલેશિયામાં રોયલ મલેશિયન નેવીના વાર્ષિક કાર્યક્રમ પહેલા રિહર્સલ દરમિયાન એક મોટો અકસ્માત થયો છે. રિહર્સલ દરમિયાન નેવીના બે હેલિકૉપ્ટર હવામાં અથડાયા હતા, આ અકસ્માતમાં બંને હેલિકૉપ્ટરમાં સવાર ૧૦ લોકોનાં મોત થયાં છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

મલેશિયન નેવીનો વાર્ષિક કાર્યક્રમ લુમુતના રોયલ મલેશિયન નેવી સ્ટેડિયમ ખાતે યોજાવાનો છે. એ પહેલા આજે મંગળવારે સવારે ૯.૩૨ વાગ્યે રિહર્સલ દરમિયાન આ અકસ્માત સર્જાયો હતો. એક હેલિકૉપ્ટર ટેકઓફ થતાંની સાથે જ બીજું હેલિકૉપ્ટર અથડાયું હતું. આ હેલિકૉપ્ટરમાંથી એક ૫૦૨-૬ અને બીજું ૫૦૩-૩ હતું. આકાશમાં અથડાયા બાદ એક હેલિકોપ્ટર સ્ટેડિયમની સીડીમાં અને બીજું સ્વિમિંગ પુલમાં પડ્યું હતું. મલેશિયન નેવીએ પણ આ અકસ્માતની પુષ્ટિ કરી છે. આ દુર્ઘટનામાં ૧૦ ક્રૂ મેમ્બરનાં મોત થયાં છે. તમામ મૃતદેહોને ઓળખ માટે લુમુત આર્મી બેઝ હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. ■



**દુર્ઘટના:** મલયેશિયાના લૂમૂરસ્થિત પૅરાક વિસ્તારમાં નૌકાદળના બે હેલિકૉપ્ટર તાલિમ સત્ર દરમિયાન અથડાઈને તૂટી પડ્યા બાદ તેનાં કાટમાળની ચકાસણી કરી રહેલા અગ્નિશમન અને રાહત વિભાગના અધિકારીઓ. આ દુર્ઘટનામાં હેલિકૉપ્ટરમાં સવાર ઓછામાં ઓછાં દસ જણ માર્યા ગયા હતા. (એજન્સી)

# ફિલિપાઈન્સની સૈન્ય ટુકડીએ ૧૨ શંકાસ્પદ મુસ્લિમ બળવાખોરને ઠાર માર્યા

મનિલા: ભૂતકાળમાં બૉમ્બવિસ્ફોટ અને ખંડણી જેવી માગણીમાં સંડોવાયેલા નાના બળવાખોર મુસ્લિમ જૂથના નેતા સહિત બાર જણને ફિલિપાઈન્સની સૈન્ય ટુકડીએ ઠાર માર્યા હોવાનું અધિકારીઓએ મંગળવારે કહ્યું હતું.

સોમવારે લગભગ એકાદ કલાક જેટલો સમય ચાલેલી આ અથડામણમાં સાત સૈનિકો પણ ઘાયલ થયા હોવાનું બ્રિગેડિયર જનરલ જૉશ વ્લાદિમિર કાગારાએ કહ્યું હતું.

બળવાખોર જૂથનો ચાવીરૂપ કમાન્ડર મોદિડેન ઍનિમબૅન્ગ તેના ભાઈ તેમ જ અન્ય દસ સાથી સહિત આ અથડામણમાં ઠાર મરાયો હોવાનું તેમણે કહ્યું હતું.

ઘટનાસ્થળેથી શસ્ત્રો સહિતની સામગ્રી જપ્ત કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું. આ જૂથ બૉમ્બવિસ્ફોટ, ખંડણી, સેના તેમ જ પોલીસની ચોકીઓ પર હુમલા કરવા જેવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલું હતું. (એજન્સી) ■

# કૉંગ્રેસ સંપત્તિનો એક્સ-રે કાઢીને ‘પસંદગીના’ લોકોને વહેંચી દેશે: મોદી

જયપુર: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વધુ એક વખત કૉંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં લખવામાં આવેલા સંપત્તિના ફેરવિતરણના મુદ્દાને સ્પર્શ કરતાં મંગળવારે રાજસ્થાનના ટોંકમાં કહ્યું હતું કે કૉંગ્રેસે ધર્મના આધારે મુસ્લિમોને આરક્ષણ આપવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે કૉંગ્રેસ ઘણું ઊંડું કાવતરું કરીને લોકોની સંપત્તિ છીનવીને તેને પસંદગીના લોકોને વિતરિત કરી નાખવા માગે છે.

કૉંગ્રેસ પર અત્યંત આક્રમક ટીકા કરતાં મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસના શાસનમાં પોતાના ધર્મનું પાલન કરવાનું અત્યંત મુશ્કેલ બની ગયું છે. આ પાર્ટીમાં હનુમાન ચાલીસા વાંચવી પણ ગુનો ગણવામાં આવી રહ્યો છે.

અહીં ઉલ્લેખનીય છે કે હનુમાન જન્મોત્સવના દિને વડા પ્રધાન દ્વારા આ ટીકા કરવામાં આવી હતી.

ચૂંટણી રેલીને સંબોધતાં તેમણે કહ્યું હતું કે કેન્દ્રમાં ૨૦૦૪માં જેવી કૉંગ્રેસની સરકાર બની કે તરત જ તેમની પહેલું કાર્ય આંધ્ર પ્રદેશમાં એસસી/એસટી

(જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સ્પેક્ટ્રમની હરાજી પ્રક્રિયા સામે સરકારને શું વાંધો છે?

**એક** સમયે આખા દેશને હચમચાવી નાંખનારા ૨જી સ્પેક્ટ્રમનો મુદ્દો ફરી ચર્ચામાં છે. ફેબ્રુઆરી, ૨૦૧૨માં સુપ્રીમ કોર્ટે મનમોહનસિંહ સરકારના સમયમાં અપાયેલાં બધાં ૨જી સ્પેક્ટ્રમ ટેલીકોમ લાયસંસ રદ કરી નાંખેલાં ને નવેસરથી હરાજી કરવા ફરમાન કરેલું. સુપ્રીમ કોર્ટનું તારણ હતું કે, સ્પેક્ટ્રમની ફાળવણીમાં ઘાલમેલ થઈ છે ને ચોરોએ ભેગા મળીને સરકારને નવડાવી નાંખી છે ત્યારે ફાળવણી ચાલુ ના રાખી શકાય. સુપ્રીમના ચુકાદામાં કોઈની સામે આંગળી નહોતી ચીંધવામાં આવી પણ ભ્રષ્ટાચાર થયો છે તેની કબૂલાત કરાઈ હતી.

સુપ્રીમ કોર્ટે એ વખતે આદેશ પણ આપેલો કે, હવે પછી ફાળવણીની પ્રક્રિયા પારદર્શક રહે એ માટે સ્પેક્ટ્રમની ફાળવણી ખાનગીમાં કરીને કુલડીમાં ગોળ ભાંગવાના બદલે જાહેર હરાજી કરાય. હરાજી પહેલાં તેનો જોરશોરથી પ્રચાર કરાય ને અત્યંત પારદર્શક પ્રક્રિયા રખાય કે જેથી શકની કોઈ ગુંજાઈશ ના રહે.

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર આ આદેશમાં સુધારો કરાવવા માટે સુપ્રીમ કોર્ટ પહોંચી છે. મોદી સરકારની રજૂઆત છે કે, સુપ્રીમ કોર્ટ હરાજી કરીને જ સ્પેક્ટ્રમની ફાળવણી કરવાના પોતાના આદેશમાં સુધારો કરીને વહીવટીતંત્રની પ્રક્રિયા દ્વારા હરાજી માટે મંજૂરી આપે. સરકારનું કહેવું છે કે, હરાજી દ્વારા જ સ્પેક્ટ્રમની ફાળવણી કરવાના આદેશના કારણે તકલીફ પડી રહી છે. તેના કારણે ટેલિકોમ્યુનિકેશનની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવામાં તકલીફ પડી રહી છે. કોમર્શિયલ ટેલિકોમ્યુનિકેશન ઉપરાંત ડીફેન્સ, ઈમર્જન્સી સહિતનાં જાહેર હિતનાં કામોમાં પણ સ્પેક્ટ્રમનો ઉપયોગ થતો હોવાથી તેની ફાળવણી ઝડપથી થાય એ માટે વહીવટી પ્રક્રિયા દ્વારા ફાળવણી કરવાની મંજૂરી આપવી જોઈએ.

કેન્દ્ર સરકારની વિનંતી આશ્ચર્યજનક છે કેમ કે જાહેર હરાજીની પ્રક્રિયા વધારે પારદર્શક છે અને તેમાં ભ્રષ્ટાચારની કોઈ શક્યતા જ રહેતી નથી. સુપ્રીમ કોર્ટે ૧૨ વર્ષ પહેલાં જ્યારે સ્પેક્ટ્રમની ફાળવણી રદ કરી ત્યારે એ જ કહેલું કે, કેન્દ્રે ખાનગીમાં ફાળવણી કરીને કુલડીમાં ગોળ ભાંગીને ભ્રષ્ટાચાર કર્યો છે. આ કારણે હવે પછી જાહેર હરાજીથી જ સ્પેક્ટ્રમની ફાળવણી કરવી. હવે મોદી સરકારને સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ પ્રમાણે હરાજી કરવા સામે વાંધો છે અને એ માટે તેણે સાવ ગળે ના ઉતરે એવાં કારણ રજૂ કર્યાં છે.

સરકાર ધારે તો હરાજી દ્વારા પણ ફાળવણીની પ્રક્રિયાને ઝડપી બનાવી શકે છે કેમ કે આખું તંત્ર તેના હસ્તક જ છે. સરકારને લાગે છે કે, સ્પેક્ટ્રમની ફાળવણી સાથે જાહેર હિતનો મુદ્દો સંકળાયેલો છે અને તેના કારણે લોકોનાં હિતને અસર થાય છે, કંપનીઓને અસર થાય છે તો તેણે પોતાન તંત્રને વધારે સજ્જ કરવું જોઈએ પણ તેના બદલે એ જે પ્રક્રિયા શંકાસ્પદ છે એ પ્રક્રિયા પર જવા માગે છે. આપણે ત્યાં એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસનો મતલબ શું થાય છે એ કહેવાની જરૂર નથી. એડમિનિસ્ટ્રેટિવ પ્રોસેસમાં સરકારમાં બેઠેલા લોકો બધું નક્કી કરે ને બધા નિર્ણયો લેતા હોય છે એ જોતાં આ પ્રક્રિયા ભ્રષ્ટાચારનો ખુલ્લો પરવાનો છે. મોદી સરકારને એ પ્રક્રિયા જોઈએ છે એ આશ્ચર્યજનક છે.

સુપ્રીમ કોર્ટ આ મામલે શું વલણ લે છે એ જોવાનું રહે છે પણ સુપ્રીમ કોર્ટે આ મામલે પહેલાં આપેલા પોતાના ચુકાદાને વળગી રહેવાની જરૂર છે કેમ કે સ્પેક્ટ્રમ મામલે ભાજપનું વલણ બહુ શંકાસ્પદ રહ્યું છે. ભાજપે એક સમયે આ મામલાને બહુ ચગાવેલો અને સ્પેક્ટ્રમ કૌભાંડને દેશનું સૌથી મોટું કૌભાંડ ગણાવીને કૉંગ્રેસ વિરોધી હવા ઊભી કરેલી પણ પોતે સત્તામાં આવ્યો પછી આખા મામલાને જ ભૂલાવી દીધો.

૨૦૧૧માં કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ) વિનોદ રાયે તેમના રિપોર્ટમાં સ્પેક્ટ્રમની ફાળવણીમાં થયેલી ઘાલમેલના આ કૌભાંડનો ભાંડો ફોડ્યો ત્યારે હાહાકાર મચી ગયેલો. કેગના કહેવા પ્રમાણે સરકારમાં બેઠેલા લોકોએ પોતાના મળતિયાઓ પાસેથી નૈવેદ્ય લઈ લઈને સ્પેક્ટ્રમની ફાળવણી કરીને દેશની તિજોરીને ૧.૭૬ લાખ કરોડનો ચૂનો લગાડી દીધો હતો. આ કૌભાંડ ૨૦૦૮માં થયેલું ત્યારે મનમોહનસિંહની સરકાર ડીએમકેની કાંખઘોડી પર ટકેલી હતી તેથી ડીએમકેના રાજકારણીઓ અને સરકારી અધિકારીઓએ મોટી કંપનીઓના કારભારીઓ સાથે મળીને આ ખેલ પાર પાડેલો.

ભાજપ એ વખતે વિપક્ષમાં હતો ને તેણે આ મુદ્દાને બહુ ગજવેલો તેથી છેવટે આખા મામલાની તપાસ સીબીઆઈને સોંપવી પડેલી. સીબીઆઈએ આરોપનામું મૂક્યું તેમાં સરકારને ૩૦ હજાર કરોડ રૂપિયાનું નુકસાન થયું હોવાનો આંકડો આપેલો. આ કૌભાંડમાં ખવાયેલી લાંચનો રેલો વિદેશ લગી પહોંચતો હતો એટલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ પણ તપાસ શરૂ કરેલી. બંનેએ એજન્સીએ પૈકી સીબીઆઈએ બે ને ઈડીએ એક મળીને ૧૭ કૌભાંડી ને બે કંપનીઓ સામે કુલ ત્રણ કેસ નોંધેલા. આ કેસ ચલાવવા ખાસ કોર્ટ પણ રચાયેલી.

આ કારણે જ ભાજપે ૨૦૧૧ પછી આવેલી દરેક ચૂંટણીમાં કૉંગ્રેસ પર સ્પેક્ટ્રમ કૌભાંડના આક્ષેપો કરીને રાજકીય ફાયદો લીધો હતો. મોળા મનમોહનસિંહ હાથ પર હાથ મૂકીને બેસી રહ્યા ને ભ્રષ્ટાચારીઓને દેશની તિજોરીને લૂંટવા દીધી એવા આક્ષેપો કરતો હતો. સ્પેક્ટ્રમની ફાળવણી રદ કરી દેવાયેલી.

કમનસીબે ભાજપ સત્તામાં આવ્યો પછી સ્પેક્ટ્રમ કૌભાંડમાં એન્ટિ-ક્લાઈમેક્સ આવી ગયેલો. દિલ્હીની ખાસ અદાલતે બીજી સ્પેક્ટ્રમ ભ્રષ્ટાચાર કેસમાં બધા ૧૯ આરોપીઓને દૂધે ધોયેલા જાહેર કરીને છોડી મૂક્યા હતા. કોર્ટે જેમને છોડી મૂક્યા તેમાં મનમોહનસિંહ સરકારમાં ટેલીકોમ પ્રધાન રહી ચૂકેલા એ. રાજા ને રાજ્યસભાનાં સભ્ય કનિમોઈ પણ હતાં.

ભાજપે પછી આ કૌભાંડને ભૂલાવી દીધું. ભાજપ સરકારના ઈશારે સીબીઆઈ ને ઈડી વિપક્ષના નેતાઓને સાણસામાં લીધા કરે છે પણ ૧.૭૬ લાખ કરોડ રૂપિયાના કહેવાતા કૌભાંડમાં તેમણે કશું નથી કર્યું. દેશનું સૌથી મોટું કૌભાંડ જેને ગણાવાતું હતું એ કૌભાંડની તપાસ જ ભાજપ શાસનમાં બંધ થઈ ગઈ. સીબીઆઈ અને ઈડી જેવી એજન્સીઓ વરસોની તપાસ પછી આરોપીઓ સામે એક પુરાવો સુદ્ધાં ના શોધી શકી તેનો અર્થ એ થાય કે સીબીઆઈ ને ઈડી જેવી એજન્સીઓએ વરસો લગી તપાસનું નાટક કર્યું ને દેશની તિજોરીના કરોડો રૂપિયાનો ધુમાડો કર્યો. આ ચુકાદાએ કેગની વિશ્વસનયતા સામે પણ શંકા પેદા કરી દીધી હતી.

આ બધું જોતાં સ્પેક્ટ્રમ મામલે હવે કશું પણ શંકાસ્પદ ના થાય એ જરૂરી છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), બુધવાર, તા. ૨૪-૪-૨૦૨૪,
ચૈત્ર કૃષ્ણપક્ષ પ્રારંભ,

- ભારતીય દિનાંક ૪, માહે વૈશાખ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૬મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રે ક. ૨૪-૪૦ સુધી, પછી વિશાખા.
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૧, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૨-૨૭, મધ્યરાત્રે ક. ૦૦-૧૯
- ઓટઃ સાંજે ક. ૧૮-૧૮,
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - પ્રતિપદા. ચૈત્ર કૃષ્ણપક્ષ પ્રારંભ, ઈષ્ટિ, પ્રતિપદા વૃદ્ધિ તિથિ, શુક્ર મેષમાં ક. ૨૩-૫૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ઉપનયન, વૃદ્ધિ તિથિ હોઈ સાંસારિક, માંગલિક કાર્ય વર્જ્ય છે. વાયુદેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક સર્વ શાંતિ પૂજા, માલ લેવો, રત્નધારણ, પશુ લે-વેંચ, બી વાવવું, ધાન્ય ભરવું, વૃક્ષ રોપવા, ઉપવાટિકા બનાવવી. શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ કજિયાખોર
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કુંભ, વક્રી બુધ-મીન, ગુરુ-મેષ (કૃતિકા-૧ ચરણ), શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર

# ભાજપ ટીએમસીના ભ્રષ્ટાચાર અને કટ મની કલ્ચરને બંધ કરશેઃ અમિત શાહ

કરંદીઘી (પશ્ચિમ બંગાળ) : કેન્દ્રીય પ્રધાન અમિત શાહે મંગળવારે પશ્ચિમ બંગાળની તૃણમુલ કૉંગ્રેસ (ટીએમસી)ના નેતૃત્વ હેઠળની સરકારની ભ્રષ્ટાચાર અને ઘૂસણખોરીને મુદ્દે આકરી ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે ફક્ત ભાજપ જ રાજ્યમાં ટીએમસી સરકારના કુશાસનનો અંત લાવી શકે છે. પશ્ચિમ બંગાળના રાયગંજ મતદારસંઘમાં આવતા કરંદિઘી ખાતે રેલીને સંબોધતાં અમિત શાહે કહ્યું હતું કે પશ્ચિમ બંગાળમાંથી લોકસભાની ૩૫ બેઠકો જીતવાનું લક્ષ્યાંક પાર્ટી દ્વારા રાખવામાં આવ્યો છે.

કલકત્તા હાઈ કોર્ટે સોમવારે પોતાના ચુકાદામાં (૨૦૧૬માં શિક્ષક ભરતી પરીક્ષાના માધ્યમથી) રાજ્યમાં કરવામાં આવેલી હજારો નિયુક્તિઓ રદ કરી હતી. શરમની વાત છે કે નોકરીઓ લાખો રૂપિયામાં વેચવામાં આવી હતી. પશ્ચિમ બંગાળમાં આ કટકી સંસ્કૃતિ અને ભ્રષ્ટાચાર ખતમ થવો જોઈએ. ટીએમસી ક્યારેય તેને રોકી શકશે નહીં, ફક્ત ભાજપ જ તેને રોકી શકશે, એમ તેમણે કહ્યું હતું. કૉંગ્રેસ અને તેના નેતાઓ દ્વારા સત્તામાં આવે તો સીએએને ખતમ કરવાનું જે વચન આપવામાં આવ્યું છે તેની ઝાટકણી કાઢતાં તેમણે કહ્યું હતું કે કૉંગ્રેસ કે મમતા બેનરજી સીએએને હાથ લગાવવાની હિંમત કરી શકશે નહીં. કૉંગ્રેસ અને મમતા બેનરજી સીએએના વિરોધમાં છે કેમ કે તેઓ ઘૂસણખોરોને મદદ કરવા માગે છે, એમ પણ તેમણે કહ્યું હતું. આ પહેલાં માલદામાં એક રોડ શો કર્યા બાદ અમિત શાહે કહ્યું હતું કે ટીએમસીના શાસનમાં ઘૂસણખોરી સતત ચાલી રહી છે. મમતા દીદી સીએએનો વિરોધ કરી રહી છે અને શરણાર્થીઓને નાગરિકત્વ આપવા દેતી નથી. જો તમારે ઘૂસણખોરી અને ભ્રષ્ટાચારને ખતમ કરવો હોય તો ભાજપને મતદાન કરજો.

કરંદિઘીની રેલીમાં તેમણે સંદેશખાલીમાં થયેલા મહિલાઓ પરના અત્યાચારના મુદ્દાને સ્પર્શ કરતાં કહ્યું હતું કે મમતા બેનરજી મહિલા મુખ્ય પ્રધાન હોવા છતાં ટીએમસીના નેતાઓ સામે મહિલાના જાતીય સતામણીના બનાવ સામે આવ્યા છતાં તેમણે દોષીને બચાવવાના પ્રયાસો કર્યા હતા.

વર્ષો સુધી તમારા (મમતા બેનરજી) નાક નીચે અત્યાચારો ચાલી રહ્યા હતા. તુષ્ટીકરણ દ્વારા કેટલાક મતો મેળવવા માટે તમે સંદેશખાલીના ગુનેગારોને બચાવી રહ્યા છો, એમ અમિત શાહે કહ્યું હતું. (પીટીઆઈ)

# વિવાદિત સ્મારક ભોજશાળાનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ પૂર્ણ કરવા માટે એએસઆઈએ વધુ આઠ અઠવાડિયાનો સમય માગ્યો

ઈન્દોરઃ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ), જે મધ્ય પ્રદેશ હાઈ કોર્ટના નિર્દેશ પર ધાર જિલ્લામાં મધ્યકાલીન-યુગના ભોજશાળા સંકુલમાં વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરી રહ્યું છે, તેણે કવાયત પૂર્ણ કરવા માટે વધુ આઠ અઠવાડિયાનો સમય માંગ્યો છે.

એએસઆઈએ સોમવારે હાઈ કોર્ટની ઈન્દોર ખંડપીઠ સમક્ષ દાખલ કરેલી અરજીમાં જણાવ્યું હતું કે વિવાદિત જગ્યામાં બાંધકામોના ખુલ્લા ભાગોના સ્વરૂપને સમજવા માટે થોડો વધુ સમય લાગશે.

હિન્દુઓ ૧૧મી સદીના સંરક્ષિત સ્મારક ભોજશાળાને વાગદેવી (દેવી સરસ્વતી)ને સમર્પિત મંદિર માને છે, જ્યારે મુસ્લિમ સમુદાય તેને કમલ મૌલા મસ્જિદ કહે છે.

એએસઆઈએ સાત એપ્રિલ, ૨૦૦૩ના રોજ કરવામાં આવેલી વ્યવસ્થા મુજબ, હિન્દુઓ મંગળવારે ભોજશાળા પરિસરમાં પૂજા કરે છે, જ્યારે મુસ્લિમો શુક્રવારે સંકુલમાં નમાઝ અદા કરે છે.

હાઈ કોર્ટે પહેલાથી જ ભોજશાળા વિવાદ કેસમાં સુનાવણી માટે આગામી તારીખ ૨૯ એપ્રિલ નક્કી કરી છે. એએસઆઈની નવી અરજી પણ તે જ દિવસે સુનાવણી માટે આવે તેવી શક્યતા છે.

હાઈ કોર્ટે ૧૧ માર્ચે એએસઆઈને છ અઠવાડિયાની અંદર ભોજશાળા સંકુલનું "વૈજ્ઞાનિક સર્વેક્ષણ" કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટના નિર્દેશ પર એએસઆઈએ ૨૨ માર્ચે વિવાદિત કોમ્પ્લેક્સનો સર્વે શરૂ કર્યો હતો.

# ભાજપ મોટા વચન આપીને જનતાને છેતરે છેઃ કૉંગ્રેસ

નવી દિલ્હીઃ કૉંગ્રેસે મંગળવારે આક્ષેપ કર્યો હતો કે ભાજપે છત્તીસગઢમાં ગરીબ લોકોને એક યોજના હેઠળ મળતા રેશનનું પ્રમાણ ઘટાડી દીધું છે અને ચૂંટણીના મોટા વચન આપીને જનતાને ફરી છેતરી રહ્યો છે. કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે સવાલો કર્યા હતા કે શું છત્તીસગઢના લોકો માટેના રેશનનો જથ્થો ઘટાડવાની 'મોદીની ગેરન્ટી' છે? મોદી સરકારે છત્તીસગઢના રેશમ ઉદ્યોગને મદદ શું કામ ન કરી? વડા પ્રધાને છત્તીસગઢમાં આદિવાસીઓ માટેની કલ્યાણ યોજનાનો અમલ શું કામ ન કરાવ્યો?

તેમણે જણાવ્યું હતું કે મોદીએ દરેક પરિણીત મહિલાઓને એક યોજના હેઠળ માસિક રૂપિયા ૧,૦૦૦ આપવાની બાંયધરી ૨૦૨૩માંની વિધાનસભાની ચૂંટણી વખતે આપી હતી, પરંતુ બાદમાં આ યોજનામાંથી અસંખ્ય મહિલાઓને બાકાત રખાઇ હતી. તેમણે જણાવ્યું હતું કે છત્તીસગઢનું રેશમ વિશ્વ વિખ્યાત છે, પરંતુ ભાજપની સરકાર રેશમ ઉદ્યોગને જરૂરી સહાય નથી કરતી. કૉંગ્રેસના નેતાએ દાવો કર્યો હતો કે અગાઉની કૉંગ્રેસની સરકારે આદિવાસીઓને વનવિસ્તારનું જતન કરવા અને તેનો લાભ મેળવવા જરૂરી અધિકાર આપ્યા હતા, પરંતુ મોદી સરકારે આ બધી આદિવાસી કલ્યાણ યોજના પર પાણી ફેરવી નાખ્યું હતું. (એજન્સી)

# બંગાળમાં રામનવમીની હિંસા મુદ્દે કોલકાતા હાઈ કોર્ટે લાલઘૂમ, મમતા સરકારની ઝાટકણી કાઢી

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં રામનવમીના દિવસે થયેલી હિંસાને લઈને કોલકત્તા હાઈ કોર્ટે કડક ટીપ્પણી કરી છે, કોર્ટે બંગાળ સરકારને સ્પષ્ટ ચેતવણી આપતા કહ્યું કે તેઓ કે મતદાન ક્ષેત્રમાં લોકસભા ચૂંટણીની મંજૂરી નહીં આપે જ્યાં રામ નવમી સમારોહ દરમિયાન કોમી હિંસા જોવા મળી હતી. મુખ્ય ન્યાયાધીશ ટીએસ શિવગણમની અધ્યક્ષતાવાળી બેંચની આ ટિપ્પણી ૧૭ એપ્રિલે રામ નવમીના શોભાયાત્રા દરમિયાન મુર્શિદાબાદમાં થયેલી હિંસા પર સુનાવણી દરમિયાન આવી છે.

કોર્ટે કહ્યું કે જો લોકો શાંતિ અને સદ્ભાવથી રહી શકતા નથી, તો અમે કહીશું કે ચૂંટણી પંચ આ જિલ્લાઓમાં લોકસભા ચૂંટણી ન કરાવી શકે. આ એકમાત્ર રસ્તો છે. આચારસંહિતા અમલમાં હોવા છતાં જો લોકોના બે જૂથ આમ લડતા હોય તો તેઓ કોઈ ચૂંટાયેલા પ્રતિનિધિઓ કહેવડાવવાને લાયક નથી.

હાઈ કોર્ટે કહ્યું કે ચૂંટણી સાતમી મે અને ૧૩મેના રોજ થવાની છે, અમે કહીશું કે ચૂંટણી યોજાવી જ ન જોઈએ. ચૂંટણીનો શું ફાયદો છે? લોકકાત્તામાં પણ ૨૩ સ્થાન એવા છે જ્યાં ઉજવણી કરવામાં આવી પરંતુ કોઈ અપ્રિય ઘટના નથી.

રાજ્યમાં જો ચૂંટણી આચારસંહિતા અમલી થવા છતાં જો હિંસા થાય તો રાજ્ય પોલીસ શું કરે છે. કેન્દ્રીય ફોર્સ શું કરી રહી છે, બંને અથડામણને રોકી ન શકી અત્યાર સુધીમાં કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે? તેના પર રાજ્ય તરફથી હાજર રહેલા વકીલે કહ્યું કે હવે તપાસ હાથ ધરી છે.

હાઈ કોર્ટે કહ્યું કે અમારો પ્રસ્તાવ છે કે અમે ભારતના ચૂંટણી પંચને ભલામણ કરીશું કે જે લોકો શાંતિથી ઉજવણી ન કરી શકે તેમને ચૂંટણીમાં ભાગ લેવાની મંજૂરી ન આપવી જોઈએ. અમે ચૂંટણી પંચને દરખાસ્ત કરીશું કે બરહામપુર (મુર્શિદાબાદ વિસ્તાર)ની ચૂંટણી મોકૂફ કરવામાં આવે.

હાઈ કોર્ટે વધુમાં કહ્યું કે બંને પક્ષોની આ અસહિષ્ણુતા અસ્વીકાર્ય છે. હાઈ કોર્ટે હિંસા અંગે રિપોર્ટ માંગ્યો છે, ચૂંટણી અટકાવવા અંગે હજુ સુધી કોઈ આદેશ જારી કરવામાં આવ્યો નથી. હવે આ કેસની વધુ સુનાવણી શુક્રવારે હાથ ધરાશે.

# તિહાડ જેલમાં અરવિંદ કેજરીવાલને અપાયું ઇન્સ્યુલિન, આપે નિર્ણયને આવકાર્યો

નવી દિલ્હીઃ દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલનું બ્લડ સુગર વધી જતાં ઇન્સ્યુલિન આપવામાં આવ્યું હતું. તિહાડ જેલના અધિકારીઓએ મંગળવારે આ જાણકારી આપી હતી. જ્યારે આમ આદમી પાર્ટીએ કહ્યું કે ભગવાન હનુમાનજીના આશીર્વાદથી આવું થયું છે. નોંધનીય છે કે મંગળવારે દેશભરમાં હનુમાનજીની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

તિહડ જેલના એક અધિકારીએ જણાવ્યું કે, "ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઇમ્સ)ના ડૉક્ટરોની સલાહ પર કેજરીવાલને સોમવારે સાંજે લો-ડોઝ ઈન્સ્યુલિનના બે યુનિટ આપવામાં આવ્યા હતા. સાંજે લગભગ સાત વાગે તેમનું બ્લડ શુગર લેવલ ૨૧૭ પહોંચ્યું હતું. ત્યારબાદ તિહાડમાં તેમની સારવાર કરી રહેલા ડૉક્ટરોએ તેમને ઇન્સ્યુલિન આપવાનો નિર્ણય કર્યો હતો.

તેમણે કહ્યું કે એઇમ્સના નિષ્ણાતોએ ૨૦ એપ્રિલે મુખ્ય પ્રધાન સાથેની વીડિયો કોન્ફરન્સ દરમિયાન તિહાડના ડૉક્ટરોને સલાહ આપી હતી કે જો કેજરીવાલનું બ્લડ સુગર ચોક્કસ સ્તરથી ઉપર જાય તો તેમને ઇન્સ્યુલિન આપવામાં આવી શકે છે.

દિલ્હી સરકારના પ્રધાન આતિશીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું, "જય બજરંગ બલી. હનુમાન જયંતિ પર સારા સમાચાર પ્રાપ્ત થયા. તિહાડ પ્રશાસને આખરે અરવિંદ કેજરીવાલને ઇન્સ્યુલિન આપ્યું. હનુમાનજીના આશીર્વાદ અને દિલ્હીના લોકોના સંઘર્ષને કારણે આ શક્ય બન્યું છે. સંઘર્ષના આ સમયમાં પણ બજરંગ બલીના આશીર્વાદ આપણા બધા પર રહે છે. દિલ્હી સરકારના પ્રધાન સૌરભ ભારદ્વાજ તેમના મતવિસ્તારમાં હનુમાન જયંતિના અવસરે આયોજિત એક કાર્યક્રમમાં પહોંચ્યા હતા. તેમણે કહ્યું હતું કે હનુમાનજીએ તેમના ભક્ત અરવિંદ કેજરીવાલને ઈન્સ્યુલિન આપ્યું છે.

પહેલા પાનાનું ચાલુ

## કૉંગ્રેસ સંપત્તિનો

આરક્ષણને ઘટાડીને મુસ્લિમોને આપવાનું હતું.

મોદીજી તમને ખુલ્લા હ્રદયે ખાતરી આપી રહ્યા છે કે દલિતો અને પછાત આદિવાસીઓનું આરક્ષણ ક્યારેય ખતમ કરવામાં આવશે નહીં કે પછી તેમને ધર્મના નામે વહેંચી નાખવામાં આવશે નહીં, એમ તેમણે કહ્યું હતું. બંધારણને સમજતા હોવાનું ભારપૂર્વક જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે તેઓ બંધારણને સમર્પિત છે તેમ જ તેના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરની પૂજા કરે છે.

સંપત્તિના ફેરવિતરણ અંગે થયેલા વિવાદ વચ્ચે વડા પ્રધાને ફરી એક વખત કૉંગ્રેસ પર લોકોની સંપત્તિ છીનવીને પસંદગીના લોકોને વહેંચી નાખવાનો આક્ષેપ કર્યો હતો.

મોદીએ કહ્યું હતું કે ત્યારના વડા પ્રધાન ડૉ. મનમોહન સિંહે એક ભાષણમાં કહ્યું હતું કે દેશના સંસાધનો પર મુસ્લિમોનો પહેલો અધિકાર છે. એ કોઈ સંયોગ નહોતો. આ ફક્ત એક જ નિવેદન નથી. કૉંગ્રેસની વિચારધારા કાયમ વોટ બૅન્ક નીતિ અને તુષ્ટીકરણની રાજનીતિ રહી છે.

આંધ્ર પ્રદેશમાં મુસ્લિમોને આરક્ષણ આપવાનો કૉંગ્રેસનો પાઈલટ પ્રોજેક્ટ હતો અને ૨૦૦૪થી ૨૦૧૦ની વચ્ચે ચાર વખત મુસ્લિમોને આરક્ષણ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ કાનૂની અવરોધો અને સુપ્રીમ કોર્ટની જાગૃતીને કારણે તેઓ પોતાના ઈરાદામાં સફળ થયા નહોતા, એમ પણ તેમણે કહ્યું હતું.

૨૦૧૧માં તેમણે આખા દેશમાં આવી રીતે આરક્ષણ આપવાનો પ્રયાસ કર્યો હતો. તેઓ એસસી, એસટી અને ઓબીસીને આપવામાં આવેલા અધિકારો છીનવીને અન્યોને આપીને પોતાની વોટ બૅન્કની રાજનીતિ કરવા માગતા હતા. કૉંગ્રેસે બંધારણ અને બાબાસાહેબ આંબેડકરની પરવા કર્યા વગર આ ઈરાદાપૂર્વક કર્યું હતું, એમ તેમણે કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે કર્ણાટકમાં ભાજપની સરકારને તક મળી એટલે સૌથી પહેલાં તેમણે એસસી અને એસટી પાસેથી છીનવીને મુસ્લિમોને આપવામાં આવેલી અનામત રદ કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે એસસી-એસટીની અનામતની બંધારણીય મર્યાદા ૨૦૨૦માં પૂરી થઈ ત્યારે ભાજપની સરકારે તેને ૧૦ વર્ષ માટે લંબાવી આપી હતી.

તેમણે કહ્યું હતું કે જ્યારે મેં તેમની સચ્ચાઈ જાહેર કરી નાખી ત્યારે બધે મને ગાળો ભાંડવામાં આવે છે. તમે નીતિ ઘડી છે અને એજન્ડા નક્કી કરી નાખ્યો છે તો એને ગુપ્ત શા માટે રાખો છો? જ્યારે તમારો ગુપ્ત એજન્ડા બહાર આવી ગયો તો હવે તમે થથરી રહ્યા છો?

તેમણે કહ્યું કે તેમના ચૂંટણી ઢંઢેરામાં જ લખ્યું છે કે તેઓ સંપત્તિનું સર્વેક્ષણ કરાવશે. તેમના એક નેતા જાહેરમાં બોલ્યા છે કે સંપત્તિનો એક્સ-રે કરવામાં આવશે. આનો અર્થ એવો થાય છે કે કોઈ વસ્તુ બોક્સમાં રાખી હોય કે દીવાલમાં સંતાડી રાખી હોય તો તેનો એક્સ-રે દ્વારા તેની તપાસ કરવામાં આવશે અને પછી તમારી બધી જ સંપત્તિને જપ્ત કરવામાં આવશે અને પછી પોતાના લોકોમાં તેને વિતરિત કરી નાખવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે કૉંગ્રેસ પર રાજસ્થાનમાં તેમના કાર્યકાળમાં માલપુરા, કરૌલી, છાબરા, ટોંક અને જોધપુરને રમખાણોની આગમાં ધકેલી દેવાનો ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે કૉંગ્રેસના શાસનમાં હનુમાન ચાલીસા સાંભળવી ગુનો બનતો હતો. રામ નવમીની શોભાયાત્રા પર પથ્થરમારો થતો હતો. હવે ભાજપની સરકાર આવ્યા બાદ કોઈનામાં હિંમત નથી કે તમારા ધર્મ સામે વાંધો ઉઠાવે. હવે તમે હનુમાન ચાલીસા ગાઈ શકો છો અને રામ નવમીની ઉજવણી કરી શકો છો. આ છે ભાજપની ગેરેન્ટી.

## સૈયદના મુફદ્દલ

આધારિત છે અને ભાવનાઓને ધ્યાનમાં લઇને નથી લેવામાં આવ્યો.

ઉલ્લેખનીય છે કે આ કેસમાં અરજદાર તરફથી સિનિયર એડ્વોકેટ આર.એમ.કદમ જ્યારે બચાવ પક્ષ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન તરફથી સિનિયર એડ્વોકેટ જે.ડી.દ્વારકાદાસ અદાલતમાં હાજર રહ્યા હતા. આ અરજીમાં સૈયદના કુઝૈમા કુતબુદ્દીને તેમના ભાઇ તેમ જ દાઉદી વહોરા સમુદાયના બાવનમા દાઇ-અલ-મુતલક સૈયદના મોહમ્મદ બુર્હાનુદ્દીન દ્વારા પોતાને ૫૩મા દાઇ-અલ-મુતલક તરીકે નિમવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

જોકે, ૧૭ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ સૈયદના મુફદ્દલ સૈફુદ્દીને તેમના પિતા તેમ જ બાવનમા દાઇ-અલ-મુતલકના મૃત્યુ બાદ પોતાને ૫૩મા દાઇ-અલ-મુતલક જાહેર કરી સમુદાયની મિલકતનો તાબો લઇ લીધો હોવાનું અરજીમાં જણાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત અરજીમાં સૈયદના મુફદ્દલને દાઉદી વહોરા સમુદાયની મિલકતો જેમ કે સૈફી મસ્જિદ, રૌદત તાહેરા, સમુદાયની મસ્જિદો, દારુલ-ઇમારત, કોમ્યુનિટી હૉલ, મૌસેલમ, શાળાઓ, કોલેજો અને કબ્રસ્તાનમાં પ્રવેશ ન આપવાનો આદેશ આપવાની વિનંતી પણ અરજીમાં કરવામાં આવી હતી. અરજીમાં સૈયદના કુતબુદ્દીન દ્વારા પોતાને ૫૩મા દાઇ-અલ-મુતલક જાહેર કરવામાં આવે અને સમુદાયની બધી જ સ્થાવર અને જંગમ મિલકત પર હક્ક આપવાનું પણ જણાવવામાં આવ્યું હતું.

જોકે, આ કેસની સુનાવણી હજી ચાલી રહી હતી ત્યારે ૨૦૧૬માં સૈયદના કુતબુદ્દીનનું મૃત્યુ થયું હતું, ત્યારબાદ તેમના પુત્ર સૈયદના તાહેર ફકરુદ્દીન દ્વારા તેમના પિતાની જગ્યાએ પોતે ખટલો લડવાની પરવાનગી માગતી અરજી કરી હતી. સૈયદના ફકરુદ્દીને અરજીમાં દાવો કર્યો હતો કે તેમના પિતાએ તેમને ૫૪મા દાઇ-અલ-મુતલક નિમ્યા છે. જ્યારે સૈયદના મુફદ્દલે પોતાના બચાવમાં દાવો કર્યો હતો કે ૨૦૧૧માં જ્યારે તેમના પિતા લંડનમાં હતા ત્યારે તેમણે પોતાને દાઇ-અલ-મુતલક નિમ્યા હતા અને પખવાડિયા બાદ મુંબઈમાં તેની જાહેરાત પણ કરી હતી. હાઇ કોર્ટે સૈયદના મુફદ્દલની દલીલ માન્ય રાખતા તેમના પક્ષમાં ફેંસલો આપી દાયકા જૂની કાયદાકીય લડતને સમાપ્ત કરી હતી.

## કર્ણાટક કૉંગ્રેસના

અને જમીન સોદામાં કરવામાં આવેલી છેતરપિંડીના આક્ષેપો સંબંધિત મનીલૉન્ડરિંગની તપાસના ભાગરૂપ ઈડીએ ૧૦ ફેબ્રુઆરીએ નારા ભરત રેડ્ડી અને તેની સાથે સંકળાયેલા લોકોનાં કર્ણાટક તેમ જ પડોશી આંધ્ર પ્રદેશસ્થિત નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન ભરત રેડ્ડી, તેના અંગત સહાયક રત્ના બાબુ તેમ જ અન્યોની સંડોવણી પુરવાર કરતા મહત્ત્વના પુરાવાઓ તેમ જ રૂ. ૩૧ લાખની બિનહિસાબી રોકડ રકમ જપ્ત કરવામાં આવી હોવાનું ઈડા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. મળી આવેલા પુરાવા મુજબ ભરત રેડ્ડીએ વિધાનસભાની ચૂંટણી અગાઉ થોડાક જ મહિનાઓમાં મતદારોમાં વહેંચવા તેમ જ પક્ષમાંથી ટિકિટ મેળવવા સહિત ચૂંટણી સંબંધિત અન્ય ખર્ચ માટે અંદાજે રૂ. ૪૨ કરોડની રોકડરકમનું ગેરકાયદે ટ્રાન્ઝેક્શન કર્યું હતું. (એજન્સી)

## કેજરીવાલ, કવિતાને

ઇડી દ્વારા કરાઇ રહી છે. દરમિયાન, અરવિંદ કેજરીવાલે પોતાની આ પ્રકરણમાંની ધરપકડ અને રિમાન્ડને પડકારતી કરેલી અરજીની સુનાવણી સર્વોચ્ચ અદાલત દ્વારા ૨૯ એપ્રિલે કરવામાં આવશે. ત્રણે આરોપીની તિહાડ જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ન્યાયાધીશ કાવેરી બાવેજાએ સુનાવણી કરી હતી અને તેઓને સાતમી મે સુધી અદાલતની કસ્ટડીમાં જ રાખવાનો હુકમ કર્યો હતો. તિહાડ જેલમાંની અરવિંદ કેજરીવાલની કહેવાતી બગડેલી તબિયતને લઇને આમ આદમી પક્ષ (આપ)ના નેતાઓ જેલની બહાર ભારે ધાંધલધમાલ કરી રહ્યા છે. તેઓ આક્ષેપ કરે છે કે દિલ્હીના મુખ્ય પ્રધાનમાંનું શૂગર લેવલ વધી જતું હોવા છતાં જેલના સત્તાવાળાઓ તેમને ઇન્સ્યુલીન નથી આપતા.અરવિંદ કેજરીવાલના પત્ની સુનીતાએ હનુમાનજયંતી નિમિત્તે હનુમાનજીના મંદિરમાં પૂજા કરી હતી અને જણાવ્યું હતું કે મેં પ્રાર્થના કરી હતી કે હનુમાનજી અમારા કષ્ટ દૂર કરે.

# આંદોલનના સમાધાનનો કોઈ રસ્તો જ નથીઃ ભાજપી આગેવાનોની બેઠકો વચ્ચે ક્ષત્રિય નેતાઓનું રટણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભાજપના રૂપાલા સામે ચાલી રહેલું ક્ષત્રિયોનું આંદોલન પાર્ટ ટુ શરૂ થયા બાદ ભાજપના આગેવાનો દ્વારા શરૂ થયેલા મનામાણા પાર્ટ ટુ અંગે કેટલાક ક્ષત્રિય અગ્રણીઓએ અસંતોષ વ્યક્ત કર્યો છે એટલું જ નહીં રૂપાલાના મામલે સમાધાનના તમામ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હોવાનું જણાવીને આંદોલન પાર્ટ ટુ ચાલુ રહેશે એવો હૂંકાર ભણ્યો છે.

ભાજપ દ્વારા ક્ષત્રિયોને મનાવવા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે. ક્ષત્રિય સંકલન સમિતિના સભ્યો સાથે સતત બેઠકો કરવામાં આવી રહી છે. બીજી બાજુ સંકલન સમિતિના કેટલાક સભ્યો ભાજપમાં જોડાવાના સમાચાર વહેતા થયા હતા. ક્ષત્રિય સંકલન સમિતિએ સ્પષ્ટતા કરી હતી કે, આ વાત ખોટી છે અને સંકલન સમિતિના સભ્યો ભાજપમાં નહિ જોડાય. ક્ષત્રિય આગેવાન પી.ટી. જાડેજાએ કહ્યું હતું કે, પુરુષોત્તમ રૂપાલાને ટિકિટ પરત ખેંચી લેવા અમે સમય આપ્યો હતો, પરંતુ રૂપાલા ચૂંટણી લડવાના છે તે હવે ફાઇનલ થઈ ગયું છે. તમારે જે કરવું હોય તે કરી લેજો હું તો લડવાનો જ છું આવું રૂપાલા કહેવા માગે છે. હવે અમારું આ ધર્મયુદ્ધ શરૂ થયું છે. અમારા ઘરના ચૂલા સુધી હવે પહોંચી ગયા છે. ૧૮-૧૮ વોર્ડમાં કાર્યાલય ખોલવામાં આવશે. દરેક તાલુકા અને વોર્ડ પ્રમાણે પ્રમુખોની નિમણૂંક કરવામાં આવશે.

રાજ્યમાં ક્ષત્રિયોને મનાવવા ભાજપ તમામ પ્રયાસ કરી રહ્યું છે. ક્ષત્રિય સંકલન સમિતિના સભ્યો સાથે ભાજપ સતત બેઠક કરી રહ્યું છે. રાજકીય સૂત્રો તરફથી મળેલી જાણકારી પ્રમાણે ગાંધીનગરમાં પ્રધાનોના નિવાસસ્થાને સમિતિના સભ્યો જોવા મળ્યા હતા. સંકલન સમિતિના બે સભ્યોએ પ્રધાન નિવાસસ્થાને બેઠક કરી હતી. સવારે સાડા છ વાગ્યાથી સાડા સાત વાગ્યા સુધી બેઠક કરી હતી. છેલ્લા મહિનાથી રાજકોટ ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના વિરોધમાં કાર્યક્રમમો યોજાઈ રહ્યા છે. ભાજપ આ મામલાને ઉકેલવા માગે છે. ત્યારે આ વચ્ચે સંકલન સમિતિના સભ્યોની ભાજપમાં જોડાવાની ચર્ચા ઉઠી હતી. આ અંગે ક્ષત્રિય સંકલન સમિતિના યુવા પ્રમુખ સુરેન્દ્રસિંહ જાડેજાએ સ્પષ્ટતા કરતા કહ્યું હતુ કે, સંકલન સમિતિના દરેક સભ્ય પોતાના સ્ટેન્ડ પર કાયમ છે, ભાજપમાં જોડાવાની કોઇ વાત નથી. મંગળવારે ચાર ભાજપ વિરોધી મતદાન કરવા પણ આહવાન કર્યું છે, એવું ક્ષત્રિય સંકલન સમિતિના યુવા પ્રમુખ સુરેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

બીજી બાજુ ગુજરાત ભાજપે ડેમેજ કન્ટ્રોલ કરવાની શરૂઆત કરી છે. બે દિવસથી ભાજપના દિગ્ગજ નેતાઓએ સૌરાષ્ટ્રમા ક્ષત્રિય આગેવાનો સાથે મુલાકાત કરી રહ્યાં છે.

ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવી અને ભાજપના પ્રભારી રત્નાકરે બે દિવસમાં પાંચ વિધનાસભા બેઠકો પર ક્ષત્રિય આગેવાનો સાથે બંધબારણે બેઠક કરીને તેમને મનાવવાના પ્રયાસ ચાલી રહ્યાં છે.

# નાની મોટી વાતને દરગુજર કરોઃ રૂપાલાની વધુ એક વાર માફી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃગુજરાતમાં રાજકોટ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહેલા ભાજપના નેતા અને કેન્દ્રીય પ્રધાન પુરુષોત્તમ રૂપાલા સામે હવે ક્ષત્રિય સામજનું આંદોલન પાર્ટ-૨ શરૂ થયું છે ત્યારે રુપાલાએ ફરી એક વાર ક્ષત્રિય સમાજની માફી માંગી છે. પડધરીમાં એક રેલીને સંબોધતા તેમણે જય ભવાનીના સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.

પડધરીના ટંકારામાં રૂપાલાએ સભા સંબોધતા કહ્યું હતું કે, મોદી સાહેબના હાથ મજબૂત કરવા સમર્થ ભારત બનાવવા માટે ભારતીય જનતા પાર્ટીને મત આપવો જોઇએ. નાની મોટી વાતને માફ કરવી જોઇએ. આ અગાઉ તેમણે રાજકોટની સભામાં જય ભવાની જય શિવાજીના નારા પણ લગાવ્યા હતા.

દરમિયાન રૂપાલાનો રોડ શો મોરબીના રવાપર રોડ પર હનુમાન ચાલીસા કથા ગ્રાઉન્ડથી શરૂ કરવામાં આવ્યો હતો. રૂપાલાએ સભા સંબોધન કરતા કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા અને વડા પ્રધાનના ઉમેદવાર કોણ છે તે કોઈને ખબર નથી તેવો કટાક્ષ કર્યો હતો. રાજકોટ બેઠક પર ૧૦૦ ટકા મતદાન થશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# કચ્છમાં ક્ષત્રિયોના રોષને ખાળવા ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ભુજમાં ખાસ બેઠક યોજી

ભુજ:રાજકોટની લોકસભા બેઠક માટે ભાજપના ઉમેદવાર પુરુસોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલી અણછાજતી ટીપ્પણી બાદ સમસ્ત રાજપૂત ક્ષત્રિય સમાજ દ્વારા શરૂ કરવામાં આવેલું આંદોલન રૂપાલાની ઉમેદવારી પરત ના ખેંચાતા વધુ ઉગ્ર બની ચૂક્યું છે. ચૂંટણીના ગરમાયેલા માહોલ વચ્ચે કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં રાજપૂત ક્ષત્રિય સમાજ દ્વારા ઠેર ઠેર ભાજપના ઉમેદવારો સામે વિરોધ દર્શાવાઈ રહ્યો છે. ત્યારે, આ આંદોલન સામે નરમ રહી કેવી રીતે કામ પાર પાડવું તે અંગે ભાજપે ક્ષત્રિય સમાજનું પ્રભુત્વ ધરાવતી રાજ્યની પાંચ બેઠકો માટે તાબડતોડ શરૂ કરેલી ડેમેજ કંટ્રોલ એક્સરસાઇઝ અંતર્ગત નખત્રાણામાં મુખ્યમંત્રીની પ્રચારસભા પૂર્ણ થયાં બાદ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર ભુજ દોડી આવ્યાં હતાં અને સાંજે શહેરના એરપોર્ટ રોડ પર આવેલી એક ખાનગી હોટેલમાં સંગઠનના કાર્યકરો અને તમામ ધારાસભ્યો સહિતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી તેમને જરૂરી સૂચનો સાથે માર્ગદર્શન આપ્યું હતું. ક્ષત્રિય સમાજના સ્થાનિક આગેવાનો સાથે સંવાદ કેળવીને નરમાશથી વર્તી બને તેટલી સમજાવટ અને ઠાવકાઈથી કામ લેવા સહિતના સૂચન કર્યાં હતાં.

આ બેઠકમાં અન્ય ધારાસભ્યો સાથે અબડાસા અને રાપરના ક્ષત્રિય ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ, પૂર્વ પ્રમુખ લક્ષ્મણસિંહ સોઢા, ત્રીજી વાર ચૂંટણી જંગમાં ઝંપલાવનાર વર્તમાન સાંસદ વિનોદ ચાવડા, પ્રમુખ દેવજીભાઈ વરચંદ સહિતના આગેવાનો બેઠકમાં જોડાયાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છમાં પણ ક્ષત્રિય સમાજની નોંધપાત્ર વસતિ છે, કચ્છના રાજપરિવારે પણ રૂપાલાએ કરેલા નિવેદન સામે નારાજગી વ્યક્ત કરી હતી જે ભાજપને ભારે પડી શકે તેમ છે. હાઈપ્રોફાઈલ સંસદ એવા વિનોદ ચાવડા સામે પણ ઠેર ઠેર વિરોધ થઈ રહ્યો છે. ક્ષત્રિય સમાજે બુધવારથી ખાસ ધર્મ રથયાત્રા કાઢવાનું પણ આયોજન કર્યું છે. ક્ષત્રિયોના આંદોલનમાં અન્ય સમાજના લોકોને પણ જોડાવાના આયોજનથી ભાજપની છાવણીમાં ઉચાટ પ્રવર્તી રહ્યો છે.

# સુરતમાં ભાજપની બિનહરીફ જીતને કૉંગ્રેસ કોર્ટમાં પડકારશેઃ ગુજરાતમાંથી હાઇકમાન્ડે વિગતો માગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ભાજપ પક્ષના ઉમેદવાર મુકેશ દલાલની બિન હરીફ જીત બાદ કૉંગ્રેસ હવે ચંદીગઢ મેયરની ચૂંટણીની તર્જ પર આ મામલાને કોર્ટમાં લઈ જવાની તૈયારી કરી રહી છે. ચૂંટણી પંચ સમક્ષ સુરતનો મુદ્દો ઉઠાવ્યા બાદ કૉંગ્રેસની લીગલ ટીમ તેના પર વિચાર-વિમર્શ કરી રહી છે.

કૉંગ્રેસના એક સિનિયર નેતાએ મુંબઇ સમાચાર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, સુરતમાં થયેલા આખા ઘટનાક્રમની દિલ્હી હાઇકમાન્ડે વિગતો મંગાવી છે. તેમજ સુરત બેઠકના રીટર્નિંગ ઓફિસર દ્વારા લેવાયેલા ઝડપી નિર્ણય તેમજ તેની આગળની તમામ પ્રક્રિયા અંગે હાઇકમાન્ડને કેટલીક વિગતો અપાઇ હતી પરંતુ હજુ કાનૂની પ્રક્રિયા માટેના દસ્તાવેજો સહિતની સામગ્રી પણ મેળવવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ મામલાને કોર્ટમાં પડકારવાનો નિર્દેશ આપતા કહ્યું હતુ કે કાયદાકીય વિકલ્પો ખુલ્લા રાખવામાં આવશે. સુરતમાં ઉમેદવારી પત્રોની ચકાસણી દરમિયાન કૉંગ્રેસના ઉમેદવારના ત્રણ પ્રસ્તાવકોની સહીઓ નકલી હોવાનો વાંધો ઉઠાવવામાં આવ્યો હતો, ત્યારબાદ પહેલાં કૉંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીના ટેકેદારો ગુમ થયા હતા અને ત્યારબાદ ઉમેદવારી રદ કરવામાં આવી હતી. દરમિયાન, ૨૨ એપ્રિલે, મેદાનમાં બાકી રહેલા અન્ય આઠ ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્રો પાછા ખેંચી લીધા હતા. છેલ્લે બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર પ્યારેલાલ ભારતીએ પોતાનું નામાંકન પાછું ખેંચ્યું હતું. પ્યારેલાલ ભારતીએ ઉમેદવારી પાછી ખેંચી લીધા બાદ માત્ર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ જ મેદાનમાં રહ્યા હતા. સુરતના ચૂંટણી અધિકારી સૌરભ પારગીએ તેમને બિનહરિફ જાહેર કર્યા અને તેમને વિજયનું પ્રમાણપત્ર આપ્યું હતું. કૉંગ્રેસ હવે સુરતના કેસને હાઈ કોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં પડકારવાનું વિચારી રહી છે.

# સુરતમાં ઉમેદવારી ફોર્મ રદ થવામાં કુંભાણી જ શંકાના દાયરામાંઃ રહેઠાણ પર કૉંગ્રેસનો હલ્લાબોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના રાજકીય ઇતિહાસમાં સંભવતઃ પહેલી વાર બિનહરિફ વિજયી થયેલા સુરત બેઠકના ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ સામે ઉમેદવારી નોંધાવનારાં કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ઉમેદવારી પત્ર રદ થવામાં હવે ખૂદ કુંભાણી સામે જ આંગળી ચિંધાઇ રહી છે.

પોતાના નજીકના સગાં સંબંધીઓને જ ટેકેદાર બનાવ્યા બાદ રાતોરાત તેઓ ફરી ગયાં બાદ ઉમેદવારી પત્ર રદ થયાં પછી પણ કુંભાણીની હિલચાલ શંકાસ્પદ દેખાતાં હવે કોંગ્રેસનાં નેતાઓ પણ સ્તબ્ધ થઇ ગયાં છે બીજી બાજુ કુભાણી હવે ભાજપમાં જોડાઇ રહ્યાં હોવાની વાત ઉડતા તેમના પર કૉંગ્રેસી કાર્યકરોની પણ ભીંસ વધી રહી છે. કૉંગ્રેસના કાર્યકરોએ આજે કુંભાણીના નિવાસસ્થાને હલ્લાબોલ બોલાવીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. નિલેશ કુંભાણી ભાજપ વિરુદ્ધ હાઈ કોર્ટમાં એફિડેવિટ નહિ કરે તો કૉંગ્રેસ દ્વારા તેમને સસ્પેન્ડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે એવું પણ કહેવાઇ રહ્યું છે.

સુરતમાં નિલેશ કુંભાણીના ઘર બહાર કૉંગ્રેસના કોર્પોરેટરોએ દેખાવો કર્યા હતા. કુંભાણીના ઘરે ગદ્દાર અને લોકશાહીના હત્યારાના બેનર લાગ્યા હતા.

વિરોધ કરતા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. બીજી બાજુ કુંભાણી પોતાના નિવાસસ્થાનને તાળું મારીને ભૂગર્ભમાં ઊતરી ગયાં હોવાનું જાણવા મળ્યું છે, નિલેશ કુંભાણી ક્યાં છે તેની કોઈને ખબર નથી. શહેરના પ્રમુખને પણ નથી ખબર કે કુંભાણી ક્યાં છે. જેમાં દિનેશ સાવલિયા અને ભારતી પટેલે વિરોધ નોંધાવ્યો હતો. ભાજપમાં જોડાવાની વાત વચ્ચે કુંભાણી સંપર્કવિહોણા થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, નિલેશ કુંભાણી સુરત લોકસભા બેઠકના કૉંગ્રેસના ઉમેદવાર હતા, પરંતુ ટેકેદારોનો વાંધો આવતા આ બેઠક સીધી રીતે ભાજપ પાસે ગઈ હતી. જેમાં કુંભાણીએ કૉંગ્રેસની ગેમ કરી નાખ્યાનો આરોપ ઊઠ્યો છે.

કૉંગ્રેસ તરફથી નિવેદન આવ્યું છે કે, જો આ વચ્ચે કુંભાણી ભાજપમાં જોડાશે તેવી માહિતી સામે આવી છે. સુરત લોકસભાની બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ થયા છે. સુરત લોકસભા બેઠક પર છેલ્લા બે દિવસથી ચાલી રહેલા રાજકીય ડ્રામાને અંતે રવિવારે બપોરે ચૂંટણી અધિકારી ડૉ. સૌરભ પારધીએ કૉંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ જાહેર કર્યું હતું, જ્યારે ભાજપના ઉમેદવાર સહિત કુલ ૯ ઉમેદવાર ચૂંટણી મેદાને હતા. ઉમેદવારોને ઉમેદવારી ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી સૌપ્રથમ શરૂઆતમાં જ પક્ષ વિપક્ષ સહિત સાત લોકોએ ઉમેદવારી પરત ખેંચી લીધી હતી ત્યારે બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર સંપર્કવિહોણા થઈ ગયા હતા.

અંતે બહુજન સમાજના ઉમેદવારે પણ ઉમેદવારી પરત ખેંચી લેતા ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને જિલ્લા કલેક્ટરે વિજેતા જાહેર કર્યા હતા.

# ગુજરાતમાં પ્રિયંકા ગાંધી ચૂંટણી પ્રચાર કરશેઃ કૉંગ્રેસની સ્ટાર પ્રચારકોની યાદી જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના પ્રચાર માટે કૉંગ્રેસે સ્ટાર પ્રચારકોનું લિસ્ટ જાહેર કર્યું હતું. ગુજરાતમાં લોકસભા અને વિધાનસભા પેટા ચૂંટણી માટે કૉંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી હતી. જેમાં કૉંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગુજરાતમાં લોકસભાની ચૂંટણી અને વિધાનસભાની પેટા ચૂંટણી માટે સ્ટાર પ્રચારોમાં નેશનલ કૉંગ્રેસના નેતાઓ સામેલ છે. જેમાં એઆઈસીસી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સ્ટાર પ્રચારક છે. તો પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મહામંત્રી પ્રિયંકા ગાંધી પણ સ્ટાર પ્રચારક બન્યા છે. કેસી વેણુગોપાલ, મુકુલ વાસનીક, અશોક ગહેલોતનો પણ લિસ્ટમાં સમાવેશ કરાયો છે. આ ઉપરાંત રણદિપ સુરજેવાલ, સચિન પાયલટ, ઉષા નાયડુ, રામકિશન ઓઝા સ્ટાર પ્રચારકની યાદીમાં સામેલ છે. ગુજરાત કૉંગ્રેસ અધ્યક્ષ શક્તિસિહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા સ્ટાર પ્રચારકની યાદીમાં સામેલ છે. આ ઉપરાંત જગદીશ ઠાકોર, સિધ્ધાર્થ પટેલ, ભરત સોલંકી, દિપક બાબરીયા, મધુસુદન મિસ્ત્રી, અમીબેન યાજ્ઞિકનો સમાવેશ કરાયો છે. ઉપરાંત શૈલેષ પરમાર, લલિત કગથરા, ઇન્દ્રવિજય સિંહ ગોહિલ, જિગ્નેશ મેવાણી, કાદીર પીરજાદા, ગૌરવ પંડ્યા, પરેશ ધાનાણી, સુખરામ રાઠવા, મુમતાઝ પટેલ, લાલજી દેસાઈ, બીવી શ્રીનિવાસ, અલકા લાંબા, ઇમરાન પ્રતાપ ગઢી, વિમલ ચુડાસમા, દિનેશ ઠાકોર, ચંદ્રીકા ચુડાસમા, પુંજાભાઇ વંશ, ગ્યાસુદ્દીન શેખ, ઇન્દ્રનિલ રાજ્ય ગુરુ, રઘુ ભાઇ દેસાઇ અને નિશિથ વ્યાસ કૉંગ્રેસના સ્ટાર પ્રચારક બનાવાયા છે.

# અમદાવાદ પશ્ચિમ બેઠકના કૉંગ્રેસના ચૂંટણી કાર્યાલયનો ₹ ૪.૭૭ લાખનો ટેક્સ બાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર પશ્ચિમ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવારો સામે ભાજપ દ્વારા ચૂંટણી અધિકારી સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં કોંગ્રેસના ઉમેદવાર દ્વારા શરૂ કરવામાં આવેલા મધ્યસ્થ કાર્યાલયનો ટેક્સ બાકી હોવાથી તેની તપાસ કરાવી મિલકતને સીલ મારી વપરાશ માટે બંધ કરાવવા ભલામણ કરી હતી. ઉપરાંત મિલકત ટ્રસ્ટની હોવાથી ભાડે આપી હોય તો તેનો ભાડા કરાર કરાવ્યો ન હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાજપના શહેર મહામંત્રી ભૂષણ ભટ્ટે અમદાવાદ પશ્ચિમ લોકસભા બેઠકના ચૂંટણી અધિકારી સમક્ષ કોંગ્રેસના ઉમેદવારના મધ્યસ્થ કાર્યાલયના ભાડા કરાર અને મ્યુનિ.ના બાકી ટેક્સ અંગે ચકાસણી કરાવી યોગ્ય કાર્યવાહી કરવા માટે રજૂઆત કરી હતી. તેમણે રજૂઆતમાં જણાવ્યું હતું કે, ભારતના ચૂંટણી પંચે ચૂંટણી ન્યાયિક અને લોકશાહી બંધારણીય રીતે થાય તે અંગે અમુક પ્રકારના નીતિ નિયમો પણ બનાવેલા છે અને જેનું આદર્શ પાલન ઉમેદવારે કે પક્ષે કરવાનું હોય છે. ઉમેદવાર કે પાર્ટી ચૂંટણી સમયે કોઈ પણ પ્રકારે સરકારના બાકીદાર ન હોવા જોઈએ એવો નિયમ છે અને જો બાકીદાર હોય તો તપાસ કરાવી ઘટતી કાર્યવાહી કરવી પડે.

અમદાવાદ પશ્ચિમ લોકસભા મત વિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર ભરત મકવાણાએ ઉમેદવારી નોંધાવેલી છે અને તેઓએ ચૂંટણીનું મધ્યસ્થ કાર્યાલય ન્યુ ક્લોથ માર્કેટ સામે અફઝલખાનના ટેકરા પાસે બનાવેલું છે. આ મિલકત જાહેર ટ્રસ્ટની મિલકત છે અને તેનો રૂ. ૪૭૭૮૩૦નો ટેક્સ બાકી છે. મિલકતના કબજેદાર હરિહર કુંજબિહારી કે.એન્ડ રમણલાલ શ્રી કર્ણમુક્તેશ્વર મહાદેવ છે. જેથી ભાજપે ભલામણ કરી હતી કે, આ ટ્રસ્ટે જો મિલકત ભાડે આપી હોય તો તેનો ભાડા કરાર કરાવેલો નથી. ઉપરાંત ટેક્સની રકમ બાકી હોવાથી તપાસ કરાવી બાકી ટેક્સ હોય તો વસૂલ કરવા અથવા તો આ મિલકતને સીલ મારી વપરાશ બંધ કરાવવા માટે માગ કરી છે.

# દિલ્હી-મુંબઈ રેલ લાઇન પર લીમખેડા પાસે ટ્રેનનું કપલિંગ તૂટતાં બે વેગન છૂટાં પડ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પાણીયા રેલવે ફાટક નજીક ડાઉન લાઇન પર જતી માલગાડીના ડબ્બા અધવચ્ચે કપ્લરમાંથી છુટ્ટા પડી જતા દોડધામ મચી જવા પામી હતી. માલગાડીમાં સવાર રેલવેના કર્મચારીઓએ ડબ્બાને ફરી જોડતા માલગાડી આગળ રવાના કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પાણીયા ખાતે આવેલ રેલવે ફાટક નંબર એલસી ૩૨ નજીક ડાઉન લાઈન પર બપોરના ૧૨:૩૫ મિનિટના અરસામાં કોલસા ભરેલ માલગાડી પસાર થઈ રહી હતી. તે દરમિયાન માલગાડીના ડબ્બાને જોડતા કપ્લરમાંથી માલ ગાડીના ડબ્બા અધ વચ્ચેથી છૂટા પડી જતા એન્જિન સાથે જોડાયેલા ડબ્બાઓ આગળ જતા રહ્યા હતા. જ્યારે પાછળના ડબ્બાઓ થોડે દૂર જઈને ઊભા રહી ગયા હતા.ટ્રેનની પાછળ ફરજ બજાવતા ગાર્ડ દ્વારા વોકીટોકીથી તાત્કાલિક ટ્રેનના એન્જિનના પાયલોટને આ ઘટનાની જાણ કરાતા માલગાડી ટ્રેનને રોકી દેવામાં આવી હતી. આ સમગ્ર ઘટનાની જાણ રેલવે માલગાડીમાં ફરજ બજાવતા કર્મચારીઓએ પોતાના ઉચ્ચ અધિકારીઓને કરી હતી. ત્યારબાદ ટ્રેનના ડબ્બાઓ સાથે આગળ જતી રહેલ માલગાડીને રિવર્સમાં પાછળ લાવવામાં આવી હતી.

ફરીથી માલગાડીના ડબ્બાઓને એકબીજા સાથે જોડવાની કામગીરી રેલવે માલગાડીના પાયલોટ અને ગાર્ડ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

ભારે જહેમત બાદ માલગાડીના ડબ્બાઓ એકબીજા સાથે કપલરની મદદથી જોડવામાં આવ્યા હતા. માલગાડીના ડબ્બા બરાબર જોડાયા હોવાની બરાબર ચકાસણી કર્યા બાદ માલ ગાડીને ફરીથી આગળ લઈ જવામાં આવી હતી.

# ગુજરાતમાં ગુજરાતી માધ્યમ કરતાં અંગ્રેજી માધ્યમની શાળા કરવાની અરજીઓ વધારે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નવી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટેની અરજીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. શિક્ષણ બોર્ડને નવી ખાનગી શાળાઓ શરૂ કરવા માટે ચાલુ વર્ષે ૪૨૬ અરજીઓ મળી હતી.

ગત વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષની અરજીઓની સંખ્યામાં ૬૯નો વધારો થયો હતો. શિક્ષણ બોર્ડને ગત વર્ષે નવી શાળા શરૂ કરવા માટે ૩૫૭ જેટલી અરજીઓ મળી હતી. આ વખતે શિક્ષણ બોર્ડને નવી શાળાઓ શરુ કરવા માટે ૨૪૧ અરજીઓ મળી હતી જ્યારે ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે ૧૮૫ અરજીઓ મળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દર વર્ષે રાજ્યમાં નવી ખાનગી શાળાઓ શરૂ કરવા માટે સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવતી હોય છે.

શિક્ષણ બોર્ડ સમક્ષ અરજીઓ આવ્યા બાદ કારોબારી સમિતિમાં તેની ચકાસણી બાદ મંજૂર અથવા નામંજૂરનો નિર્ણય લેવામાં આવતો હોય છે. ચાલુ વર્ષે પણ રાજ્યમાં નવી શાળાઓ શરુ કરવા માટે શિક્ષણ બોર્ડને ૪૨૬ જેટલી અરજીઓ મળી છે જે પૈકી મોટાભાગની એટલે કે, લગભગ ૬૦ ટકા જેટલી અરજીઓ અંગ્રેજી માધ્યમની શાળાઓ શરૂ કરવા માટે મળી છે. રાજ્યમાં ચાલુ વર્ષે નવી શાળાઓ શરૂ કરવા માટે જે અરજીઓ મળી છે તેમાં વધારો થયો હોવાનું જાણવા મળ્યું છે.

ચાલુ વર્ષે માધ્યમિકની ૨૪૧ અને ઉચ્ચતર માધ્યમિકની ૧૮૫ મળી કુલ ૪૨૬ સ્કૂલો શરૂ કરવા માટે અરજી મળી છે જે ગત વર્ષની સરખામણીમાં વધુ છે.

ગત વર્ષે બોર્ડને નવી શાળા શરૂ કરવા માટે ૩૫૭ જેટલી અરજીઓ મળી હતી. આમ ૬૯ જેટલી અરજીઓમાં વધારો જોવા મળ્યો હતો.

# અમદાવાદ ઍરપોર્ટ પર દાણચોરીનું સાડાચાર કિલો સોનું જપ્ત

અમદાવાદઃ શહેરના એરપોર્ટ પર અખાતી દેશમાંથી આવી રહેલી ફ્લાઇટમાં આવેલા છ મુસાફરો પાસેથી કસ્ટમ્સની ટીમે ગુપ્તભાગમાં છુપાવેલું લગભગ ૩.૩૭ કરોડનું સાડા ચાર કિલો સોનું ઝડપી લીધું હતું. તમામ મુસાફરોની અટકાયત કરીને વધુ તપાસ વધુ તપાસ હાથ ધરી હતી. અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી છ મુસાફરોને કસ્ટમ્સની ટીમે ઝડપી લીધા હતા. અખાતી દેશમાંથી આવેલી ફ્લાઇટના મુસાફરો પૈકી કેટલાક મુસાફરોને અધિકારીએ અલગ તારવ્યા હતા. તેમની પૂછપરછ કરતાં તેમણે પોતાની પાસે સોનું ન હોવાનું જણાવ્યું હતું. અધિકારીઓએ તપાસ કરતાં કેટલાક મુસાફરો કપડાંમાં સોનું લાવ્યા હતા. જ્યારે કેટલાક મુસાફરોએ સોનાની સોફ્ટ પેસ્ટ બનાવી ગુદામાર્ગમાં છૂપાવી દીધી હતી. કસ્ટમ્સની ટીમે ૩.૩૭ કરોડનું દાણચોરીનું સાડાચાર કિલો સોનું કબજે લઇ વધુ તપાસ હાથ ધરી હતી. ગત નાણાકીય વર્ષ દરમિયાન કસ્ટમ્સના અધિકારીઓએ એરપોર્ટ પરથી દાણચોરીનું ૧૬૦ કિલો સોનું ઝડપી લીધું હતું અને દાણચોરી કરતા ૬૦ પેડલરોને ઝડપી લીધા હતા. તેના આગળના વર્ષે દાણચોરીનું ૮૦ કિલો સોનું ઝડપી લીધું હતું.

# સલમાનના ઘર પર ફાયરિંગ કેસઃ સુરતની તાપી નદીમાંથી શાર્પશૂટરોની બે રિવોલ્વર મળી

અમદાવાદઃ સલમાન ખાનના ઘર બહાર ફાયરિંગ કેસમાં આરોપીઓ કચ્છથી પકડાયા બાદ તેમની તપાસમાં કેટલાક ખુલાસા થયા હતા. આરોપીઓએ જે રિવોલ્વરથી ફાયરિંગ કર્યું હતું તે સુરત નજીક તાપી નદીમાં ફેંકી હતી. આ વિગતોના આધારે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા નદીની અંદર તપાસ કરવામાં આવી હતી અને રિવોલ્વર તથા કાર્ટિઝ મળી આવ્યા હતા. મુંબઈ પોલીસ દ્વારા માહિતી મળ્યા બાદ સતત નદીની અંદર વિવિધ રીતે તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન રિવોલ્વર શોધવા માટે ટેક્નોલૉજીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટની ટીમ દ્વારા સુરતમાં આવીને રિવોલ્વરની તપાસ કરવામાં આવી હતી. તાજેતરમાં ફિલ્મ અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગની ઘટના બની હતી. આરોપીઓની તપાસ કરવા માટે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ કચ્છ પહોંચી હતી અને આરોપીઓને માતાના મઢ પાસેથી ઝડપી લેવામાં આવ્યા હતા. આરોપીઓ મુંબઈમાં ક્યાં રોકાયા હતા, કચ્છ કઈ રીતે પહોંચ્યા તે સહિતની ઊંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન આરોપીઓએ ફાયરિંગ કર્યું હતું તે રિવોલ્વર ક્યાં ગઈ તેની માહિતી પણ આરોપીઓએ આપી હતી. આરોપીઓએ સલમાનના ઘરની બહાર ફાયરિંગ કર્યા બાદ ત્યાંથી ભાગીને ગુજરાત આવી ગયા હતા. આરોપીઓ જ્યારે કચ્છ જઈ રહ્યા હતા ત્યારે તેમણે પોલીસથી બચવા માટે રિવોલ્વરને તાપી નદીમાં ફેંકી દીધી હતી, જેમાં બે રિવોલ્વર સાથે ચાર મેગેઝિનનો પણ સમાવેશ થાય છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે ૧૭ રાઉન્ડ પણ મળ્યા હતા.મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે બે દિવસ તપાસ કરીને આખરે તાપી નદીમાં વિવિધ રીતે સર્ચ કરીને રિવોલ્વર અને કાર્ટિઝ મેળવી લીધા હતા.

# કાળાં વાવટા ફરકાવા સામે પ્રતિબંધના જાહેરનામાને રાજપૂત સમાજે પડકાર્યું

અમદાવાદ:ગુજરાતમાં રાજકોટ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા ભાજપના નેતા પુરુષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદનને મામલે આંદોલન ચલાવી રહેલા ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપની રેલીઓ અને સભાઓમાં કાળાં વાવટાઓ ફરકાવીને વિરોધ પ્રદર્શન થયાં બાદ અમદાવાદ પોલીસ કમિશનરે જાહેરનામું બહાર પાડીને કાળા વાવટા ફરકાવવા સહિતની બાબતો પર પ્રતિબંધ ફરમાવાતા રાજપૂત સમાજે આ જાહેર નામાને ગુજરાત હાઇ કોર્ટમાં પડકાર્યું છે. અમદાવાદ કમિશનરના જાહેરનામામાં કાળાં વાવટા, બેનર સાથે વિરોધ પર પ્રતિબંધ છે. રાજપૂત સમાજે આ જાહેરનામાને પડકારતી અરજી હાઇ કોર્ટમાં કરવામાં આવી હતી. આ અરજી અંગે સિંગલ જજની બેંચ દ્વારા ક્ષત્રિય સમાજને ડબલ બેંચમાં અરજી કરવા નિર્દેશ છે. આગામી દિવસમાં ક્ષત્રિય સમાજ ડબલ બેંચમાં અરજી કરશે. તેથી ક્ષત્રિય સમાજે કાળાં વાવટા ફરકાવી વિરોધ કરવા માટે રાહ જોવી પડશે. કારણ કે ગુજરાત હાઇ કોર્ટના જસ્ટિસ વૈભવી નાણાવટીએ નિર્દેશ કર્યો છે. રૂપાલા વિવાદ મુદ્દે અમદાવાદના ગોતા ખાતે ક્ષત્રિય સમાજની સંકલન સમિતિની બેઠક મળી હતી. જેમાં ક્ષત્રિય સમાજના ૯૨ સંસ્થાના પ્રતિનિધિઓની હાજર રહ્યા હતા.

## સંસ્થા સમાચાર

### ભગવાન મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે જૈન ભોજનાલયને એક કરોડનું અનુદાન

ગોંડલ સંપ્રદાયનાં ગાદીપતિ પૂજ્ય ગુરુદેવ શ્રી ગિરીશચંદ્રજી સ્વામીનાં સુશિષ્ય ગુજરાત રત્ન પૂજ્ય શ્રી સુશાંતમુનિ મહારાજ સાહેબ એવં મહામંત્ર પ્રભાવક પૂજ્ય ગુરુદેવ શ્રી જગદીશમુનિ મહારાજ સાહેબનાં સુશિષ્ય સદગુરુદેવ પૂજ્ય શ્રી પારસમુનિ મહારાજ સાહેબની પાવન પ્રેરણાથી રાજકોટ મધ્યે જૈન ભોજનાલય ચાલી રહ્યું છે. જેમાં દરરોજ ૫૦૦ ઉપરાંત સાધર્મિકો જમવાનો અને ટિફિનનો લાભ લઈ રહ્યા છે. ૧૪ મહિનાથી રાજકોટ બસ પોર્ટમાં ચાલતા આ જૈન ભોજનાલયમાં ૨,૦૧,૬૮૨ ઉપરાંત સાધર્મિકોની ભક્તિનો લાભ પ્રાપ્ત થયો.

ગુજરાત રત્ન પૂ. શ્રી સુશાંતમુનિ મહારાજ સાહેબની પાવન પ્રેરણા અને ટ્રસ્ટી મયુર શાહના અથાગ પુરુષાર્થથી વિનોદ હરિલાલ જેચંદ દોશી, હસ્તે દેવેનભાઈ, પારસભાઈ, અમિતાબેન, અભયભાઈ, મિહિરભાઈ, એચ. જે. દોશી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સી.એસ.આર. ફાઉન્ડેશન તરફથી જૈન ભોજનાલય રાજકોટને ભગવાન મહાવીર સ્વામીના ૨૬૨૩માં જન્મ કલ્યાણક અવસરે રૂપિયા એક કરોડનું અનુદાન કાયમી સ્મૃતિ સ્તંભ સ્વરૂપે પ્રાપ્ત થયું છે.

આ રકમ કાયમ માટે ફિક્સ ડિપોઝિટમાં રાખીને તેનું વ્યાજ વાપરવાનું છે. જૈન ભોજનાલયનાં ટ્રસ્ટીઓ દોશી પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.

ચેક સ્વીકારતા મનેષ માદેકા , વસંત તુરખીયા , હરેશ વોરા, નિપુણ દોશી, તથા ટ્રસ્ટી મયુર શાહ, અશોકભાઈ કોઠારી, અજય ભીમાણી, મેહુલ રવાણી આદિ ગણ માન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ અને ટ્રસ્ટીગણની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સંપન્ન થયો.

## વસઈ કિલ્લાના પરિસરમાં નજરે પડેલો દીપડો પચીસ દિવસ બાદ પાંજરામાં પુરાયો

પાલઘરઃ પાલઘર જિલ્લામાં વસઇ કિલ્લાના પરિસરમાં પચીસ દિવસ અગાઉ નજરે પડેલા દીપડાને વનવિભાગના કર્મચારીઓએ મંગળવારે પકડી પાડ્યો હતો.

વનવિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે મંગળવારે મળસકે ૩.૩૦ વાગ્યે દીપડો પાંજરામાં પુરાયો હતો. વસઇ કિલ્લાના પરિસરમાં પચીસ દિવસ અગાઉ દીપડો જોવા મળ્યા બાદ સ્થાનિકોમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. સ્થાનિક બિન-સરકારી સંસ્થાઓ પણ દીપડાને શોધવા વનવિભાગ સાથે જોડાઇ હતી, એમ અધિકારીએ કહ્યું હતું. દરમિયાન વનવિભાગ દ્વારા કિલ્લાના પરિસરમાં બે પાંજરાં ગોઠવવામાં આવ્યાં હતાં અને મંગળવારે એક પાંજરામાં દીપડો પ્રવેશ્યો હતો. પાંજરામાં પૂરાયેલા દીપડાને વનવિભાગના અધિકારી દ્વારા લઇ જવામાં આવતો વીડિયો મંગળવારે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. દીપડાને જંગલમાં છોડતા પહેલાં વનવિભાગ દ્વારા તેના આરોગ્યની તપાસ કરવામાં આવશે, એમ પણ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## પાણીની ટાંકીમાં ડૂબી ગયેલા બે બાળકના માતા પિતાને ૧૦ લાખનું વળતર

મુંબઈઃ મુંબઈના પાલિકા ઉદ્યાનમાં ખુલ્લી પાણીની ટાંકીમાં પડી જતા ડૂબવાથી મૃત્યુ પામેલા બે સગીર બાળકોના માતા પિતાને ૧૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવશે એવી જાણકારી મુંબઈ મહાનગરપાલિકા દ્વારા બોમ્બે હાઈ કોર્ટને મંગળવારે આપવામાં આવી હતી. ન્યાયમૂર્તિ ગૌતમ પટેલ અને ન્યાયમૂર્તિ કમલ ખાતાની ખંડપીઠે આ માહિતી પાલિકાના વકીલ અનિલ સિંહે આપી હતી.

## મુસ્લિમ મરણ

ઓ. કોબાદ નવરોઝ રાયમલવાલા તે મરહુમ નવરોઝ તથા મરહુમ ખોરશેદ રાયમલવાલાના દીકરા. તે એ. મહેરનોશ, એ. ડો. અસ્પી, એ. ડો. ફરામરોઝ તથા ઓ. રોશનના ભાઇ. તે ડો. ફ્રેની અસ્પી રાયમલવાલા તથા આરમઇતી ફરામરોઝ રાયમલવાલાના દેર. તે ઓ. નાઝનીનના કાકા. તે એ. નીલુફર નોઝર લાહેર તથા એ. બુરઝીન સરોષ દસ્તુરના મામા. તે સરોષ નોશીર દસ્તુરના સાળા. (ઉં. વ. ૬૮) રે. ઠે. ૨૭/સી-૧ કોન્ટ્રેક્ટર બાગ, મોરી રોડ, માહીમ, મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૪-૪-૨૪ના બપોરે ૩-૪૦ કલાકે, મુંબઇ ડુંગરવાડી પર બેનેટ બંગલી નં.૬માં.

સાયરસ ફરેદુન કેરમાની તે રોશન સાયરસ કેરમાનીના ખાવીંદ. તે મરહુમો બાનુબાઇ તથા ફરેદુન કેરમાનીના દીકરા. તે પેરીન ને નેવીલના પપ્પા. તે માહરૂખ એન. કેરમાની તથા મરહુમ શાહરૂખ ડી. ઇરાનીના સસરા. તે મરહુમો અદી, બોમી, થ્રીટી ને કેકીના ભાઇ. તે સારમીન ને શાહવીરના મમાવાજી. (ઉં. વ. ૯૩) રે. ઠે. એલ-૩, ભરૂચા બાગ, એસ. વી. રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૪-૪-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે, મુંબઇ ડુંગરવાડી, ભાભા બંગલી નં.૧માં.

મીઠું ખુશરૂ કુરલાવાલા તે મરહુમ ખુશરૂ રૂસ્તમ કુરલાવાલાના વિધવા. તે મરહુમો જરૂ તથા નાદીરશાહ બી. ચીનોયના દીકરી. તે અશા કુરલાવાલા ને શેરેના આર. ખાનના મમ્મી. તે રોની કે. ખાનના સાસુજી. (ઉં. વ. ૧૦૬) રે. ઠે. ૨૦૧, ડેસલીયા, ૧૭-એ, માઉન્ટ પ્લેસન્ટ રોડ, મલબાર હીલ, મુંબઇ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૫-૪-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની હોડીવાલા બંગલીમાં.

### મહારાષ્ટ્ર પોલીસે બોમ્બે હાઈ કોર્ટને જાણકારી આપી

## ભડકાવનારા ભાષણ બદલ ભાજપના બે વિધાનસભ્ય સામે કેસ

મુંબઈઃ જાન્યુઆરીમાં થાણે જિલ્લામાં થયેલી કોમી હિંસા દરમિયાન ભારતીય જનતા પક્ષના વિધાનસભ્ય નીતિશ રાણે અને ગીતા જૈને ભડકાવનારા ભાષણો કર્યા હોવાનું જાણવા મળતા તેમની સામે કેસ દાખલ કરવામાં આવ્યા હોવાની માહિતી મહારાષ્ટ્ર પોલીસે મંગળવારે બોમ્બે હાઈ કોર્ટને આપી હતી. ન્યાયમૂર્તિ રેવતી ડેરે અને ન્યાયમૂર્તિ મંજુષા દેશપાંડેની ખંડપીઠે ગયા અઠવાડિયે સંબંધિત પોલીસ કમિશનરોને આ બંને નેતા દ્વારા કરવામાં આવેલ ભાષણ ભડકાવનારા હતા કે કેમ એની જાતે ખાતરી કરવા જણાવ્યું હતું. સરકારી વકીલ હિતેન વેનેગાંવકરે મંગળવારે અદાલતને જણાવ્યું હતું કે થાણે જિલ્લાના મીરા ભાયંદર વિસ્તારમાં થયેલી કોમી હિંસા દરમિયાન નીતિશ રાણે અને ગીતા જૈન દ્વારા કરવામાં આવેલા ભાષણો પ્રથમ દૃષ્ટિએ ભડકાવનારા હોવાનું પ્રતીત થાય છે. (પીટીઆઈ)

### ટેક્સીમાં સામાન ભૂલવામાં મુંબઈ બીજા ક્રમાંકે

## મુંબઈગરો બની રહ્યો છે ભૂલક્કડ

મુંબઈઃ મુંબઈગરાઓએ એક વધુ રેકોર્ડ પોતાના નામે નોંધાવ્યો છે. જોકે, મુંબઈગરાએ આ રેકોર્ડ કોઈ સારી બાબત માટે નહીં પણ પોતાની વસ્તુઓ ભૂલી જવાની આદતને કારણે બનાવ્યો છે. હાલમાં જ હાથ ધરવામાં આવેલા એક સર્વેમાં જાણવા મળ્યું હતું કે મુંબઈગરાઓ ટેક્સીમાં સૌથી વધુ સામાન ભૂલવા લાગ્યા છે.

એક રિપોર્ટ પર વિશ્વાસ કરીએ તો દેશની રાજધાની દિલ્હીના લોકો ટેક્સીમાં સૌથી વધુ સામાન ભૂલે છે અને આ પ્રકારની મોટાભાગની ઘટનાઓ શનિવારના દિવસે તેમ જ સાંજના સાત વાગ્યા બાદ બને છે. ટેક્સીમાં સામાન ભૂલવાની યાદીમાં દિલ્હી બાદ બીજા નંબરે આવે છે દેશની આર્થિક રાજધાની મુંબઈ અને ત્રીજા નંબરે આવે છે આઈટી હબ તરીકે ઓળખાતું બેંગલૂરુ. ઉબરના લોસ્ટ એન્ડ ફાઉન્ડ સર્વે ૨૦૨૪ અનુસાર દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ એ ત્રણ ટોપ સિટીમાં સામેલ છે કે જ્યાં લોકો ટેક્સીમાં સૌથી વધુ સામાન ભૂલે છે. ત્યાર બાદ હૈદરાબાદ ચોથા નંબરે અને મહારાષ્ટ્રનું પુણે પાંચમા નંબરે આવે છે. આ સર્વેમાં એવું પણ જાણવા મળ્યું હતું કે લોકો ટેક્સીમાં સૌથી વધુ મોબાઈલ ફોન, બેગ, વોલેટ અને કપડાં ભૂલી જાય છે. આ સિવાય પાણીની બોટલ અને ચાવીઓનો સમાવેશ પણ થાય છે. કેટલાક ઉબર યુઝર્સ ચશ્મા અને જ્વેલરી જેવી વસ્તુઓ પણ કારમાં ભૂલી જાય છે.

## હિન્દુ મરણ

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

રસીલાબેન (રમાગૌરી) પ્રભાશંકર ઉપાધ્યાય (ઉં.વ. ૮૬) તે હિતેન્દ્રભાઈ, કમલેશભાઈ, અરૂણાબેન બીપીનકુમાર, ગાયત્રીબેન જયદેવભાઈ, હર્ષાબેન પરેશકુમાર, કાશ્મીરાબેન દીપકકુમારના માતુશ્રી. અ. સૌ. ભાવના હિતેન્દ્રભાઈ, અ. સૌ. પારૂલ કમલેશભાઈના સાસુમા. હાર્દિક, ધૈર્ય, ધ્વનીબેનના દાદીમા. અ. સૌ. પૂજા હાર્દિકના દાદી સાસુમા. જશવંતભાઈ, જગદીશભાઈ, ભારતીબેનના મોટા બેન સોમવાર, તા. ૨૨-૪-૨૪ના અક્ષરવાસી થયા છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૫-૪-૨૪ના ૫ થી ૭ ભક્તિધામ મંદિર, નારાયણ નગર, સાયન-ચુનાભટ્ટી (ઈસ્ટ).

**વિશા લાડ વણિક**

સ્વ. જયંતીલાલ થાણાવાળા (ઉં. વ. ૮૯) તે સ્વ. નવલબેન અને સ્વ. તુલસીદાસ કીલાભાઇ થાણાવાલાનાં પુત્ર. તે સ્વ. વિમલાબેન હીરાલાલ શાહ, સ્વ. કૃષ્ણલાલ, સ્વ. હરિચંતલાલ, સ્વ. ધર્મિષ્ઠાબેન ધરમદાસ મરચંટ, સ્વ. લક્ષ્મીકાંત, સ્વ. આનંદીલાલ, સ્વ. જયમતીબેન, સ્વ. રજનીકાંત, કુ. અરુણાબેનનાં ભાઇ મંગળવાર, તા. ૨૩ એપ્રિલ ૨૪ના, શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

જાફરાબાદવાળા હાલ મુંબઇ જીતેન્દ્ર તુલસીદાસ સંઘવી (ઉં. વ. ૮૯) તા. ૨૦-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હરકિસનદાસ માધવજી ગાંધીના જમાઇ. તે ગીતાબેનના પતિ. ફાલ્ગુની કેતન શાહ, જનક સંઘવી, હેમાલી હેમંત પંડયાના પિતા. કેતન રમણલાલ શાહ, સ્વીટી જનક, હેમંત દયાનંદ પંડયાના સસરા. જયોતિ પ્રવીણ મિઠાઇવાળા અને સ્વ. કિરીટ તુલસીદાસના ભાઇ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૨૫-૪-૨૪ના સાંજે ૫થી ૭. ઠે. ભાટીયા મહાજનવાડી, ૩૯૮, કાલબાદેવી રોડ, કાલબાદેવી મંદિરની બાજુમાં, મુંબઇ-૨.

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. માલીની (ઉં. વ. ૯૩) સ્વ. મથરાદાસ લાલજી મરચન્ટ (૫ડછ)નાં ધર્મપત્ની. છાયા ભરત ઉદેશી, દક્ષા પંકજ આશર, વર્ષા વિરેન ભાટીયા તથા જય મરચન્ટનાં માતુશ્રી. સ્વ. મણીબેન હરજીવન આશરનાં સુપુત્રી. બાબુલાલ, નટવરલાલ તથા કનકકિશોરનાં બેન. નિકીતા, અલ્પા, શ્રેયાના નાનીમા સોમવાર, તા. ૨૨-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૫-૪-૨૪ના સાંજે ૫થી૬.૩૦. ઠે. ઇન્ડિયા બુલ્લ સ્કાય, યોગા રૂમ, ૧૪મે માળે, ૮૮૨, સેનાપતિ બાપટ માર્ગ, પ્રભાદેવી, પરેલ રેલવે સ્ટેશન નજીક મધ્યે રાખેલ છે, પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

મૂળ વતન ગઢડા (સ્વામીના) હાલ ઘાટકોપર નિવાસી અ. સૌ. સંગીતાબેન ગિરીશભાઇ કામદાર (ઉં. વ. ૬૦) તા. ૨૨-૪-૨૪ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. તે જયંતીલાલ ગોપાળજી કામદારના પુત્રવધૂ. તે જસ્સી પ્રતિક કામદાર, આયુષી પાર્થ કામદારના સાસુ. તે યુવાન, આવિયાનના દાદી. બકુલભાઇ, પ્રિતીબેન અને રૂપલબેનના બહેન. ધરાબેનના નણંદ. તે અરુણાબેન અરવિંદભાઇ નાનાલાલ ગાંધીના દીકરી. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૨૪-૪-૨૪ના સાંજે ૪-૩૦થી ૬. ઠે. પરમકેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વે.).

**કપોળ**

ડેડાણવાળા (હાલ કાંદિવલી) સ્વ. છગનલાલ માવજી મહેતાના દીકરા નલિનકાન્ત (ઉં. વ. ૭૮) તે કનકલતાનાં પતિ. જીજ્ઞેશ, મિથુનના પિતા. વિશાખા, દર્શિનીનાં સસરા. તે સ્વ. સુરેશચંદ્ર, સ્વ. જયંતીલાલ, સ્વ. અનંતરાઇ, સ્વ. કિશોરચંદ્ર, બિપીનચંદ્ર, સ્વ. મંજુલાબેન ધીરજલાલ મહેતા તથા સ્વ. ગુલાબબેન વિનોદરાય મહેતાના ભાઇ. શ્વસુર પક્ષે માણસાવાલા વ્રજલાલ ચુનીલાલ શાહના જમાઇ શનિવાર, તા. ૨૦-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ ધ્રાફા નિવાસી હાલ મીરારોડ અ.સૌ. મનીષાબેન ગોહિલ (ઉં.વ.૪૬) તે સુનિલભાઈ ગોહિલના ધર્મપત્ની, હંસાબેન ભીખુભાઇ ગોહિલના પુત્રવધૂ, રાહુલના માતુશ્રી, ગં. સ્વ હંસાબેન રમેશભાઈ મકવાણા ગામ ચલાલાવાળાના દીકરી, મયુરભાઈ, પારસભાઈ, કવિતા હિતેષભાઇ કારેલીયા, નિશાબેન પ્રશાંતભાઈ ગોહિલના બહેન, શિલ્પાબેન દીપકભાઈ દાવડા, હીનાબેન જનકભાઈ દાવડાના ભાભી. તા. ૨૨/૪/૨૪ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૨૫/૪/૨૪ ના ૫ થી ૭. લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, વિશ્વકર્મા ચોક, બોરીવલી ઈસ્ટ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**વિશા લાડ વણિક**

મલાડ નિવાસી સુરતી વિશા લાડ વણિક શોભનાબેન સુરેશચંદ્ર ખાંડવાલા (ઉં.વ.૯૩) તા. ૨૧/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ડો. સુનિલ, ભરત તથા સ્મિતાના માતુશ્રી, ડો. સીમા, પારુલ તથા ક્રિષ્નાના સાસુ, કંદર્પ ખુશાલી, નિશિથના દાદી તથા હેમાલી રોનિતના નાની, સ્વ. મદનબેન મોહનભાઇ કાપડિયા અંકલેશ્વરવાળાના દીકરી. નિવાસસ્થાન : સી /૬૦૧, મોરેશ્વરધામ લીબર્ટી ગાર્ડન રોડ નં ૩, મલાડ વેસ્ટ.

**દશા ઝારોળા વણિક**

મુંબઇ નિવાસી સ્વ.બાલકૃષ્ણ નાણાવટી તથા પદ્માવતીબેનના મોટાપુત્ર શ્રી જતીન નાણાવટી (ઉં.વ.૭૯) તે સરોજબેનના પતિ, સમીર, શેફાલી, મેહુલના પિતા, સ્વ.હરીશ, હેમા, કામિનીના ભાઈ, તા.૨૨-૪-૨૪ સોમવારના શ્રીજીચરણ પામેલ છે.

## જૈન મરણ

**પાટણ જૈન**

પાટણ નિવાસી હાલ અંધેરી મારફતીયા મહેતાના પાડાનાં સ્વ. વસુમતીબેન અમૃતલાલ જીવાચંદ શાહના પુત્રવધૂ સ્વ. નિર્મળાબેન ધીરેનભાઇ શાહ (ઉં. વ. ૬૬) તે શ્રુતીબેન અને ગૌતમભાઇના માતુશ્રી. તે પરેશભાઇ, રશ્મીકાબેન તથા આશાબેનના ભાભી. તે હર્ષાબેનના દેરાણી. અને પિયુષભાઇ તથા સ્વ. અજીતભાઇના સાળાના પત્ની. તે મહેસાણા નિવાસી કનુભાઇ ઠક્કરના પુત્રી તા. ૧૮-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

કલોલ નિવાસી હાલ સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઇ ગુણવંતભાઇ ગાંડાલાલ શેઠ (ઉં. વ. ૮૭) તે વાસંતીબેનના પતિ. પારુલ, નિરલ, માધવી, તેજસના પિતાશ્રી. તે અરુણ, હેતલ, મેહુલના સસરા. તે સ્વ. જશવંતભાઇ, સ્વ. સુશીલાબેન, રમેશભાઇ, દિનેશભાઇ, સ્વ. સર્યુબેનના ભાઇ. તે સ્વ. પુરુષોતમભાઇ સંઘવીના જમાઇ તા. ૨૨-૪-૨૪ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

મૂળ વિસાવદર નિવાસી હાલ ઘાટકોપર સ્વ.લલિતાબેન મોહનભાઈ શેઠના સુપુત્ર શ્રી પ્રદીપભાઈ શેઠ ઉંમર વર્ષ ૭૫, રવિવાર ૨૧-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. શ્રીમતી મીનાબેન શેઠના પતિ, ગુંજનભાઈના પિતા, સ્નેહાબેનના સસરા. સ્વ.હંસાબેન મહેન્દ્રભાઈ ઘાટલીયા, હેમલતાબેન શેખરભાઈ માલવિયા, નયનાબેન કિરીટભાઈ પારેખ, રક્ષાબેન નરેન્દ્રભાઈ મહેતા, બીનાબેન કમલેશભાઈ શાહના ભાઈ, સ્વ.શીલાબેન કમલેશભાઈ કોઠારીના વેવાઈ. પ્રાર્થનાસભા તા. ૨૫-૪-૨૪, ગુરુવારના ૪:૦૦ - ૬:૦૦. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર પૂર્વ, ત્વચા અને આંખનુ દાન કર્યુ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી દશા શ્રીમાળી જૈન**

મુળી નિવાસી હાલ મલાડ સ્વ. સુરેશભાઇ વાડીલાલ શાહના ધર્મપત્ની ધર્મિષ્ઠાબેન (ઉં.વ. ૭૭) તેઓ નેહા મેહુલ ઘેલાણી અને કુશલના માતા, તે સ્વ. રસિકભાઇ, સ્વ. ભૂપેન્દ્રભાઇ, સ્વ. પ્રવિણભાઈ, નરેન્દ્રભાઈ, સ્વ. લતાબેન પ્રતાપરાય પારેખ, જ્યોતિબેન મનસુખલાલ કામદારના ભાઈના પત્ની જોરાવરનગર નિવાસી સ્વ પ્રવિણભાઈ, સ્વ. ઇંદુભાઈ, સ્વ.શારદાબેન, સ્વ. મંજુલાબેન, વિરબાળાબેન, સ્વ. કુમુદબેનના બેન, અનિલાબેન જયકાંતભાઇ ઘેલાણીના વેવાણ. તારીખ ૨૧/૦૪/૨૪ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તારીખ ૨૫/૦૪/૨૪ ગુરુવારના વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, એસ.વી. રોડ, પારેખ લેન કોર્નર, કાંદિવલી (વેસ્ટ),

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સ્વ.હસમુખરાય ડેલીવાલા (ઉં.વ. ૮૭) જાળીલા નિવાસી-હાલ નાલાસોપારા તા.૨૧.૦૪.૨૪ રવિવારના અરિહંતશરણ થયેલ છે. સ્વ. કમળાબેન જગજીવનદાસ ડેલીવાલાના સુપુત્ર, લીલાવતીબેનના પતિ, મુકેશ નિલેશ,મિલનના પિતાશ્રી. તે હીના, સંગીતાના સસરા, પ્રતાપરાય, સ્વ.મુગટલાલ, સ્વ.હર્ષદરાય, મહેન્દ્રભાઈ, દિલીપભાઈ સ્વ.સરોજ વાડીલાલ શાહ, અનસુયા જયસુખલાલ દોષીના ભાઈ, તે સ્વ.ઠાકરસી સુખલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા.૨૫.૦૪.૨૪ના ૧૦ થી ૧૨. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય), એસ.વી. રોડ, પારેખ લેન કોર્નર, કાંદિવલી પશ્ચિમ, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કારાઘોઘાના મહેન્દ્ર ટોકરશી શેઠિયા (ઉં.વ.૬૮)તા. ૨૧-૪-૨૪ના અવસાન પામેલા છે માતૃશ્રી કંકુબેન ટોકરશી દેવજીના પુત્ર હંસાના પતિ. ધીરલ વિશાલના પિતા. કાંતિ, ધીરજ, ઉષા (વિભા) હસમુખના ભાઈ. મો. રાયણ માતૃશ્રી ઝવેરબેન ટોકરશી ખીમજી ગડાના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે) ટાઈમ ૪ થી ૫.૩૦. ઠે. મહેન્દ્ર શેઠીયા, ફ્લેટ નં. ૧૬૦૧, અ-વીંગ, મહાવીર વિલા, ભંડારકર રોડ, માટુંગા (સે. રે) મું. ૧૯.

વડાલા હાલે બોરીવલીના નિર્મળા લખમશી નિસર (ઉ. ૭૧) તા. ૨૧-૪-૨૪ના અવસાન પામેલ છે. જીવાબાઇ મેઘજીની પૌત્રી. હાંસબાઇ લખમશીના પુત્રી. સ્વ. ચુનીલાલ, સ્વ. શાંતીલાલ, વસંત, સ્વ. નિરંજના, સ્વ. હસમુખના બેન. સાડાઉ ભચીબાઇ મુરજી ગાલાના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સુમિત નિસર, બી/૮૦૪, ક્લોવર ગ્રો બિલ્ડીગ, ચીકુવાડી, બોરીવલી (વે.), મું. ૯૨.

નાગલપુરના નિતીન શામજી છેડા (ઉં.વ.૬૯) તા.૨૧-૪-૨૪ ના અવસાન પામેલ છે. ભાણબાઈ શામજી, સાકરબેન હરખચંદના પુત્ર. કલ્પનાના પતિ. તિમીર, કુંજલના પિતા. જયેશ, સુશીલા, હસ્તી (હીના), હસ્મિતા, જયશ્રી, દીના, હીનાના ભાઈ. પુષ્પાબેન (પાનબાઈ) પ્રેમજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. બાર નવકાર ગણવા. નિ. નિતીન છેડા ડી-૧૫, યોગી સ્મૃતિ, બ્લોક નં.૧૦૬, યોગી નગર, એક્સર રોડ, બોરીવલી (વે), મું - ૯૧.

**ગોડવાલ ઓસવાળ જૈન**

મનીષા મહેન્દ્ર પૂનમિયા મરૂધર (હાલ વાંદરા) (ઉં. વ. ૫૦) સોમવાર, તા. ૨૨-૪-૨૪ના અવસાન પામેલ છે. સાસુ-સસરાઃ વાસંતી ફૂટરમલજી. સાસુ-સસરાઃ તારાબાઇ દિલીપ, વિકટોરીયા કાંતિલાલ, રંજન બાબુલાલ. દેર-દેરાણીઃ અનીષા સંદીપ, શીલા શૈલેષ, ચેતના રાકેશ, ડોલી ચેતન, નેહા વિકાસ, ડોલી યશરાજ. પુત્ર અમન અને નિખીલ. ભત્રીજા-ભત્રીજીઃ રોહન, ખુશ, રૂષભ, ધ્રુવ, ક્રીશ, સિદ્ધિ, આદીલ, ભૂમિ, વિહાના, કવીર, મુક્તિ, ધ્રિતી. પિયર પક્ષઃ સ્વ. મીશ્રીમલજી વાલચંદજી બેદમુથા, ગજરાજજી, શાંતિલાલ, પ્રકાશ, કાંતિલાલ, દિલીપ, સ્વ. જેંતીલાલ, નિલેશ. પ્રાર્થનાસભા તા. ૨૪-૪-૨૪ બુધવાર ૧૧થી ૧. ઠે. ખાર એજયુકેશન સોસાયટી, એસ. વી. રોડ, ખાર પોલીસ સ્ટેશનની બાજુમાં, ખાર (પશ્ચિમ). રાનીગાંવ, હાલે ખાર, બન્ને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે.

## પાંચમા પાનાનું ચાલુ

### કોંગ્રેસનો દલિતો-મુસ્લિમોના

તેમણે વધુમાં કહ્યું કે આપણે જાતિ આધારિત રાજકારણથી દૂર રહેવું જોઈએ. મેં મરાઠા આરક્ષણ આપવાના શપથ લીધા હતા. મરાઠા સમુદાયને અનામત આપતી વખતે કોઈપણ જૂથના આરક્ષણને અસર કર્યા વિના ૧૦ ટકા આરક્ષણ આપવામાં આવ્યું હતું. કેટલાક લોકો આરક્ષણ રદ કરાવવા માટે કોર્ટમાં ગયા હતા. કેટલાક લોકોએ મરાઠા સમાજનો ઉપયોગ માત્ર રાજકારણ માટે કર્યો હતો. કેટલાક વિઘ્નસંતોષી લોકો રાજ્યમાં ફરી રહ્યા છે અને તેમનાથી આપણે સાવચેત રહેવાની આવશ્યકતા છે. આ લોકો ક્યારેય તમને કશું આપશે નહીં, પરંતુ તમને કશું મળી રહ્યું હશે તો તેને છીનવી લેવા માટે તત્પર હશે, એમ એકનાથ શિંદેએ કહ્યું હતું.

૧૦ વર્ષમાં એક પણ રજા ન લેનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાનું આખું જીવન દેશને સમર્પિત કરી દીધું છે. બીજી તરફ રાહુલ ગાંધી થોડી ગરમી થાય ત્યારે ઠંડી હવા માટે વિદેશ જાય છે અને ત્યાં ભારતને બદનામ કરે છે, એવી ટીકા તેમણે કરી હતી.

અમારી સરકાર રાજ્યમાં સર્વાંગી વિકાસ કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અહીંથી પસાર થતા સમૃદ્ધિ હાઈવેનું ઉદ્ઘાટન કર્યું. સરકાર દ્વારા તેમને હિન્દુહૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે નામ આપવામાં આવ્યું કારણ કે આ બાળાસાહેબના વિચારોની સરકાર છે. મોદી માટે પણ શિરડી આસ્થાનું સ્થાન છે અને પછી તમારે જંગી બહુમતીથી એક સાંસદને શિરડીથી મોકલવો પડશે. તેમણે કહ્યું હતું કે નેવાસા અને શિંગણાપુર યાત્રાધામના વિકાસમાં ભંડોળની ખોટ રહેવા દેવામાં આવશે નહીં, એમ તેમણે કહ્યું હતું.

### બ્રિટિશ એરલાઈન્સના છબરડા

ટિકિટ માટે રૂ. ૫.૭૦ હજાર ખર્ચ્યા હતા. બ્રિટિશ એરવેઝની આ ફ્લાઈટ કેન્સલ થવાને કારણે અમેરિકાનો કાર્યક્રમ પણ રદ કરવો પડ્યો.

હિતેશ જોશીને આર્થિક નુકસાન તો થયું જ, પરંતુ આમંત્રિત મહેમાનોને કાર્યક્રમ કેન્સલ થયો છે એ જણાવવા માટે સમય બગાડવો પડ્યો અને માનસિક ત્રાસ પણ થયો. એક વ્યક્તિ માટે આ માનહાનિ જેવી પરિસ્થિતિ પણ થઈ શકે કારણ કે, અમેરિકા જેવા દેશમાં કેટલાય દિવસોથી 'સેવ ધ ડેટ' મોકલી હોય. એમના જુદા જુદા રાજ્યોમાં વસતા સગા-સંબંધી-મિત્રો પણ ફ્લાઈટ લઈને રિચમંડ પહોંચ્યા હતા. એમને પણ એમની ટિકિટો માથે પડી. આ બધા માટે બ્રિટિશ એરવેઝ જવાબદાર છે, કારણ કે, કોઈ આગોતરા નોટિસ કે જાણ વગર એમણે અચાનક ફ્લાઈટ કેન્સલ કરીને એક મહત્ત્વનો કાર્યક્રમ રદ કરવાની ફરજ પાડી છે, એમ કાજલ ઓઝાએ જણાવ્યું હતું.

આ દરમિયાન બ્રિટિશ એરવેઝનો કોઇ સંપર્ક થઇ શક્યો નહોતો અથવા એરલાઇન્સ તરફથી સમાચાર લખવા સુધી કોઇ સ્પષ્ટતા પણ કરાઇ નહોતી.

### કલ્યાણ - ડોમ્બિવલીમાં

બુમાબુમ શરૂ થઈ જતી હોય છે. એને પગલે રાજકીય વર્તુળમાંથી દબાણ આવે છે. આગામી પાલિકા ચૂંટણી નજર સામે રાખી નાગરિકો પર પાણીના દરમાં વધારો નહીં લાદવાનો નિર્ણય પ્રશાસને દબાવ હેઠળ લીધો હોવાનું માનવામાં આવે છે.

### કાળઝાળ ગરમી

એસી શરૂ કરીને લોકલને રવાના કરવામાં આવી હતી.

એસી ટ્રેનોમાં એસી બંધ પડી જવાના અનેક કિસ્સો સામે આવ્યા છે. આ મામલે અનેક વખત ફરિયાદ કર્યા છતાં પ્રશાસન તરફથી કોઈપણ પગલાં લેવામાં આવ્યા નથી. જોકે કલ્યાણમાં બનેલી ઘટનાને લીધે પ્રવાસીઓને જ નોટિસ ફટકારવામાં આવી હતી, જેને કારણે પ્રવાસીઓને રેલવે પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે.

### શ્રીકાંત શિંદેની હનુમાન

સાથે શ્રીકાંત શિંદેએ જોરદાર પ્રચાર કર્યો હતો. જ્યારે રવિવારે તેમણે પોતે કરેલા વિકાસકાર્યોના અહેવાલને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના હસ્તે જાહેર કર્યો હતો. લોકસભાના એક સત્ર દરમિયાન શ્રીકાંત શિંદેએ હનુમાન ચાલીસાના મુદ્દે ઉદ્ધવ ઠાકરે પર પણ નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેના શાસન દરમિયાન હનુમાન ચાલીસા ગાનારા અને વગાડનારાની ધરપકડ કરવામાં આવતી હતી. એ વખતે સાંસદ ડિંપલ યાદવે શું તમને હનુમાન ચાલીસા આવડે છે કે, એવો પ્રશ્ન કર્યો હતો. એ વખતે સભાગૃહમાં શ્રીકાંત શિંદેએ હનુમાન ચાલીસા બોલી બતાવી હતી અને આ ઘટનાની ખૂબ ચર્ચા એ વખતે થઇ હતી.

### સલમાન ખાનના

શૂટરને બાદમાં ગુજરાત પોલીસની મદદથી ભૂજમાં મંદિરના પરિસરમાંથી ઝડપી પાડ્યા હતા. વિકી ગુપ્તા (૨૪) અને સાગર પાલ (૨૧) નામના બંને શૂટરે પૂછપરછમાં કબૂલ્યું હતું કે તેમણે મુંબઈથી ભૂજ જતી વખતે પિસ્તોલ ને કારતૂસો સુરતમાં રેલવે બ્રિજ પરથી તાપી નદીમાં ફેંકી દીધી હતી.

આથી ક્રાઇમ બ્રાન્ચની ટીમ શૂટરને લઇ પિસ્તોલ શોધવા સુરત ગઇ હતી. મુંબઈ પોલીસે આ કેસમાં ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇ અને તેના ભાઇ અનમોલ બિશ્નોઇને વૉન્ટર આરોપી જાહેર કર્યા છે. લોરેન્સ બિશ્નોઇને અન્ય કેસમાં ગુજરાતની સાબરમતી સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો છે, જ્યારે અનમોલ બિશ્નોઇ યુકે અથવા કેનેડામાં હોવાનું કહેવાય છે.

### જાહેર ક્ષેત્રની બૅન્કને

પીએસયુ બૅંકોના અધ્યક્ષને ડિફોલ્ટરો સામે એલઓસી જારી કરવાની આપેલી સત્તા ગેર બંધારણીય હોવાનું જણાવ્યું હતું. કેન્દ્ર સરકાર વતી રજૂઆત કરનારા વકીલ આદિત્ય ઠાકરેએ આદેશ પર સ્ટે મૂકવા અદાલત સમક્ષ રજૂઆત કરી હતી, પણ હાઈ કોર્ટે એ રજૂઆત ગણકારી નહોતી.

કેન્દ્ર સરકારે પીએસયુ બૅંકોના અધ્યક્ષોને આપવામાં આવેલી સત્તાના ક્લોઝની યથાર્થતા પડકારતી કેટલીક અરજીઓ સંદર્ભે હાઇ કોર્ટે ચુકાદો આપ્યો હતો. ટ્રિબ્યુનલ અથવા ક્રિમિનલ કોર્ટ દ્વારા ડિફોલ્ટરને વિદેશ પ્રવાસે જતા અટકાવવા જારી કરવામાં આવેલા એલઓસીને આ આદેશની કોઈ અસર નહીં થાય એવી સ્પષ્ટતા હાઇ કોર્ટ દ્વારા કરવામાં આવી હતી. (પીટીઆઈ)

### રણવીર સિંહે ડીપફેક

હતો, જેમાંથી વીડિયો લેવાયો છે. જોકે ઑડિયો એઆઇ થકી નિર્માણ કરાયો છે. રણવીરે ક્યાંય પણ ડીપફેક વીડિયોમાં બતાવ્યું છે તેવું નિવેદન કર્યું નથી.

વીડિયોના અંતમાં રણવીર લોકોને એવું કહેતો સંભળાય છે કે તેમણે ન્યાય માટે લડાઇ બંધ નહીં કરવી જોઇએ. બાદમાં રણવીર અલોપ થઇ જાય છે અને વોઇસઓવરમાં ન્યાય જોયતો હોય તો કૉંગ્રેસને મત આપો એવું કહે છે.

દાદર પોલીસે જણાવ્યું હતું કે રણવીરે સોમવારે અરજી આપી છે, જે મંગળવારે સાયબર પોલીસને તપાસ માટે સોંપવામાં આવી છે. વીડિયોમાં રાજકીય પક્ષને પ્રમોટ કરે છે અને તે ડીપફેક છે. એ વીડિયોના ઉદ્ભવસ્થાનની તપાસ કરવામાં આવી રહી છે, જે પછી સંબંધિત સામે એફઆઇઆર દાખલ કરવામાં આવશે.

ઝોન-૫ના ડીસીપી તેજસ્વી સાતપુતેએ જણાવ્યું હતું કે મને આ સંબંધમાં લેખિત ફરિયાદ મળી છે. જેની તપાસ કરવામાં આવી રહી છે. રણવીરે પોતે ઇન્સ્ટાગ્રામ પર આવા વીડિયોથી સતર્ક રહેવા માટે લોકોને અનુરોધ કર્યો છે.

### આ મરાઠા અને પછાત

જાનકરના પ્રચાર માટે આયોજિત જાહેરસભામાં તેમણે કહ્યું હતું કે સરકારે મૌલાના આઝાદ કોર્પોરેશનનું ફંડ ૩૦ કરોડથી વધારીને ૫૦૦ કરોડ કર્યું છે. સરકારે તમામ સમુદાયોને સમાન ધોરણે ન્યાય આપવાનું કામ કર્યું છે. હિંદુ, મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી બધાને ન્યાય મળવો જોઈએ, તેમણે મુખ્ય પ્રવાહમાં આવવું જોઈએ. સરકારનો ઉદ્દેશ્ય એ છે કે તેઓ પણ વિકાસ કરે. કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુસ્લિમ સમુદાય માટે ઘણી યોજનાઓ લાગુ કરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે કોંગ્રેસે મુસ્લિમ સમુદાયનો ફક્ત વોટ બેંક તરીકે ઉપયોગ કર્યો અને કાયમ તેમને ગરીબીમાં રાખ્યા હતા.

સાબીર શેખ બાળાસાહેબના સમયમાં મિનિસ્ટર હતા. અબ્દુલ સત્તાર વર્તમાન સરકારમાં મિનિસ્ટર છે. સૌ સાથે મળીને રાજ્યનો વિકાસ કરી રહ્યા છે. તેથી બંધારણ બદલવાના વિપક્ષના આક્ષેપો ખોટા છે.

કેન્દ્ર સરકારે ૧૦ વર્ષમાં એટલું કામ કર્યું છે જેટલું કોંગ્રેસે છેલ્લા ૫૦ વર્ષમાં કર્યું નથી. તેઓ આગામી ૧૦૦ વર્ષ સુધી આટલું કામ કરી શકશે નહીં. બારામતીમાં ૩.૫ લાખની લીડને ૩૪ હજાર પર લઈ આવનારા મહાયુતિના ઉમેદવાર મહાદેવ જાનકર છે. ત્યારે ઇતિહાસ રચાયો હોત. પરંતુ હવે તેઓ પરભણીમાં ઈતિહાસ રચવા જઈ રહ્યા છે, એમ તેમણે કહ્યું હતું.

એકનાથ શિંદેએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે પરભણીમાં ચમત્કાર થશે અને મહાદેવ જાનકર દિલ્હી જશે.

મહાદેવ જાનકરે પરિણીત નથી અને પોતાનું જીવન સમાજને સમર્પિત કર્યું છે. જાનકરે શૂન્યમાંથી સર્જન કર્યું છે. તેમની યાત્રા અદ્ભૂત છે એમ જણાવતાં એકનાથ શિંદેએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેઓ પરભણીના વિકાસ માટે આકાશ પાતાળ એક કરશે. મહાદેવ જાનકર ૧૭ ભાષાઓ જાણે છે એમ જણાવતાં શિંદેએ કહ્યું હતું કે જ્યારે તેઓ સાંસદ તરીકે દિલ્હી જશે ત્યારે તેમને વિકાસની ભાષા જાણવા મળશે અને વધુ પ્રગતિ થશે.

### હાર્બર લાઇનને બોરીવલી

અને ત્યાર બાદ કામ શરૂ થશે, એવી માહિતી અધિકારીએ આપી હતી.

બોરીવલીથી વિરાર દરમિયાન પાંચમી અને છઠ્ઠી લાઇન નાખવાનું કામ આ સાથે હાર્બર લાઇનને બોરીવલી સુધી વધારવાનું કામકાજ યુદ્ધના ધોરણે કરવામાં આવવાનું છે. ગોરેગામથી બોરીવલી માર્ગમાં મલાડ સ્ટેશનને એલિવેટેડ કરવામાં આવવાનું છે, જેથી પ્રવાસીઓને વધુ સારી સગવડ મળશે. તેમ જ કાંદિવલી અને બોરીવલી સ્ટેશનના વિકાસ માટે પણ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે, જેને હવે મંજૂરી મળી ગઈ છે.

હાર્બર લાઇનને બોરીવલી સુધી વધારવા માટે જીઓટેક સર્વેક્ષણ, ડ્રોન સર્વેક્ષણ, સાઇટ સર્વેક્ષણ, વૃક્ષ-જમીન વગેરેનું સર્વેક્ષણ પૂર્ણ થઈ ગયું છે. હાર્બર લાઇન માટે જમીન સંપાદન, વૃક્ષો હટાવવા, સંરેખણ અને બ્રિજ માટેનો પ્રસ્તાવ રાજ્ય સત્તામંડળને મોકલવામાં આવ્યો છે.

હાલના સમયમાં સીએસટીથી ગોરેગામ સુધી હાર્બર લાઇનની લોકલ સેવા ઉપલબ્ધ છે. જેને લીધે પ્રવાસીઓને ગોરેગામ ઉતરીને આગળનો પ્રવાસ કરવો પડે છે. જેથી હાર્બર લાઇનને પશ્ચિમ રેલવેના બોરીવલી સુધી વિસ્તારવાનો પ્રસ્તાવ ૨૦૧૯માં રજૂ કરવામાં આવ્યો હતો.

હાર્બર લાઇનને વિસ્તાર કરવાનું કામ ગોરેગામથી મલાડ અને મલાડથી બોરીવલી આમ બે તબક્કામાં કરવામાં આવવાનું છે. પહેલા તબક્કાનું કામકાજ ૨૦૨૬-૨૭ સુધી અને બીજા તબક્કાનું કામકાજ ૨૦૨૭-૨૮ સુધી પૂર્ણ કરવામાં આવશે અને આ કામ માટે અંદાજે ૮૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવવાનો છે અને જૂન ૨૦૨૪માં કામ શરૂ થશે, એવી માહિતી પશ્ચિમ રેલવેએ આપી હતી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# કૉંગ્રેસનો દલિતો-મુસ્લિમોનો વોટબૅંક તરીકે ઉપયોગઃ શિંદે

શિરડીઃ કોંગ્રેસે દલિતો અને મુસ્લિમોનો માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કર્યો છે, ગરીબોને ગરીબ રાખવામાં આવ્યા હતા એવી ટીકા કરતાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે કોંગ્રેસનું સૂત્ર ગરીબી હટાવવાનું હતું, પરંતુ તેમના કાર્યકાળમાં દેશમાં ગરીબો હટાવાયા છે, ગરીબી દૂર થઈ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ કરોડ લોકોને ગરીબી રેખાથી ઉપર લાવ્યા છે. શિંદેએ કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગરીબોના ઉત્થાન કરનારા નેતા તરીકે જોવામાં આવે છે.

એકનાથ શિંદે મહાયુતિના શીરડીના ઉમેદવાર સદાશિવ લોખંડેના પ્રચાર માટે આયોજિત જાહેરસભામાં બોલી રહ્યા હતા.

કેન્દ્ર સરકાર કાયમ ખેડૂતોની સાથે છે. સોયાબીન, કપાસના પાકને નુકસાન થયું છે. ખેડૂત જ્યારે મુશ્કેલીમાં આવશે, ત્યારે અમારી સરકાર ખેડૂતોની પડખે ઉભી રહેશે. તેઓને તડકે મૂકવામાં આવશે નહીં. આ અમારી સરકારનો દ્રઢ વિશ્વાસ છે, એમ શિંદેએ કહ્યું હતું.

(જુઓ પાનું ૪) ▶▶

## શ્રીકાંત શિંદેની હનુમાન જયંતીની હટકે ઉજવણી

### બનાવ્યો હનુમાન ચાલીસાનો વીડિયો

મુંબઈઃ લોકસભાની એક ચર્ચા દરમિયાન હનુમાન ચાલીસાનો પાઠ કરીને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના પુત્ર તેમ જ સાંસદ શ્રીકાંત શિંદે ચર્ચામાં આવ્યા હતા. જોકે, મંગળવારે હનુમાન જયંતિ નિમિત્તે શ્રીકાંત શિંદે ફરી એક વખત હનુમાનજીની ભક્તિના કારણે ચર્ચામાં આવ્યા છે.

શ્રીકાંત શિંદેએ હનુમાન જયંતિની હટકે ઉજવણી કરી હતી અને પોતાના સ્વરમાં ગાયેલી હનુમાન ચાલીસાનો વિવિધ ઇફેક્ટ્સ સાથેનો વીડિયો સોશિયલ મીડિયા પર મૂક્યો હતો.

હાલ લોકસભાની ચૂંટણીના પ્રચારનો માહોલ છે અને એવા સમયે શ્રીકાંત શિંદેએ પોતાના સ્વરમાં ગાયેલી હનુમાન ચાલીસાનો વીડિયો મૂક્યો છે તે ઘણો જ ચર્ચામાં છે. બે દિવસ પહેલા જ 'આમચં કામ બોલતં' એટલે કે અમારું કામ બોલે છે આ નારા

(જુઓ પાનું ૪) ▶▶

## આ મરાઠા અને પછાત સમુદાયોનું અપમાન છે

### આદિત્ય ઠાકરેના નિવેદન પર શિંદેનો જવાબ

પરભણીઃ એક સામાન્ય શિવસૈનિક, ખેડૂત પરિવારનો વ્યક્તિ મુખ્યમંત્રી બન્યો અને તેને કારણે કેટલાક લોકોના પેટમાં ખૂબ દુખાવો થયો. એટલા માટે તેઓ નિમ્ન કક્ષાએ જઈને મારી ટીકા કરી રહ્યા છે. મને ગાળો દઈ રહ્યા છે, પરંતુ આ દુર્વ્યવહાર ફક્ત માત્ર મારા માટે જ નથી પરંતુ રાજ્યના તમામ ખેડૂતો, મજૂરો, મરાઠાઓ અને બહુજન માટે પણ છે. મોઢામાં સોનાની ચમચી લઈને જન્મ્યો છે, પરંતુ તેમને યોગ્ય સંસ્કાર આપવામાં આવ્યા નથી. તેમના હાથમાંથી સત્તા ગઈ ત્યારથી ગાંડા થઈ ગયા છે. મણિશંકર ઐયર અને કોંગ્રેસની ભાષામાં વાત શરૂ કરી દીધી છે. હું તેમને મારા કામ પરથી જવાબ આપીશ, એમ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પાથરી ખાતેની બેઠકમાં કહ્યું હતું.

પરભણીમાં મહાયુતિના ઉમેદવાર મહાદેવ

(જુઓ પાનું ૪) ▶▶



**જય હનુમાનઃ** મંગળવારે હનુમાન જયંતી નિમિત્તે મુંબઈના જુહુ બીચ ખાતે સેન્ડ આર્ટિસ્ટ લક્ષ્મી ગૌડે હનુમાનજીની રેતીમાંથી સાત ફૂટની પ્રતિકૃતિ તૈયાર કરી હતી. (અમય ખરાડે)

# કાળઝાળ ગરમીમાં એસી લોકલનું એસી બંધ

## ફરિયાદ કરનાર પ્રવાસીઓ સામે રેલવેએ કરી કાર્યવાહી

મુંબઈઃ ગરમીને લીધે અનેક લોકોએ મુંબઈની એસી લોકલને વધુ પસંદગી આપી છે. જોકે એસી લોકલ માટે મોંઘી ટિકિટ લીધા છતાં પ્રવાસીઓને ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. મધ્ય અને પશ્ચિમ લાઇનમાં એસી ટ્રેન સેવા શરૂ કરવામાં આવી છે. એસી લોકલમાંથી રોજે લાખો પ્રવાસીઓ મુસાફરી કરે છે, પણ મોટે ભાગે ટ્રેનોમાં લગાવેલું એસી બંધ રહેતા લોકોને ગરમી સહન કરવાની સાથે તેમનો શ્વાસ પણ રુંધાય રહ્યો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. મધ્ય રેલવેના કલ્યાણ સ્ટેશન પર એસી લોકલનું એસી બંધ પડી જતાં પ્રવાસીઓએ આ મામલે હંગામો મચાવ્યો હતો. જોકે રેલવે પ્રશાસને પોતાની ભૂલને સ્વીકારવાને બદલે પ્રવાસીઓ સામે જ કાર્યવાહી કરી હતી, જેને લીધે લોકોમાં આક્રોશ દેખાઈ રહ્યો છે.

કલ્યાણથી રવાના થતી એક એસી લોકલ ટ્રેનનું એસી અચાનક બંધ પડી જતાં ટ્રેનમાં બેસેલા પ્રવાસીઓની ભારે હાલાકી થઈ હતી. એસી બંધ થઈ જતાં પ્રવાસીઓને ટ્રેનની અંદર શ્વાસ લેવામાં પણ મુશ્કેલી સર્જાઈ હતી. આ અંગે પ્રવાસીઓએ કલ્યાણ સ્ટેશન પર હંગામો મચાવ્યો હતી, જેને લીધે સ્ટેશન પરના પોલીસ જવાનો ઘટના સ્થળે પહોંચીને બે પ્રવાસીઓને તાબામાં લીધા હતા અને ત્યાર બાદ

(જુઓ પાનું ૪) ▶▶

# થાણેના અમુક વિસ્તારોમાં ગુરુ-શુક્ર ૨૪ કલાક પાણીપુરવઠો બંધ

થાણેઃ થાણે મહાપાલિકા દ્વારા વિલા નાલા પુલનું કામકાજ કરી તેને શહેરમાં પાણી પુરવઠો કરતી મુખ્ય પાઇપ લાઇન સાથે જોડવામાં આવવાની છે. આ કામકાજને લીધે થાણેના અનેક વિસ્તારોમાં ગુરુવારે સવારે નવ વાગ્યાથી શુક્રવારે સવારે નવ વાગ્યા સુધી પાણીનો પુરવઠો પૂર્ણપણે બંધ રાખવામાં આવવાનો છે.

આ બાબતે માહિતી આપતા એક અધિકારીએ કહ્યું હતું કે થાણેના રબોડી નંબર એક અને બે, કે વ્હિલા, આકાશગંગા, પંચગંગા, ઉથલસર, સેન્ટ્રલ જેલ વિસ્તાર, પોલીસ લાઇન વિસ્તાર અને નૌપાડા વૉર્ડ વિસ્તારમાં એન.કે.ટી. કોલેજ કેમ્પસ, ખારકર અલી, પોલીસ હાઈસ્કૂલ વગેરે વિસ્તારોમાં ૨૪ કલાક માટે પાણી પુરવઠાને બંધ રાખવામાં આવવાનો છે.

૨૪ કલાકના પાણી બ્લોકને લીધે કામકાજ પૂર્ણ થયાના આગામી એક-બે દિવસ સુધી ઓછા દબાણે પાણીપુરવઠો કરવામાં આવી શકે છે. પાણી બંધ રહેવાને લીધે પાલિકાએ નાગરિકોને પાણીનો સંગ્રહ કરીને રાખવાની સલાહ આપી છે. ■

# હાર્બર લાઇનને બોરીવલી સુધી વિસ્તારવાના પ્રસ્તાવને મંજૂરી

### મે મહિનામાં ટેન્ડર પ્રક્રિયા શરૂ થશે

મુંબઈઃ પશ્ચિમ રેલવેના સૌથી મોટા જંકશન બોરીવલી સ્ટેશનને હાર્બર લાઇન સાથે જોડવામાં આવવાનું છે. ગોરેગામથી બોરીવલી સુધી હાર્બર લાઇનનો વિસ્તાર કરવા માટે મે મહિનામાં ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવશે

(જુઓ પાનું ૪) ▶▶

### બ્રિટિશ એરલાઇન્સના છબરડા

# છેલ્લી ઘડીએ ફ્લાઈટ રદ કરાતા અનેક પ્રવાસીઓ રઝળી પડ્યા



**જાણીતા લેખિકા કાજલ ઓઝાને રદ કરવો પડ્યો અમેરિકાનો કાર્યક્રમ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બ્રિટિશ એરવેઝ જેવી સારી અને સુવિધાપૂર્ણ ગણાતી એરલાઈન્સમાં પણ ઘણી વખત અસુવિધાનો અનુભવ થતો હોય છે. આવી જ એક ઘટના ૨૩મી એપ્રિલ મંગળવારે બની હતી જ્યારે મુંબઈથી લંડન જનારી ફ્લાઇટ રદ કરવામાં આવતા પ્રવાસીઓ રઝળી પડ્યા હતા.


બ્રિટિશ એરવેઝની ફ્લાઈટ નં. બીએ ૧૩૪ મુંબઈ-લંડન-સવારે સાડા નવ વાગ્યે ઉપડવાની હતી. અમદાવાદથી જનારા પેસેન્જર્સ માટે વિસ્તારાનું કનેક્શન ઉપલબ્ધ હતું. એટલે સવારે ૪.૫૦ની વિસ્તારાની ફ્લાઈટ બોર્ડ કરવા માટે જ્યારે પ્રવાસીઓ એરપોર્ટ પહોંચ્યા ત્યારે ખબર પડી કે મુંબઈથી લંડનની ફ્લાઈટ છેલ્લી ઘડીએ કેન્સલ થઈ ગઈ છે. ફ્લાઇટ કેન્સલ થવાને કારણે અનેક પ્રવાસીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ ફ્લાઇટમાં જાણીતા લેખિકા અને વક્તા કાજલ ઓઝા વૈદ્ય પણ પ્રવાસ કરવાના હતા. એમનો પ્રવાસ પણ કેન્સલ થયો હતો અને છેલ્લી ઘડીએ ફ્લાઇટ કેન્સલ થવાને કારણે તેમનો અમેરિકાનો કાર્યક્રમ પણ રદ કરવાની ફરજ પડી હતી.

કાજલ ઓઝાનો બીજા દિવસે એટલે કે બુધવારે રિચમંડ-વર્જિનિયામાં કાર્યક્રમ હતો. હિતેશભાઈ જોશીએ તેમને આમંત્રણ આપ્યું હતું અને એમની બિઝનેસ ક્લાસની (જુઓ પાનું ૪) ▶▶

# જાહેર ક્ષેત્રની બૅન્કને લુકઆઉટ સર્ક્યુલર જારી કરવાની સત્તા નથીઃ હાઈ કોર્ટ

મુંબઈઃ બેન્કની લેણી નીકળતી રકમ ચૂકવી દેવામાં નિષ્ફળ રહેલા કરજદાર (ડિફોલ્ટર્સ) સામે લુકઆઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કરવાની સત્તા પબ્લિક સેક્ટર યુનિટ (પીએસયુ) બૅન્ક પાસે નથી એવો ચુકાદો બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે આપ્યો હતો. આ સાથે પીએસયુ બૅંકો દ્વારા ડિફોલ્ટરો સામે જારી કરવામાં આવેલા તમામ એલઓસી રદબાતલ થઈ જશે. ન્યાયમૂર્તિ ગૌતમ પટેલ અને ન્યાયમૂર્તિ માધવ જામદારની ખંડપીઠે કેન્દ્ર સરકાર દ્વારા (જુઓ પાનું ૪) ▶▶

# રણવીરસિંહે ડીપફેક વીડિયો બદલ પોલીસમાં નોંધાવી ફરિયાદ



મુંબઈઃ રાજકીય પક્ષને સમર્થન આપતો હોય તેવી ડીપફેક વીડિયો બદલ ફિલ્મ અભિનેતા રણવીર સિંહ દાદર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ કરી છે. ગયા સપ્તાહે અભિનેતા આમિર ખાન સાથે પણ આવું જ બન્યું હતું.

વીડિયોમાં રણવીર કેસરી કુરતા અને વિવિધ ધાર્મિક ચિહ્નો સાથેની શાલમાં બતાવાયો છે અને શાસક પક્ષ રોજગારી પૂરી પાડવામાં, મોંઘવારી પર અંકુશ રાખવામાં અને પ્રગતિ કરવામાં અસક્ષમ હોવાનું બોલી રહ્યો છે. વીડિયોમાં તે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું નામ પણ લેતો હોવાનું નજરે પડે છે. આ અંગે રણવીરની ટીમે દાદર પોલીસને લેખિત અરજી કરી છે.

ફરિયાદમાં જણાવાયું છે કે રણવીરે તાજેતરમાં વારાણસીમાં ઇન્ટરવ્યૂ આપ્યો

(જુઓ પાનું ૪) ▶▶

# કલ્યાણ - ડોમ્બિવલીમાં પાણીદરમાં વધારો નહીં

કલ્યાણઃ કલ્યાણ - ડોમ્બિવલી પાલિકાની હદમાં રહેતા નાગરિકોએ જૂના દર અનુસાર જ પાણી બિલ ભરવાનું રહેશે. પાલિકા પ્રશાસને દરમાં વધારો નહીં કરવાનો નિર્ણય લીધો છે જેને સરકારની મંજૂરી મળતા પહેલી એપ્રિલથી જૂના દર અનુસાર બિલ વસૂલ કરવામાં આવશે. પાલિકાનું બજેટ તૈયાર કરવા પૂર્વે પાણી પુરવઠા વિભાગ દ્વારા મહેસૂલમાં વધારો કરવા માટે પાણીના દરમાં વધારો કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવે છે. નવા દર જો લાગુ કરવામાં આવે તો નાગરિકો દ્વારા

(જુઓ પાનું ૪) ▶▶

# મંત્રાલયમાં શાળા શિક્ષણ વિભાગના ખાતામાંથી ₹ ૪૭ લાખની ઉચાપત

મુંબઈઃ સુરક્ષાથી ઘેરાયેલા મંત્રાલયમાં બેન્કમાંના રાજ્યના શાળા શિક્ષણ વિભાગના ખાતામાંથી બનાવટી સ્ટેમ્પ, ચેક તેમ જ હસ્તાક્ષરને આધારે ચાર તબક્કામાં રૂ. ૪૭.૬૦ લાખની ઉચાપત કરવામાં આવી હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. વહીવટી વિભાગને તેને કારણે મોટો આંચકો લાગ્યો છે. આ પ્રકરણે મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો.

પોલીસ તપાસમાં એવું સામે આવ્યું છે કે શાળા શિક્ષણ વિભાગના ખાતામાંથી ઉપાડવામાં આવેલાં નાણાં નમિતા બગ, પ્રમોદ સિંહ, તપ કુમાર, ઝિનત ખાતૂન નામની વ્યક્તિઓનાં ખાતામાં જમા થયાં છે. જોકે એ ચારેય જણ કોણ છે, તેમની સાથે કઇ-કઇ વ્યક્તિ છે તેની મરીન ડ્રાઇવ પોલીસ તપાસ કરી રહી છે.

મંત્રાલયમાં બેન્કમાં આ રીતે ચોરીથી નાણાંની ઉચાપત કરાતાં આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવી રહ્યું છે.

જોકે આ રીતે સરકારી ખાતામાંથી અગાઉ પણ નાણાંની ઉચાપત કરવામાં આવી હતી. આ પૂર્વે પર્યટન વિભાગના ખાતામાંથી રૂ. ૬૭ લાખ ઉપાડી લેવામાં આવ્યા હતા. વાસ્તવમાં મંત્રાલયમાં કોઇ પણ નાગરિકને સહજતાથી પ્રવેશ મળતો નથી. દરેક ઠેકાણે કડક તપાસ કરવામાં આવે છે. આમ છતાં મંત્રાલયમાં આવી ઘટના બની છે. આ અંગે જેને સર્વ માહિતી હોય તેવી વ્યક્તિનો જ હાથ હોવાની શક્યતા પોલીસ તપાસી રહી છે.

# અજિત પવારના પુત્ર પાર્થને 'વાય પ્લસ' સુરક્ષા

પુણેઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને એનસીપીના બારામતી લોકસભા મતદારસંઘના ઉમેદવાર સુનેત્રા પવારના જ્યેષ્ઠ પુત્ર પાર્થ પવારને 'વાય પ્લસ' સુરક્ષા કવચ આપવામાં આવી હોવાની જાણકારી પુણે પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ મંગળવારે આપી હતી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મવાળ લોકસભા બેઠક પર પાર્થનો અભંગ શિવસેનાના સાંસદ સભ્ય શ્રીરંગ બર્ને સામે પરાજય થયો હતો. આ વખતે પાર્થ માતા સુનેત્રા પવાર માટે પ્રચાર કરી રહ્યા છે.

પુણે પોલીસ કમિશનર અમીતેશ કુમારે જણાવ્યું હતું કે સુરક્ષા કવચ આપવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો હતો. એનસીપીના સ્થાનિક કાર્યકરે આપેલી માહિતી અનુસાર સલામતીના કારણોસર પાર્થને 'વાય પ્લસ' સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે. (પીટીઆઈ) ■

# ગડકરીના પ્રચારમાં શાળાના વિદ્યાર્થીઓ

### આચારસંહિતાનો ભંગ થયો હોવાનું પુરવાર થતા ચૂંટણી પંચની કાર્યવાહી

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીના ચૂંટણી પ્રચારમાં શાળાના વિદ્યાર્થીઓનો ઉપયોગ કરવા મામલે તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં ખરેખર પ્રચાર માટે શાળાના વિદ્યાર્થીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું પુરવાર થતા ચૂંટણી પંચ દ્વારા કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

નાગપુર લોકસભા બેઠકના ઉમેદવાર નીતિન ગડકરીએ પ્રચારમાં શાળાના વિદ્યાર્થીઓનો ઉપયોગ કરીને આદર્શ આચારસંહિતાનો ભંગ કર્યો હોવાની ફરિયાદ કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા અતુલ લોંઢે દ્વારા કરવામાં આવી હતી. ત્રીજી એપ્રિલના રોજ કરવામાં આવેલી આ ફરિયાદમાં જણાવાયા અનુસાર ચૂંટણી પંચ દ્વારા સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યા છે કે ચૂંટણી સંબંધિત કાર્યક્રમોમાં નાના બાળકોનો ઉપયોગ કરવો નહીં, છતાં ગડકરી દ્વારા તેમના પ્રચાર માટે શાળાના વિદ્યાર્થીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પહેલી એપ્રિલના રોજ એનએસવીએમ ફુલવારી હાઇસ્કૂલના વિદ્યાર્થીઓએ બપોરે ૧૨થી એક વાગ્યા દરમિયાન વૈશાલી નગર વિસ્તારમાં ગડકરીની પ્રચાર રેલીમાં ભાગ લીધો હતો. આ અત્યંત ગંભીર બાબત છે અને રાજકીય પ્રચાર માટે બાળકોનો ઉપયોગ કરવો તે બાળ કામગાર પ્રતિબંધક કાયદાનું પણ ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાનું ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું. જેને પગલે ચૂંટણી પંચે શાળાના સંચાલક મુરલીધર પવનીકર તેમ જ પ્રિન્સિપાલ વિરુદ્ધ કાર્યવાહી કરવાનો આદેશ શિક્ષણાધિકારીને આપ્યો હતો. ■

### સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબાર

# સુરતની તાપી નદીમાંથી બે પિસ્તોલ, કારતૂસો પોલીસે શોધી કાઢી

મુંબઈઃ બોલીવૂડના સ્ટાર સલમાન ખાનના બાંદ્રામાં આવેલા નિવાસસ્થાન બહાર ગોળીબાર કરનારા બિશ્નોઇ ગેન્ગના બંને શૂટરે સુરતની તાપી નદીમાં ફેંકેલી બે પિસ્તોલ અને કારતૂસો મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે સર્ચ ઓપરેશન હાથ ધરીને શોધી કાઢી હતી. ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૯ના ઇન્ચાર્જ અને તેમની ટીમ સોમવારે સવારે એક શૂટરને લઇ સુરત પહોંચી હતી અને તાપી નદીમાં મરજીવાઓની મદદથી શોધ આદરી હતી. સર્ચ ઓપરેશનમાં પોલીસને બે પિસ્તોલ, ચાર મેગેઝિન અને ૧૭ કારતૂસો નદીમાંથી મળી આવી હતી. સલમાન ખાનના નિવાસસ્થાનની બહાર ૧૪ એપ્રિલે ગોળીબાર કરવામાં આવ્યો હતો અને તેના ગણતરીના કલાકોમાં અનમોલ બિશ્નોઇના ફેસબૂક પેજ પર મેસેજ પોસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં ગોળીબારની જવાબદારી બિશ્નોઇ ગેન્ગે સ્વીકારી હતી. આ કેસની તપાસ કરનારી ક્રાઇમ બ્રાન્ચે ગુનામાં સંડોવાયેલા બિશ્નોઇ ગેન્ગના બંને (જુઓ પાનું ૪) ▶▶

# લૂંટને ઇરાદે મહિલા પર ચાકુથી હુમલો

થાણેઃ ટિટવાલામાં લૂંટને ઇરાદે ઘરમાં ઘૂસીને મહિલા પર ચાકુથી હુમલો કરનારા રીઢા આરોપીને પોલીસે પકડી પાડી લોકઅપભેગો કર્યો હતો. ટિટવાલાના બાનેલી ગામમાં રહેતી મહિલા સોમવારે બપોરે ઘરમાં એકલી હતી ત્યારે આરોપી લૂંટને ઇરાદે ઘરમાં ઘૂસી આવ્યો હતો. આરોપીએ મહિલાના દાગીના લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ પ્રતિકાર કરતાં આરોપીએ તેના પર ચાકુના ઘા ઝીંકી દીધા હતા. દરમિયાન ઘાયલ મહિલાએ બૂમાબૂમ કરી મૂકતાં પડોશીઓ તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને તેમણે આરોપીને પકડી પાડ્યો હતો. (પીટીઆઇ) ■

### સફેદ અથવા બ્લુ રંગનો યુનિફોર્મ પર કર્મચારીના પદ અનુસાર બ્લુ કે લાલ રંગની પટ્ટીઓ હોવી જોઈએ

# પોલીસની જેમ એફડીએ અધિકારીઓને પણ યુનિફોર્મ-પ્રશિક્ષણ આપવાનો પ્રસ્તાવ

મુંબઈઃ અન્ન અને ઔષધ પ્રશાસન (ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન - એફડીએ)ના અધિકારીઓ પણ પોલીસની માફક તપાસ કરવી, છાપો મારવો અને અન્ય જવાબદારી પાર પાડતા હોય છે. જોકે, પોલીસની જેમ યુનિફોર્મ તેમજ અન્ય અધિકાર તેમની પાસે ન હોવાથી તેઓ આગળની કાર્યવાહી નથી કરી શકતા. આ પરિસ્થિતિમાં પોલીસની જેમ એફડીએના અધિકારીઓને પ્રશિક્ષણ તેમજ યુનિફોર્મ આપવા અંગે પ્રસ્તાવ રાજ્ય સરકારને મોકલવામાં આવ્યો છે. પોલીસ જેવા ખાખી યુનિફોર્મને બદલે કસ્ટમ ડિપાર્ટમેન્ટમાં હોય છે એવા સફેદ અથવા બ્લુ રંગનો યુનિફોર્મ તેમજ એ યુનિફોર્મ પર અધિકારી - કર્મચારીના પદ અનુસાર બ્લુ કે લાલ રંગની પટ્ટીઓ હોવી જોઈએ એમ પણ પ્રસ્તાવમાં જણાવવામાં આવ્યું છે.

ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા મુખ્યત્વે ઔષધ તેમજ અન્ન વગેરે પ્રકારમાં ગેરકાયદે પ્રવૃત્તિ અટકાવવા કામ કરવામાં આવે છે. એ માટે ડ્રગ ઈન્સ્પેક્ટર તેમજ એફડીએના સુરક્ષા અધિકારીની ટીમની નિમણૂક કરવામાં આવે છે. આ અધિકારીઓએ પોલીસની માફક ગેરકાયદે પ્રવૃત્તિની માહિતી પણ મેળવવી પડે છે. માહિતી મળ્યા પછી છાપો મારવો પડે છે. ત્યારબાદ તપાસ કર્યા પછી કેસ દાખલ કરી શકાય છે. ■

# થાણેમાં ભૂતપિશાચ ભગાવવાને બહાને પૈસા પડાવનારો ઢોંગીબાબા પકડાયો

થાણેઃ થાણેમાં પતિથી અલગ થયેલી અને વારંવાર બીમાર પડતી પુત્રીને માતા ટિટવાલા વિસ્તારમાં બાબા પાસે લઇ ગઇ હતી. ઢોંગીબાબાએ ભૂતપિશાચ હોવાનું જણાવીને તે ભગાવવા સ્મશાનમાં વિધિ કરવા બોલાવી હતી, પણ આની જાણ થયા બાદ ગામવાસીઓએ ઢોંગીબાબાને પકડી પાડી સ્થાનિક પોલીસને હવાલે કર્યો હતો. ૪૦ વર્ષની મહિલા ઢોંગીબાબાના સંપર્કમાં આવી હતી, જે ટિટવાલા વિસ્તારમાં રહેતો હતો. મહિલા બાદમાં પુત્રીની સારવાર માટે તેને આઠ વાર મળી હતી, તેમ છતાં પુત્રીના સ્વાસ્થ્યમાં કોઇ ફરક પડ્યો નહોતો. આથી આરોપીએ મહિલાને તેની પુત્રી તથા પરિવારના સભ્યો સાથે પડઘા-બોરીવલી માર્ગ પર સ્મશાનમાં ૨૦ એપ્રિલે રાતે વિધિ કરવા બોલાવી હતી. આરોપીએ વિધિ માટે મહિલા પાસે રૂ. પાંચ હજાર માગ્યા હતા. મહિલા તેની પુત્રી સાથે સ્મશાનમાં પહોંચી ત્યારે ભૂતપિશાચ ભગાવવા માટે અન્ય સાતથી આઠ લોકો ત્યાં આવ્યા હોવાનું જણાયું હતું. આરોપીએ વિધિ શરૂ કરી ત્યારે ૧૦થી ૧૨ ગામવાસીઓ ત્યાં આવી પહોંચ્યા હતા અને તેમણે આરોપીને પકડી પાડીને તે ઢોંગીબાબા હોવાનું જણાવ્યું હતું. તેઓ આરોપીને બાદમાં નજીકના મંદિરમાં લઇ ગયા હતા. દરમિયાન આ અંગે જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તેમણે આરોપીને તાબામાં લીધો હતો. (પીટીઆઇ) ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ઓળખાણ રાખો



'મારે પણ એક ઘર હોય' એ શાશ્વત ભાવના છે. મોટાભાગના લોકોએ ફિલ્મમાં જોયા હોય એવા આ બરફના ઘર કયા નામથી ઓળખાય છે એ કહી શકશો?

અ) એડોબ  બ) કોટેજ  ક) ઈગ્લૂ  ડ) ઓવલાઈટ

## ભાષા વૈભવ...

અંગ્રેજી-ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| Sort | ગોળી મારવી |
| Sortie | મેશ |
| Suit | હુમલો |
| Soot | પ્રકાર |
| Shoot | પોશાક |

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ર | મ | ણ | ૨ ભ | ૩ મ | ણ | ■ | ૪ અ | લ | ૫ ગ |
| હે | ■ | ■ | ૬ ડ | ર | ■ | ૭ આં | ચ | ■ | રી |
| ૮ મ | ૯ વા | લી | ■ | ણા | ■ | ૧૦ ગ | લ | ■ | બ |
| ૧૧ દિ | લી | ■ | ૧૨ ક | સ | ન | ળી | ■ | ૧૩ ભા | ન |
| લ | ■ | ૧૪ પ્રા | ■ | ન્ન | ■ | ■ | ૧૫ પ | ર | વા |
| ■ | ૧૬ કુ | મા | ર | ■ | ૧૭ જે | ૧૮ લ | ર | ■ | જ |
| ૧૯ છીં | ક | ણી | ■ | ૨૦ કા | લ | ગ | ણ | ૨૧ ના | ■ |
| ૨૨ ક | ર | ક | ૨૩ મ | લ | ■ | ભ | ■ | ૨૪ ન | ૨૫ ત |
| વું | ■ | ■ | ળા | ■ | ૨૬ વ | ગ | ■ | ૨૭ પ | ર |
| ■ | ૨૮ સ | ળ | વ | ળા | ટ | ■ | ૨૯ જ | ણ | સ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ■ | ૪ | | ૫ | |
| ૬ | | | ■ | ■ | ૭ | | ■ | | ■ |
| | ■ | | ■ | ૮ | | | ■ | ■ | ૯ |
| ■ | ૧૦ | | ૧૧ | ■ | ૧૨ | | ૧૩ | ■ | |
| ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | | ■ | ૧૭ | | |
| ૧૮ | | ૧૯ | ■ | ૨૦ | | | | ■ | |
| | ■ | ૨૧ | | | | ■ | ■ | ૨૨ | ■ |
| ૨૩ | ૨૪ | | ■ | | ■ | ૨૫ | ૨૬ | | ૨૭ |
| ૨૮ | | ■ | ૨૯ | | ■ | ■ | ૩૦ | | |
| ■ | ૩૧ | | | ■ | ૩૨ | | | | ■ |

**આડી ચાવી**

૧. સંતાડવું તે (૫)
૪. સૌથી સારું (૪)
૬. ખોટ, કમી (૩)
૭. પ્રતિમા (૨)
૮. કપિ (૩)
૧૦. સાંકળ (૩)
૧૨. ગામડિયો, અભણ (૩)
૧૪. ગાવાની ઢબ (૨)
૧૫. સારાપણું (૩)
૧૭. પકડ, કબજો, કાબૂ (૩)
૧૮. ચંદનનાં જંગલવાળો પર્વત (૩)
૨૦. બુદ્ધિ ભ્રષ્ટ થવી તે (૪)
૨૧. સાથી, પક્ષકાર (બ.વ.) (૪)
૨૩. ભાર, બોજ (૩)
૨૫. વખાણ (૪)
૨૮. માછલી (૨)
૨૯. ટાલિયાંને માથે ના હોય (૨)
૩૦. લઇ જવું તે (૩)
૩૧. બહાદુર, વીર પુરુષ (૩)
૩૨. આગળ પડતા (૪)

**ઊભી ચાવી**

૧. --- માં પાણી લઈ ડૂબી મરો (૩)
૨. બંડીની દોરી (૨)
૩. એક રંગ (૪)
૪. --- દિવસે એટલે સારા દિવસે (૪)
૫. મોક્ષ, કલ્યાણ, યશ (૨)
૭. છાની વાતો (૬)
૯. નદીનાં પાણી---માં વહેતાં (૪)
૧૦. રાન, વગડો (૩)
૧૧. પૃથ્વી (૨)
૧૩. રિવાજ, વિધિ (૩)
૧૪. રામનો જન્મદિવસ (૫)
૧૬. રમતમાં ચિત્તવાળું (૫)
૧૯. એક રાગ (૩)
૨૨. હીરામાણેક વગેરે ઝવેરાત (૪)
૨૪. ---કે ફેરે- હિંદી ફિલ્મ (૩)
૨૬. વિષય વાસના (૩)
૨૭. ઉતરતી કક્ષાનું (૨)
૨૯. અનુકરણ, નકલ (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'કેટલાક લોકોમાં મોટી ઉંમરે પણ શૈશવનાં લક્ષણો જોવા મળે છે' પંક્તિમાં શૈશવ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) શંકા  બ) બાળપણ  ક) શાણપણ  ડ) ઉતાવળ

## માતૃભાષાની મહેક

વસ્તુમાત્રની અનેકવિધ છાપ આપણા મન પર પડે છે. સાંખ્ય દર્શન અનુસાર દસ ઇન્દ્રિયો, બુદ્ધિ, અહંકાર અને મન મળી તેર પ્રકારનાં કરણો છે. દસ ઇન્દ્રિયો બાહ્યકરણ કહેવાય છે. બુદ્ધિ, અહંકાર અને મન એ અંતઃકરણ કહેવાય છે. ઇન્દ્રિયોના વ્યાપારમાં મનનું પ્રાધાન્ય, મનના વ્યાપારમાં અહંકારનું પ્રાધાન્ય અને અહંકારના વ્યાપારમાં બુદ્ધિનું પ્રાધાન્ય છે.

## સુડોકુ-૫૦૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૯ | ૨ | | ૭ | ૫ | | ૬ |
| ૫ | ૬ | | | | | | ૩ | ૯ |
| | ૨ | | ૫ | | ૬ | | ૮ | |
| | ૯ | | ૮ | | ૫ | | ૭ | |
| | | | | | | | | |
| | ૭ | | ૪ | | ૯ | | ૬ | |
| | ૩ | | ૯ | | ૮ | | ૧ | |
| ૨ | ૫ | | | | | | ૯ | ૮ |
| ૯ | | ૧ | ૭ | | ૨ | ૪ | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૬૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૫ | ૯ | ૪ | ૭ | ૬ | ૨ | ૩ |
| ૬ | ૭ | ૩ | ૨ | ૧ | ૫ | ૪ | ૮ | ૯ |
| ૪ | ૨ | ૯ | ૩ | ૮ | ૬ | ૭ | ૫ | ૧ |
| ૭ | ૩ | ૨ | ૬ | ૫ | ૯ | ૧ | ૪ | ૮ |
| ૫ | ૮ | ૪ | ૧ | ૭ | ૩ | ૯ | ૬ | ૨ |
| ૯ | ૬ | ૧ | ૮ | ૨ | ૪ | ૫ | ૩ | ૭ |
| ૨ | ૫ | ૭ | ૪ | ૯ | ૮ | ૩ | ૧ | ૬ |
| ૩ | ૪ | ૮ | ૭ | ૬ | ૧ | ૨ | ૯ | ૫ |
| ૧ | ૯ | ૬ | ૫ | ૩ | ૨ | ૮ | ૭ | ૪ |

## ગુજરાત મોરી મોરી રે

'નાણાંની રેલમછેલ હોય ત્યારે સગાં થવા સૌ દોડતા આવે' એ ભાવાર્થની કહેવતના શબ્દો આડા અવળા થઇ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ત્યારે પણ મળે ઘણાં મળે સગાં પૈસા

## ઈર્શાદ

પડછાયો પણ તિમિરમાં નથી સાથ આપતો,
મુશ્કિલ સમયમાં કોણ વફાદાર હોય છે?

– હેમેન શાહ

## માઈન્ડ ગેમ

દસ ગ્રોસ હાફુસ કેરી ખરીદતી વખતે જો રૂપિયા ૭૪,૪૦૦ ચૂકવ્યા હોય તો એક ડઝન કેરીનો ભાવ શું થાય એ તમારું ગણિતનું જ્ઞાન કામે લગાડી જણાવો.

અ) ૫૪૦  બ) ૫૯૫
ક) ૬૨૦  ડ) ૬૫૦

## ગયા બુધવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| Rap | ટકોરો |
| Rape | બળાત્કાર |
| Wrap | વીંટવું |
| Warp | દોરડું |
| Wasp | ભમરી |

**ગુજરાત મોરી મોરી રે**
તમાશાને તેડું નહીં, ને બાવળિયાને ખેડુ નહીં

**ઓળખાણ પડી?**
વેષ્ટિ

**માઈન્ડ ગેમ**
૩૫ અંશ

**ચતુર આપો જવાબ**
ઉખાણું ઉકેલો
સૂર્ય

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) તાહેર ઔરંગાબાદવાલા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબદુલ્લા એફ. મુનીમ (૭) પ્રતીમા પમાણી (૮) ધીરેન્દ્ર ઉદ્દેશી (૯) નીતા દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ડો. પ્રકાશ કટકિયા (૧૨) ભારતી પ્રકાશ કટકિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) ભારતી બુચ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) પુષ્પા પટેલ (૧૮) વિભા મહેશ્વરી (૧૯) નંદકિશોર સંજાણવાળા (૨૦) મીનળ કાપડિયા (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) લજિતા ખોના (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) ભાવના કર્વે (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કલ્પના આશર (૩૦) હર્ષા મહેતા (૩૧) મહેશ દોશી (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) પુષ્પા ખોના (૩૭) અંજુ ટોલિયા (૩૮) અલકા વાણી (૩૯) દિલીપ પરીખ (૪૦) અરવિંદ કામદાર (૪૧) સુરેખા દેસાઈ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નિતીન બજરિયા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) હિના દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) હેમા હરીશ ભટ્ટ

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# વહેવાર એવો કરવો જે તહેવાર જેવો આનંદ આપે

એક ચોવક છેઃ ''વેસા ઘાત નેં વડો પાપ'' 'વેસા શબ્દ છે. જેનો અર્થ થાય છે : વિશ્વાસ. 'ઘાત' એટલે દગો. એ બન્ને શબ્દ ભેગા કરીએં તો તેનો અર્થ થાય છે.-વિશ્વાસઘાત 'ને' એટલે અને 'વડો' શબ્દ પ્રયોજ્યો છે, જેનો અર્થ થાય છેઃ મોટો કે મોટું. 'પાપ' એટલે પાપ. ચોવકનો શબ્દાર્થ છેઃ વિશ્વાસઘાત એ મોટું પાપ છે. મતલબ કે, કોઈએ આપણામાં મૂકેલા વિશ્વાસનો ભંગ કરવો તેનાથી મોટું કોઈ પાપ નથી.

વ્યવહારમાં ખરા ઊતરવું એટલે એક મજાના તહેવાર ઉજવવા સમાન ગમતી ચોવક પ્રચલિત છેઃ ''વેવાર ત તેવાર'' 'વેવાર' એટલે વ્યવહાર અને 'ત' એકાક્ષરી શબ્દ છે. તેનો અર્થ થાય છે. 'એ' 'તેવાર' શબ્દ એટલે તહેવાર! મતલબકે વ્યવહાર એ તહેવાર સમાન છે. ભાવાર્થ એવો છે કે, વ્યવહાર કરવામાં લોભ ન કરાય. વ્યક્તિની આબરુ કે પ્રતિષ્ઠા, જ્યાં વ્યવહાર કરવાનો છે. તેમની સાથેના સંબંધોની નિકટતા એ બધું વ્યવહાર કરતી વખતે ધ્યાનમાં રાખવાં જરૂરી છે. અને તો જ વ્યવહારની શોભા છે! વ્યવહાર કરનારની શોભા છે, એ શોભા એ જ એક પ્રકારનો તહેવાર છે!

વ્યવહારમાં એટલો પણ હાથ છૂટો ન રખાય કે જે પોતાને જ નુકસાનરૂપ બની જાય. જુઓ ચોવક પણ કહે છે કે ''વેવાર જે અંતે ડીવાડો'' અન્ય શબ્દોના અર્થથી આપણે સૌ પરિચીત છીએં, ખરું ને? 'ડીવાડો' શબ્દ થોડો અજાણ્યો છે, જેનો અર્થ થાય છે, દેવાળું! જે વ્યવહારના અંતે દેવાળુ કાઢવા જેવું દુઃખ થાય તેવો અને તેટલો વ્યવહાર ન કરવો જોઈએ. વ્યવહાર કર્યા પછી દિવાળી જેવો તહેવાર ઉજળતા હોઈએ તેવો હૃદયમાં આનંદ થવો જોઈએ.

એક અદ્ભુત ચોવક છેઃ ''વીયાં સે જિંઘગી જો નીયાં'' 'વીયાં' એટલે લગ્ન. 'સે' નો અર્થ અહીં 'એ' થાય છે. 'જિંઘગી' એટલે જિન્દગી કે જીવન. 'જો'નો અર્થ થાય છે. 'નો' અને 'નીંયા' એટલે... બોધ કે સમજ. કચ્છીમાં જો ની હસ્વ(નિ)ના પ્રયોગ સાથે થાય 'નિયા' લખાય તો તેનો અર્થ ઈન્સાફ કે ન્યાય થાય છે. અને ઉપર અનુસ્વાર સાથે 'નીંયા' લખાય તો તેનો અર્થ બોધ, પાઠ કે સમજ થાય છે. ચોવકનો શબ્દાર્થ છેઃ લગ્ન એ જિંદગીની મહત્ત્વની ઘટના છે! મહત્ત્વની બાબત છે. અને શબ્દોના અર્થ સમજતાં આપણે તેનો ભાવાર્થ પણ સમજી લીધો છે!

ગુજરાતીમાં એક કહેવત છે કે,'વ્હેમનું ઓસડ ન હોય'. એવું જ એક ચોવક કહે છેઃ ''વેમ જો ઓસડ નાંય'' 'વેમ' એટલે વ્હેમ 'જો'નો અહીં અર્થ થાય છેઃ દવા 'નાંય' એટલે નથી. મતલબ કે દર્દ, વહેમની કોઈ દવા નથી હોતી!'' છે, વહેમનું એ દર્દ, જેની કોઈ દવા નથી.''

કોઈ કર્યમાં નિષ્ફળતા મળે તેમાં કાર્ય કરનારનો જો દોષ ન હોય તો તેવી સ્થિતિને સ્પષ્ટ કરતી એક સુંદર ચોવક છેઃ '' વીતર વિણ છે તેંમેં સુંયાણી'' જો કેડો ડો'' અહીં 'વીતર' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેનો અર્થ થાય છે : સંતાન 'વિણ ઠે' એટલે વંઠે. 'તેંમેં' એટલે તેમાં 'સુંયાણી' એટલે 'સૂયાણી' કે જે સ્ત્રીને પ્રસવ કરાવે. 'જો' એકાક્ષરી શબ્દનો અર્થ થાય છે. ના. 'કેડો' એટલે કેવો કે શાનો. 'ડૉ' નો અર્થ થાય છેઃ દોષ. સંતાન વંઠી જાય તેમાં સુવાવડ કરનાર સુયાણીનો શું દોષ? આ થયો ચોવકનો શબ્દાર્થ. અને ભાવાર્થ છેઃ કોઈ વિષમ પરિસ્થિતિ ઊભી થાય તેના માટે જવાબદાર ન હોવું!

## કવર સ્ટોરી (સાતમાં પાનાનું ચાલુ)

તો ભારતમાં ક્રૂડ ઓઇલ અને એલએનજીના ભાવમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે, જે ફુગાવાને વકરાવી શકે છે અને અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોને મોટો ફટકો મારી શકે છે. એ નોંધવું રહ્યું કે, ભારત તેની ક્રૂડ ઓઈલની ૮૫ ટકાથી વધુ આવશ્યકતા માટે વિદેશી સપ્લાયર્સ પર નિર્ભર છે, તે સાઉદી, ઈરાક અને યુએઇમાંથી ક્રૂડ ઓઇલ તેમજ હોર્મુઝની સ્ટ્રેટ દ્વારા કતારમાંથી લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી) આયાત કરે છે.

**મુખ્ય ચિંતાઓ અને પડકારોઃ** હોર્મુઝ સ્ટ્રેટના સંભવિત બંધ થવાથી નોંધપાત્ર પડકારો ઊભા થઇ શકે છે, કારણ કે ખાસ કરીને એલએનજીના પરિવહન માટે વૈકલ્પિક માર્ગો મર્યાદિત છે. અલબત્ત સાઉદી અરેબિયા દ્વારા સંચાલિત પૂર્વ-પશ્ચિમ પાઈપલાઈન અને યુએઈમાં ફુજૈરાહ નિકાસ ટર્મિનલ જેવી ક્રૂડ ઓઈલની નિકાસ માટે કેટલીક વૈકલ્પિક ચેનલો અસ્તિત્વમાં છે, પરંતુ આ માધ્યમો સ્ટ્રેટ મારફતે થતા પરિવહનની ખોટની સંપૂર્ણ ભરપાઈ કરી શકશે નહીં.

**પ્રાદેશિક અને વૈશ્વિક અસરોઃ** મધ્ય પૂર્વમાં તણાવમાં જો વધારો થાય અને તેને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં ઉછાળો આવે તો સમગ્ર એશિયા-પેસિફિક ક્ષેત્રની અર્થવ્યવસ્થાઓ માટે નોંધપાત્ર જોખમ ઊભું થઇ શકે છે. ઇંધણના ખર્ચમાં વધારો ફુગાવાને વેગ આપી શકે છે અને આર્થિક સ્થિરતાને વિક્ષેપિત કરી શકે છે. ખાસ કરીને ક્રૂડ ઓઇલની આયાત પર વધુ નિર્ભર દેશોમાં આ પરિસ્થિતિ સર્જાશે, જેમાં ભારત મોખરે છે.

**નિષ્ણાતો શું કહે છે!:** વિશ્લેષકો ચેતવણી આપે છે કે ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષમાં વધુ વધારો ક્રૂડના ભાવમાં વધારો તરફ દોરી શકે છે, જે ભારતના આયાત બિલને પ્રતિકૂળ અસર કરશે. જ્યારે વૈકલ્પિક પુરવઠા સ્રોતો, જેમ કે રશિયન ક્રૂડ, અમુક અંશે બફર પ્રદાન કરે છે, ત્યારે ભારતના અર્થતંત્ર પર સંભવિત અસરને ઘટાડવા માટે સક્રિય પગલાંની જરૂર છે.

**નિષ્કર્ષઃ** એક યા બીજા કારણસર મધ્ય પૂર્વમાં તણાવ યથાવત હોવાથી, ભારત સામે ક્રૂડ ઓઇલ અને એલએનજીના ભાવમાં વધારો થવાના જોખમનો નિરંતર પડકાર રહેવાનો છે, જે ઊર્જા સ્રોતોને વૈવિધ્યીકરણ કરવાના મહત્વને પ્રદર્શિત કરે છે. આ જ સાથે પુરવઠામાં વિક્ષેપ સામે રક્ષણ માટેનાં પગલાં અમલમાં મૂકવા પણ આવશ્યક છે. ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓને પરિણામે સર્જાતા આર્થિક નકારાત્મક પ્રભાવને ઘટાડવા માટે તકેદારી અને દક્ષતા સાથેના વ્યૂહાત્મક આયોજન અનિવાર્ય છે. ■

## સાયબર સાવધાની (સાતમાં પાનાનું ચાલુ)

બધી વિગતો એકદમ સ્પષ્ટ હોય. આ પ્રોસેસથી હેકર્સ ઘણાં કુકર્મ કરી શકે છે, છેતરપિંડી આચરી શકે છે હેકર કે સાયબર ફ્રોડના હાથમાં તમારા ફિંગર પ્રિન્ટસ આવી જાય પછી ડિજિટલ નકલ કરીને મોબાઇલ ફોન અનલોક કરી શકે. આ ઉપરાંત ઘર, કબાટ, તિજોરી કે સેફ ડિપોઝિટ વૉલ્ટ ફિંગર પ્રિન્ટસથી ખુલતા હોય તો એ પણ જોખમમાં મુકાઇ જાય. ફોનમાંથી મહત્ત્વની ખાનગી અને સંવેદનશીલ સામગ્રી સુધી પહોંચી શકે, તમે સૌની પહોંચથી દૂર રાખવા માગતા હો તે સ્થળમાં પ્રવેશ પણ મેળવી શકે. આને લીધે બાયોમેટ્રીક સિસ્ટમને પણ ઉલ્લુ બનાવી શકાય. આનાથી તમારા બૅન્કના ખાતામાંથી ઉચાપત થઇ શકે, કોઇ અપરાધી પોતાના ગુનાના સ્થળે તમારી ફિંગર પ્રિન્ટના નિશાન છોડી શકે, તમારા નામે મોબાઇલ ફોનનું સિમકાર્ડ ખરીદીને એનાથી અવળા કામ કરી શકે. જોખમી શકયતાઓ અગણિત છે. ઉપાય કે ઇલાજ છે માત્રને માત્ર સાવધાની. ■

## મગજ મંથન (આઠમા પાનાનું ચાલુ)

સામાન્ય જૈવિક ક્રિયા માટે જો માણસ આટલું ચિંતન કરતો હોય તો સ્વાભાવિક છે કે બીજાં કાર્યો માટે,જીવનના ઉચ્ચ લક્ષ્ય માટે જ્યારે એના મનમાં તડપ જાગતી હશે ત્યારે તેની તીવ્રતા કેટલી હશે ?

આપણી પરંપરા તથા ધર્મધારણાઓ આપણી ઘણી બધી જિજ્ઞાસાનું સમાધાન કરવામાં મદદ કરતી હતી,પરંતુ જ્યારથી આપણી કુટુંબ પરંપરા અને સામાજિક વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ ત્યારથી આપણી જિજ્ઞાસાનું સમાધાન થવાનું લગભગ અશક્ય થઈ ગયું છે. દરેક વ્યક્તિનાં જીવનમાં લક્ષ્ય અલગ અલગ હોય છે.કોઈને મોટા માણસ બનવું છે,તો કોઈનું લક્ષ્ય વિદેશ જવાનું છે.કોઈનું લક્ષ્ય ડોક્ટર બનવાનું છે,તો કોઈનું એન્જિનિયર.સૌને પોતપોતાના લક્ષ્ય છે. ખાટલે મોટી ખોડ એ છે કે મર્યા પછી જે ચીજ સાથે આવવાની છે તેનો સમાવેશ લક્ષ્યમાં કરવામાં જ આવતો નથી.આપણા માંહેના એવા કેટલા લોકો છે કે,જેનું લક્ષ્ય મા-બાપની સેવા કરવાનું હોય.ડોક્ટર બનીને લોકોની પીડા દૂર કરવાનું હોય.વકીલ બનીને ન્યાય અપાવવાનો હોય અથવા તો નેતા બનીને ફક્ત અને ફક્ત જનતાની સેવા કરવાનું હોય! મનુષ્યના દરેક લક્ષ્યની પાછળનો ઉદ્દેશ્ય હોય છે,માત્ર પૈસા.અને તે પૈસાનો ઉપયોગ પણ માત્ર ને માત્ર પોતાના અંગત ભલા માટે જ કરવાની વૃત્તિ હોય છે. જો લક્ષ્ય સિદ્ધ કર્યા પછી જ્યારે પણ આપણે ઈશ્વર પાસે જવાનું થાય ત્યારે આપણને મુક્તિનો માર્ગ મળે એવું કોઈ આપણું લક્ષ્ય હોતું નથી. આજના ભૌતિક યુગમાં મોટાભાગનાનું લક્ષ્ય ભલે પૈસા,ગાડી,બંગલા વગેરે હોય,આ ભૌતિક ચીજોથી આપણું જીવન થોડું સરળ જરૂર બની શકે છે,પરંતુ ફક્ત આ વસ્તુઓ મેળવવાથી જ કોઈ વ્યક્તિના જીવનનો ઉદ્દેશ્ય નથી બની જતો.આ બધી ભૌતિક ચીજવસ્તુઓ આપણને ખુશી જરૂર આપે છે, પરંતુ આ ખુશી વાસ્તવિક નથી હોતી. મતલબ કે પૈસાથી આપણે બંગલા ખરીદી શકીએ છીએ,પરંતુ ઊંઘ નહીં.મનગમતા ભોજન મેળવી શકીએ છીએ પરંતુ ભૂખ નહીં. આવા સુખ આપણને ત્યારે જ મળે જ્યારે સ્વયં કમાઈને બીજાને ખવડાવવામાં જ આપણે રાજી થઈએ.આ આપણી માનવ સંસ્કૃતિ છે- સંસ્કાર છે.મનુષ્યએ જીવનભર આ સંસ્કૃતિ-સંસ્કારનું પાલન કરવું જોઈએ. અને માનવ જીવનનો ઉદ્દેશ્ય પણ આ જ હોવો જોઈએ.જે ચીજ પોતાની પાસે છે,તે બીજાને પણ આપીને મદદરૂપ થવું જોઈએ. આપણી જરૂરિયાતની વસ્તુથી વધારે વસ્તુનો સંગ્રહ કરવો, એ આપણી સંસ્કૃતિ નથી.પરંતુ વધારાની ચીજ વસ્તુઓ જરૂરિયાતમંદ લોકોને વહેંચવી,એ આપણી સંસ્કૃતિ છે. ■

## પ્રાસંગિક (સાતમાં પાનાનું ચાલુ)

દાવો કર્યો છે કે હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ચીનની સૈન્ય પ્રવૃત્તિઓ સૌથી મોટો પડકાર છે. આ બુકમાં દક્ષિણ ચીન સમુદ્રમાં યથાસ્થિતિ બદલવાના ચીનના પ્રયાસોની ટીકા કરવામાં આવી હતી.

વિયેતનામ, ફિલિપાઈન્સ, જાપાન, નેપાળ, ભૂતાન, ભારત, ઈન્ડોનેશિયા, લાઓસ, મ્યાનમાર, સિંગાપોર, બ્રુનેઈ, મોંગોલિયા અને કઝાકસ્તાન સાથે ચીન સરહદી વિવાદ ધરાવે છે. હાલમાં તેનો ફિલિપાઈન્સ સાથેનો વિવાદ વકર્યો છે. ફિલિપાઇન્સ અમેરિકા સાથે સંધિ ધરાવતું હોવા છતાં આ દેશે ભારત સાથે બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ મેળવવાનો ૩૭.૫ કરોડ ડૉલરનો કરાર કર્યો છે.

### ફિલિપાઈન્સનો જડબાતોડ જવાબ

ચીન પર કાર્યવાહી કરવા માટે ફિલિપાઈન્સે મોટાં પગલાં લીધાં છે. ફિલિપિનો સરકારે અમેરિકાને ચાર એરબેઝ આપ્યા છે, જેનાથી ચીનનો સામનો કરવામાં સરળતા રહેશે. આ માટે અમેરિકન સંરક્ષણ સચિવ લોયડ ઓસ્ટિન મનીલા પહોંચ્યા હતા, જ્યાં સત્તાવાર રીતે ચાર લશ્કરી બેઝ અમેરિકાને સોંપવામાં આવ્યા હતા. આ મિલિટરી બેઝ પર કામ ૨૦૧૪થી ચાલી રહ્યું હતું, જ્યારે યુએસ-ફિલિપાઈન્સે પાંચ મિલિટરી બેઝ બનાવવાનું નક્કી કર્યું હતું. ડિફેન્સ કોર્પોરેશન એગ્રીમેન્ટ એટલે કે ઉન્નત સંરક્ષણ સહકાર કરાર હેઠળ USએ ફિલિપાઈન્સના વિવિધ ભાગોમાં સૈન્ય મથકો સ્થાપવાની યોજના બનાવી હતી. ડીસીએ ફિલિપાઈન્સ માટે ખૂબ મહત્ત્વ ધરાવે છે, જેમાં સૈનિકોની તાલીમ, એક્સસાઈઝ અને બે સૈન્ય વચ્ચે સારો કોમ્યુનિકેશન સ્થાપિત કરવાનો સમાવેશ થાય છે. જો કે, આ સૈન્ય મથકના સ્થાન અંગે વધુ ખુલાસો કરવામાં આવ્યો નથી. આમાં US આર્મી કયા સૈન્ય મથક પર તૈનાત રહેશે તે પણ સ્પષ્ટ નથી.ડીસીએ હેઠળ, પ્રથમ પાંચ લશ્કરી બેઝ બાંધવામાં આવ્યા હતા, જેમાં સેસર બસા એર બેઝ, ફોર્ટ મેગ્સેસે મિલિટરી રિઝર્વેશન, લુમુમ્બા એર બેઝ, એન્ટોનિયો બોટીસ્ટા એર બેઝ, મેકટન બેનિટો અબુવેન એર બેઝનો સમાવેશ થાય છે.

હાલમાં જ યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટના કેટલાક અધિકારીઓએ કહ્યું છે કે, અમેરિકા ચીનને ધ્યાનમાં રાખીને ફિલિપાઇન્સમાં એક સૈન્ય મથક પર કામ કરી રહ્યું છે. ખાસ કરીને ચીનને નિશાન બનાવવા માટે અમેરિકા ઈન્ડો-પેસિફિકના ઘણા દેશો સાથે મોટા સોદા કરી રહ્યું છે.

### તાઈવાનને સુરક્ષાને અમેરિકા માટે સરળ

અમેરિકાએ તાજેતરમાં ભારત સાથે ઘણી આધુનિક ટેક્નોલોજી શેર કરી છે અને હવે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સના જાપાની ટાપુ પર યુએસ મરીન યુનિટ તૈનાત કરવાની યોજના બનાવી છે. ફિલિપાઈન્સમાં નવું સૈન્ય મથક અમેરિકા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ઉદાહરણ તરીકે, ખાસ કરીને દક્ષિણ ચીન સાગરમાં, તે ચીનાઓના આક્રમણનો સામનો કરવામાં મદદ કરશે. આ સાથે અમેરિકા માટે તાઈવાનને પણ બચાવવું સરળ બનશે, જેના પર વિસ્તારવાદી ચીન પોતાનો દાવો કરે છે.

આ સિવાય ચીન દક્ષિણ ચીન સાગરના વિવાદિત વિસ્તારો પર પણ પોતાનો અધિકાર સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે. જ્યારે અમેરિકા તેને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન માને છે અને ચીનને આવાં ઉશ્કેરણીજનક નિવેદનોથી દૂર રહેવાની સલાહ આપી રહ્યું છે. ૨૦૧૬માં સ્થાયી અદાલતે દક્ષિણ ચીન સાગર પર ચીનના દાવાને ફગાવી દીધો હતો. ચીનને કાબૂમાં રાખવા ભારત, ઑસ્ટ્રેલિયા, અમેરિકા, જાપાન વગરે દેશોએ સહકાર અને સહયોગ કરવો જોઈએ એને એક રણનીતિ બનાવવી જોઈએ. ■

### ચીન - ફિલિપાઈન્સ વચ્ચે વિવાદનું મૂળ શું છે ?

ચીનના કોસ્ટ ગાર્ડનાં જહાજો ફિલિપાઈન્સની નૌકાઓને તેના એક ટાપુ પર સપ્લાય લઈ જતા રોકી રહ્યા છે. આ માટે ચીનનાં જહાજોએ વોટર કેનન વડે નૌકાઓ પર હુમલો પણ કર્યો છે. એવુ મનાઈ રહ્યું છે કે, બંને દેશ વચ્ચે શરૂ થયેલા ટકરાવનું કારણ બીજા વિશ્વ યુદ્ધ સમયનું એક જહાજ છે, જે બે દાયક સુધી વિવાદિત દરિયાઈ વિસ્તારમાં ફસાયેલું રહ્યા બાદ કાટ ખાઈ ગયું છે. આ જહાજનું નામ 'બીઆરપી સિએરા માદ્રે' છે, જેને ફિલિપાઈન્સની નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું હતું. આ પહેલા તે અમેરિકાની સેનામાં ટેન્ક લેન્ડિંગ જહાજ તરીકે કામ કરી રહ્યું હતું. તેણે બીજા વિશ્વ યુદ્ધમાં પણ ભાગ લીધો હતો. એ પછી તેનું નામ બદલીને 'યુએસએસ હોર્નેટ કાઉન્ટી' કરવામાં આવ્યું હતું. વિયેતનામ યુદ્ધમાં પણ તેને અમેરિકાએ તૈનાત કર્યું હતું. જે હેલિકૉપ્ટર માટે બેઝ તરીકે કામ કરી રહ્યું હતું.

વિયેતનામ યુદ્ધ પૂરું થયા બાદ અમેરિકાએ આ જહાજ ફિલિપાઈન્સને આપી દીધું હતું. ફિલિપાઈન્સે તેનું નામ બદલીને 'સિએરા માદ્રે' કર્યું હતું. ફિલિપિની સેનાએ ૧૯૯૦ના દાયકાના અંતમાં સાઉથ ચાઈના સીમા ચીનના વ્યાપને રોકવા માટે જાણી જોઈને આ જહાજને સેકેન્ડ થોમલ શોલ નામના ટાપુ પર રોકી દીધું હતું. કારણકે ચીને આ પહેલા જ રીતે નિર્જન પડેલા ટાપુ મિસચીફ રીફ પર કબ્જો જમાવ્યો હતો. તેના પર ફિલિપાઈન્સ દાવો કરી રહ્યું હતું. ફિલિપાઈન્સે સિએરા માદ્રે જહાજ થકી જે ટાપુ પર કબ્જો જમાવ્યો છે તેના પર પણ ચીન પોતાનો દાવો કરી રહ્યું છે. આ ટાપુ પશ્ચિમ ફિલિપાઈન્સના ટાપુ પાલાવાનથી લગભગ ૨૦૦ કિલોમીટર દૂશ અને ચીનના હૈનાન ટાપુથી ૧૦૦૦ કિલોમીટર દૂર છે. ચીન હજી પણ આ ટાપુ પર કબ્જો જમાવવાનો પ્રયાસ કરી રહ્યું છે પણ ફિલિપાઈન્સ પણ લડી લેવાના મૂડમાં છે. બંને દેશોની સેના ઘણી વખત આ ટાપુ માટે આમને સામને આવી ચુકી છે.

ફિલિપાઈન્સ જ્યારે પણ આ ટાપુ પર જવાનો પ્રયાસ કરે છે ત્યારે ચીનનાં જહાજો તેનો રસ્તો રોકી લે છે. ચીને આ વિસ્તારમાં પેટ્રોલિંગ માટે સેંકડો જહાજો તૈનાત કર્યાં છે. આ ટાપુ પર ચીનનો કોઈ અધિકાર નથી તેવો ચુકાદો આંતરરાષ્ટ્રીય કોર્ટ આપી ચુકી છે પણ ચીન આવો ચુકાદો માનવા માટે તૈયાર નથી.

# ઇન્ટરવલ

ઈરાનની એક કાર્યવાહી ઇંધણના ભાવ આસમાને પહોંચાડી શકે!




# જોખમ મધદરિયે

કવર સ્ટોરી_ નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

**મધ્યપૂર્વમાં** હાલ તો ઘીના ઠામમાં ઘી પડી રહે, એ રીતે ઇરાન અને ઇઝરાયલના વાસણો ખખડીને અવાજ કરતા બંધ થઇ ગયા છે. ઇરાને ૨૦૦ મિસાઇલ અને ડ્રોનથી ઇઝરાયલ પર હુમલો કર્યો અને ઇઝરાયલે તેનો વળતો જવાબ પણ આપી દીધો! પ્રારંભિક રિપોર્ટ એવા હતા કે અમુક મિસાઇલ તો બંને દેશોમાં ભયાનક તબાહી મચાવી શકે એવા વ્યૂહાત્મક સ્થળો સુધી પહોંચી હતી.

આમ છતાં એકે દેશમાં કોઇ ખુવારી થઇ નથી, એ અચરજ ઉપજાવતી વાત છે. નિરીક્ષકો અનુસાર આ બંને દેશ માત્ર પોતપોતાનું સ્વમાન જાળવવા પ્રયાસ કરી રહ્યાં છે અને જગતને કે પછી પોતાના દેશની પ્રજાને બતાવવા માટે એમણે કહેવાતા સશસ્ત્ર હુમલા કર્યા છે! ઇરાને તાજેતરમાં ઇઝરાયલી હુમલા પછી જે કથન કર્યું તેના પરથી તો આ વાત સાચી લાગે છે. ઇરાને ‘સબ સલામત’ની જાહેરાત કરી છે!

આનો અર્થ એ થયો કે હવે ધરતી શાંતિપૂર્ણ રીતે રાબેતા મુજબ પોતાની ધરી પર ફરતી રહેશે. જોકે, નિષ્ણાતો એવી ચેતવણી પણ આપે છે કે આ બંને દેશ પર એવો કોઇ ભરોસો ના રાખી શકાય! પરિસ્થિતિ હજુ પણ પ્રવાહી છે, ગમે ત્યારે ગમે તે થઇ શકે છે!

હવે આ લશ્કરી ઘર્ષણને કારણે ભારત માટે ઊભાં થયેલા જોખમની વાત કરીએ, આ વાત આર્થિક જોખમની છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષમાં તાજેતરની આક્રમક પ્રવૃત્તિઓના સંભવિત પરિણામોને કારણે ભારતની અર્થવ્યવસ્થા સામે ક્રૂડ ઓઇલ અને એલએનજીના ભાવની સ્થિરતા અંગે ચિંતાઓ ઊભી થઇ છે. વિશ્લેષકો એવી ચેતવણી આપે છે કે, ક્રૂડ ઓઇલની આયાત માટે મહત્વપૂર્ણ માર્ગ એવા હોર્મુઝ સ્ટ્રેટને ઇરાન દ્વારા અવરોધિત કે બંધ કરવાનો ભય તોળાઇ રહ્યો છે અને જો એવું થશે તો ઇંધણના ભાવમાં નોંધપાત્ર ઉછાળો આવી શકે છે.

**અવલોકન:** ઈરાન અને ઈઝરાયલ વચ્ચેની દુશ્મનાવટની તીવ્રતાને કારણે વૈશ્વિક ક્રૂડ ઓઇલ અને એલએનજી સપ્લાયમાં વિક્ષેપ આવવાની આશંકા છે. ઈરાનની ગતિવિધિઓ, જેમાં ઈઝરાયલ પર ડ્રોન અને રોકેટ હુમલાનો સમાવેશ થાય છે, તેને કારણે મધ્યપૂર્વના વિસ્તારોની તંગદિલીમાં વધારો કર્યો છે.

આ પરિસ્થિતિ ઇંધણના આંતરરાષ્ટ્રીય વેપારને અનિશ્ચિતતા તરફ દોરી જાય છે. ઇરાને એવી જાહેરાત કરી છે કે ઇઝરાયલે તેના પર માત્ર રમકડાં જેવા ડ્રોનથી હુમલો કર્યો છે, જે નગણ્ય છે. જોકે, સેટેલાઇટ પિક્ચર્સમાં સ્પષ્ટ દેખાય છે કે ઇઝરાયલે મિસાઇલ હુમલો કરીને ઇરાની મિસાઇલ ડિફેન્સ સિસ્ટમ જ નષ્ટ કરી નાંખી છે.

**ક્રૂડ ઓઈલ અને એલએનજીની કિંમતો માટે અસરો:** વૈશ્વિક નિરીક્ષકોને એ વાતની ચિંતા છે કે ઇરાન જો આડું ફાટશે તો તેની પાસે ભારત સહિત એકસાથે ઘણાં દેશને હેરાન કરવાનો કીમિયો છે. જો ઈરાન હોર્મુઝ સ્ટ્રેટને તાળાં વાસવાનું પગલું લેશે તો ભારત માટે મોટી મુશ્કેલી ઊભી થઇ શકે છે.

ભારત સાઉદી અરેબિયા, ઈરાક અને યુએઈમાંથી નોંધપાત્ર પ્રમાણમાં ક્રૂડ ઓઈલની આયાત કરે છે. આ પુરવઠો ખોરવાઇ જશે

(જુઓ પાનું ૬)

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## ડ્રેગનનો ડેન્જરસ વિસ્તારવાદ એમાં પાડોશીઓ પરેશાન પારાવાર



અવારનવાર પાડોશીના પ્રદેશ પોતાના છે એવાં કાલ્પિનક નકશા બનાવીને આ ખંધું ચીન તબક્કાવાર એના પર પોતાનો કબજો જમાવાની પેરવીમાં હોય છે

ચીન જેમ તેની પાંખો વિસ્તારે છે તેમ આખા વિશ્વ પર ખતરો મંડરાયો છે. ચીનના મનસૂબા અને મુરાદ ખરાબ છે.

ભારત સહિત ૧૩ દેશો સાથે તેનો સીમા- વિવાદ ચાલે છે. તમે તમારા પડોશીને પસંદ કરી શકતા નથી. આ તેર દેશોની કમનસીબી છે કે તેમને બીજાની જમીન હડ઼પવાની સતત પેરવી કરનાર ચીન પાડોશી તરીકે મળ્યું છે. પહેલા તિબેટ હડપ કરી દેનાર ચીને ૧૯૬૨માં ભારત સાથે ઓચિંતું યુદ્ધ કરીને ભારતને પરાજિત કયું હતું. એટલું જ નહીં, ભારતના અક્સાઈ ચીન પર કબજો જમાવી દીધો હતો. ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુ અને ભારત માટે આ એવી નામોશી છે જે કદી ભુલી ન શકાય. આ ચીન દર વર્ષે નવા નકશા બહાર પાડીને તેના પાડોશીને સતત તણાવ હેઠળ રાખે છે. દરેક વખતે નકશામાં ચીન બીજા દેશના પ્રદેશને પોતાના નકશામાં સામેલ કરીને એના પર તેનો દાવો ઠોકી દે છે. અરુણાચલ પ્રદેશને ચીન પોતાનો પ્રદેશ ગણાવે છે. ચીનની શહેરી બાબતોના મંત્રાલયે અરુણાચલ પ્રદેશના નદી, નગરો, ગામો, પર્વતો વગેરેના ચીની નામો બહાર પાડ્યાં હતાં. ચીન આ રીતે તબક્કાવાર તેના અરુણાચલ પરના દાવાને સશક્ત બનાવે છે. ચીને તેના સ્ટાન્ડર્ડ મેપમાં સાઉથ ચાઈના સીને પણ તેનો ભાગ બતાવ્યો છે. આને લીધે ભારત, મલેશિયા અને ફિલિપાઈન્સ જેવા દેશોએ વિરોધ નોંધાવ્યો છે.

બીજી તરફ,રશિયા અને યુક્રેન વચ્ચેના તેમ જ ઈઝરાયલ અને હમાસ વચ્ચેના અને હવે ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં અમેરિકાના સંસાધનો, નાણાં અને હથિયારો વપરાઈ રહ્યાં છે. અમેરિકાએ તાજેતરમાં જ યુક્રેન અને ઈઝરાયલ તથા તાઈવાનને મદદનું પેકેજ સંસદમાં મંજૂર કર્યું છે. ચીન અમેરિકા નબળું પડે તો તાઈવાન પર હુમલો કરીને તેને પોતાની સાથે ભેળવી દેવાની તૈયારી કરીને બેઠું છે. ચીન ઉત્તર કોરિયા અને ઈરાનને અમેરિકા વિરુદ્ધ ઉશ્કેરી રહ્યું છે. આને લીધે વિશ્વશાંતિ જોખમાઇ શકે.


ડ્રેગને સ્પેસ મિલિટરી મારફત અવકાશમાં સૈન્ય તૈનાત કર્યા પછી સાયબર યુદ્ધ યુનિટની રચના કરીને અમેરિકા સહિત દુનિયાના દેશોની ચિંતા વધારી દીધી છે.

હાલમાં જ જાપાને તેના વાર્ષિક ડિપ્લોમેટિક બ્લુબુકમાં

(જુઓ પાનું ૬)

ગુજરાત ડાયરી મનોજ મ. શુકલ
feedback@bombaysamachar.com

## માર્ગ અને મકાન વિભાગનાં રોજબરોજનાં કામ અંગે કોને ફરિયાદ કરવી?



ગુજરાત રાજ્યની સ્થાપના બાદના ઈતિહાસમાં સરકારનો માર્ગ અને મકાન વિભાગ કોઈ મુખ્યમંત્રીએ પોતાના હસ્તક રાખ્યો હોય એવું લગભગ બન્યું નથી. પરંતુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એમાં એક આગવા અપવાદ છે. તેઓએ આ અગત્યનો વિભાગ એમની બીજી ટર્મ શરૂ થઈ ત્યારથી પોતાની પાસે રાખ્યો છે. તેના કારણો એ હોઈ શકે કે (ક):-મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વ્યવસાયે બિલ્ડર છે એટલે એમને આ વિષયમાં સમજ વધારે હોય (ખ):-રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ પર વધુ ધ્યાન આપી શકાય તે માટે અને(ગ):- વિશાળ બજેટ ધરાવતા આ વિભાગ દ્વારા પ્રજા હિતના વિવિધ કામ કરી શકાય તે માટે.

મુખ્યમંત્રીની નિષ્ઠા અંગે કોઈ શંકા રાખવાનું કારણ જ નથી પણ સ્થિતિ એવી છે કે આ વિભાગનાં રોજબરોજનાં નાનામોટા પ્રશ્નો અંગે રજૂઆત ક્યાં કરવી? તેનું કારણ એ છે કે મુખ્યમંત્રી પાસે ૧૮ ખાતા છે.

એટલે આ ખાતા પર તેઓ પૂરતું ધ્યાન ન આપી શકે એ સ્વાભાવિક વાત છે. વળી, મુખ્યમંત્રીને મળવું એ સંસદસભ્યો, ધારાસભ્યો માટે પણ અઘરું છે ત્યાં સામાન્ય નાગરિકની તો વાત જ શું કરવી? આ સંજોગોમાં રાજ્યનાં માર્ગ અને મકાન વિભાગનાં કામ કે કામના વિલંબ અંગે ઊભી થતી ફરિયાદ કે રજૂઆત માટે કોઈ રાજકીય વ્યવસ્થા જ નથી રહી. વળી મુખ્યમંત્રીએ રાજ્ય કક્ષાના કોઈ મંત્રીને પણ આ વિભાગની ફાળવણી નથી કરી. પરીણામે ગુજરાતના પાટનગરથી દૂરના જિલ્લાઓ માટે માર્ગ અને મકાન વિભાગનાં કામ અંગે રજૂઆત કરવાનું કોઈ માધ્યમ જ નથી રહ્યું.

## મંત્રી ઋષિકેશ પટેલ ને હરિલાલ પટેલ સમૂહ લગ્નમાં ગયાને ક્ષોભકારક સ્થિતિમાં મુકાયા



ચૂંટણી પ્રચારની લ્હાયમાં કોક વાર ઉમેદવાર અને ટેકેદાર કેવાં ભેરવાઈ જવાય છે તેનો અનુભવ ગુજરાત સરકારનાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને લોકસભાની મહેસાણા બેઠકના ભા.જ.પ.ના ઉમેદવાર હરિલાલ પટેલને થયો. બન્યુ એવું કે ગત રવિવારે સવારે વિસનગર ખાતે ઠાકોર ક્ષત્રિય સમાજનાં ૧૦૯ દંપતીઓનો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. તેમાં હાજરી આપવા ઋષિકેશ પટેલ અને હરિલાલ પટેલ પહોંચી ગયા.આ સમારંભમાં મહેસાણાના કૉંગ્રેસના ઉમેદવારો રામાજી ઠાકોર પણ ઉપસ્થિત હતા.અહીં બહુચરાજીના પૂર્વ ધારાસભ્ય ભરતજી ઠાકોરે પ્રવચન કરતાં જુસ્સામાં આવી જઈને કહ્યું કે ‘‘અહીં આપણે કૉંગ્રેસના લોકસભાના ઉમેદવાર રામાજી ઠાકોરને પાઘડી પહેરાવી છે.આ પાઘડીની લાજ આપણે રાખવાની છે.આપણે સૌએ રામાજી ઠાકોરને જીતાડવાના છે.તો સૌ બન્ને હાથ ઊંચા કરીને મારી વાતને ટેકો આપો.’’ અને આશ્ચર્યની વાત તો એ છે કે ભરતજીની અપિલ સાંભળીને કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ બે હાથ ઉપર કરીને ભરતજી ઠાકોરની વાતને સમૂહમાં અનુમોદન આપ્યું. માત્ર ઋષિકેશ પટેલ અને હરિલાલ પટેલે હાથ ઉંચા ન કર્યા અને ક્ષોભજનક સ્થિતિમાં બેસી રહ્યા.અલબત્ત, એ બન્નેએ પણ પૂરી રાજકીય પરિપકવતા વાપરીને સંયમ દાખવ્યો.‘ધરમ કરતા ધાડ પડી’ એ કહેવત આ પ્રસંગે યાદ આવે હોં!

## કૉંગ્રેસનાં લોકસભાની બેઠકનાં ઉમેદવાર ઋત્વિક મકવાણા ભૂવાઓ સાથે ધૂણ્યા!



ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનો માહોલ હજુ જોઈએ એવો જામ્યો નથી.તેને કારણે ઉમેદવારોએ વધારે મહેનત કરવી પડે એવું છે.એમાં પણ કૉંગ્રેસના ઉમેદવારોએ તો એકલા હાથે અને પોતાની પ્રતિષ્ઠા પર લડવાનું છે! કારણ કે પક્ષનું સંગઠન તેમને ખભે ઉપાડીને ફેરવે એવી કોઈ સ્થિતિ નથી.આ સંજોગોમાં કૉંગ્રેસી ઉમેદવારોએ કેવા કેવા નુસખા અજમાવવા પડે છે તેનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.વાત જાણે એમ બની કે સુરેન્દ્રનગર લોકસભાની બેઠકના ઉમેદવાર ઋત્વિક સવસી મકવાણા તાજેતરમાં પોતાના પ્રચાર માટે જિલ્લાનાં ગ્રામ વિસ્તારમાં પ્રવાસે નીકળ્યા હતા. ત્યાં એક ગામમાં ભૂવા ધુણતા હતા. સ્વાભાવિક રીતે ભૂવા ધુણતા હોય ત્યાં માનવ સમૂહ તો હોય જ એટલે મકવાણા ત્યાં પ્રચાર માટે પહોંચી ગયા! લોકોને આકર્ષિત અને રાજી કરવા ઋત્વિક મકવાણા પણ ધુણવા માંડ્યા અને એ પ્રક્રિયાના ભાગરૂપે પોતાના વાંસામાં જ લોખંડની ચેઈન પણ બે - ત્રણ વાર ફટકારી લીધી.આ જોઈને ભૂવાઓ રાજી રાજી થઈ ગયા અને ઋત્વિજ મકવાણાને આશીર્વાદ આપ્યા. આ વિધિ સૂચવે છે કે લોકશાહીમાં યોજાતી ચૂંટણીમાં ઉમેદવારોએ લોકોને રીઝવવા ઘણું બધું કરવું પડે છે.

## પુરુષોત્તમ રૂપાલાની ઉમેદવારીના કિસ્સામાં ભા.જ.પ.નો હાથ ઉપર રહ્યો છે



કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાની રાજકોટ લોકસભાની બેઠક માટેની ઉમેદવારી રદ કરવા અંગે ગુજરાતના ક્ષત્રિય સમાજ તરફથી જે આંદોલનાત્મક અભિયાન ઉપાડાયું છે તેમાં પ્રથમ રાઉન્ડમાં ભા.જ.પ.નો હાથ ઉપર રહ્યો હોવાનું પ્રતીત થાય છે.ભા.જ.પ.નો આ આડકતરો વિજય પણ ગણી શકાય.આમ થવા પાછળનાં કારણો શું? એ પ્રશ્નનો જવાબ એવો મળે છે કે (૧):-આ આખા પ્રકરણમાં પુરુષોત્તમ રૂપાલા અને પક્ષની નેતાગીરીએ બોલવા પર જબરદસ્ત સંયમ રાખ્યો છે(૨):-વૈચારિક રીતે સમગ્ર પક્ષ એક થઈને રૂપાલાની પડખે ઊભો રહ્યો(૩):-આ વૈચારિક લડાઈમાં ક્ષત્રિયોના પક્ષે સંખ્યા હતી પણ તેનો સરવાળો ન થયો.(૪):-ભા.જ.પ.ની લોખંડી શિસ્ત અહીં બહુ કામમાં આવી(૫):- ભા.જ.પ. તરફથી પોતાના સમાજને માન આપતો નિર્ણય આવશે એવી રાહમાં બેઠેલા ક્ષત્રિય સમાજને વિલંબ નીતિથી થકવી દઈને તે સમાજમાં બે તડાં પડાવવામાં ભા.જ.પ.સફળ રહ્યો(૬):-ગુજરાતની જનતાનો પ્રચંડ સમૂહ ભા.જ.પ.સાથે હોવાથી ક્ષત્રિયોના મત ગુમાવવા પડે તો ગુમાવીને પણ રૂપાલા અંગેનાં નિર્ણયમાં મક્કમ રહેવાનો નિર્ણય કરીને ભા.જ.પ.એ અન્ય સમાજોમાં પોતાની છાપ ઉજળી કરી છે.હવે રાજકોટની બેઠક માટે રૂપાલા ભા.જ.પ.ના સત્તાવાર અને આખરી ઉમેદવાર તરીકે નિશ્ચિત થઈ ગયા છે ત્યારે ક્ષત્રિય સમાજ બીજા રાઉન્ડમાં શું વ્યૂહરચના ગોઠવે છે એ જોવું રસપ્રદ બની રહેશે.

## ચૂંટણીમાં ગુજરાતમાં જંગી મતદાન કરાવવા સામે ભા.જ.પ.ને ત્રણ મોટા વિઘ્નો નડશે?



ગુજરાત ભા.જ.પ.ના પ્રમુખ સી.આર.પાટીલે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી માટે એવું સ્વપ્ન સેવ્યું છે કે ગુજરાતની લોકસભાની દરેક બેઠક પર ભારતીય જનતા પક્ષનો ઉમેદવાર પાંચ લાખથી પણ વધુ મતની સરસાઇથી જીતવો જોઈએ.પાટીલનું આ સ્વપન પક્ષના કાર્યકરો માટે તો નિશ્ચિત આજ્ઞા અને અનીવાર્ય લક્ષ્યાંક બની ગયું છે અને એ માટે કાર્યકર્તાઓ અત્યારથી જ તનતોડ મહેનત પણ કરી રહ્યા છે.પરંતુ આ લક્ષ્યાંકને પાર પાડવા સામે ભા.જ.પ.ના કાર્યકર્તાઓને ત્રણ વિઘ્નો નડશે એવો ભય સતાવી સૌને રહ્યો છે.આ ત્રણ વિઘ્નો એટલે તા.૭મી મે’ના યોજનાર ચૂંટણીના દિવસે (૧):-પડનાર સંભવિત અતિશય ગરમી (૨):-સ્કૂલ-કોલેજમાં વેકેશન અને (૩):-લોકોની એવી વિશ્વાસ ભરી માન્યતા છે કે નરેન્દ્ર મોદી તો જંગી બહુમતીથી જીતી જ જવાનાં છે તો આપણાં એક મતથી એમાં શું ફેર પડશે? આ ત્રણેય સંભવિત વિઘ્નો અંગેની ચિંતા સાચી પણ છે.તેનો ઉપાય શોધવામાં પણ કાર્યકર્તાઓ લાગી ગયા છે. અતિશય ગરમી માટે તો વાહનની વ્યવસ્થા થઈ જાય પણ વેકેશનમાં લોકોને બહાર જતા અટકાવવા એ જરા અઘરી બાબત છે અને લોકોની માન્યતા સામે પક્ષના સ્વપ્નની સમજ આપીને લોકોને મતદાન તરફ વાળવા મહેનત માગી લેતું કામ છે.આ બધામાંથી પાર ઊતરવા ગુજરાત ભા.જ.પ.ના કાર્યકર્તાઓ તનતોડ મહેનત કરી રહ્યા છે એ તો સાવ સાચું છે હોં! ■

સાયબર સાવધાની__પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## સેલ્ફીથી ન આપો સાયબર ઠગને લૂંટી જવાનું આમંત્રણ



‘સેલ્ફી’ એટલે ‘સેલ્ફ પોટ્રેઇટ ફોટો’ માટેની ઘેલછા શોધવા જવાની જરૂર પડતી નથી. ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, થ્રેડસ. ટ્વિટર અને સ્નેપચેટ જેવા સોશિયલ મીડિયા પર સતત હાજરી પુરાવવા અને છવાઇ જવા માટે પોતે મેળે ઇલેક્ટ્રોનિક કેમેરા કે સ્માર્ટ ફોનથી ફોટો કે વીડિયો મૂકનારાઓને ખબર નહીં હોય કે ઑસ્ટ્રેલિયાના એક સમૂહે વેબસાઇટ બનાવીને ૨૦૦૧ના ડિસેમ્બરમાં પહેલો ડિજિટલ સેલ્ફ-પોટ્રેઇટ અપલોડ કર્યો અને ૨૦૦૨ની ૧૩મી ડિસેમ્બરે પહેલીવાર ‘સેલ્ફી’ શબ્દનો ઉપયોગ થયો.


પરંતુ આ સેલ્ફી લેવામાં ઘણી બાબતોનું ધ્યાન રાખવું અનિવાર્ય છે. જોખમી સ્થળે સેલ્ફી લેવામાં કેટલાંકના નામ આગળ અકાળે ‘સ્વર્ગસ્થ’ જોડાઇ ગયાના દાખલા સામે આવતા રહે છે. આવું કંઇ દુર્ભાગ્યપૂર્ણ ન થવાથી પોતે નસીબદાર હોવાના ભ્રમમાં રાચનારાઓ પણ મોટી ભૂલ કરે છે. એ કેવી રીતે?

સેલ્ફી માટે પોઝ આપતી વખતે મોટાભાગના ‘વિ’ ફોર ‘વિકટરી’ની નિશાની માટે હાથની પહેલી બે આંગળી ઊંચી કરે છે, જે કેમેરામાં ઝડપાય છે. ઘણાં વળી વિજય કે મસ્તીમાં અંગૂઠો બતાવે છે. ચહેરા પર અફલાતૂન સ્માઇલ સાથેની સેલ્ફી જોઇને દિલ એકદમ બાગબાગ થઇ જાય છે. પણ એ સેલ્ફી અપલોડ કરવામાં જરાય વાર ન લાગે.

પણ તમે જાણતા નથી કે સેલ્ફીની ફ્રેમમાં આંગળાં કે અંગૂઠો જ ઝડપાઇ ગયા નથી, ફિંગર પ્રિન્ટસ પણ આવી ગયા છે. અને આ જ બાબતનો તમને નુકસાન પહોંચાડવા, લૂંટવા કે હેરાન કરવા ઉપયોગ થઇ શકે છે.

સોશિયલ મીડિયા પર મૂકેલ માત્ર એક સેલ્ફી જીવનમાં ઘણી ઊથલપાથલ મચાવી શકવા જેટલી જોખમી છે. તમે સારી સેલ્ફી માટે મોંઘા કેમેરાવાળા ફોનથી જે ક્વૉલિટી ઇમેજમાંથી કોઇક ફિંગર પ્રિન્ટ મેળવી શકે છે. એક નવી ટેક્નોલોજી થકી તમારી સેલ્ફીના ફોટામાંથી ઉચ્ચ ગુણવત્તાસભર ફિંગર પ્રિન્ટસ મેળવી શકાય છે, જેમાં એક એક રેખા અને

(જુઓ પાનું ૬)



# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## બહેનપણી - વેવાણ - દાદીઃ નાની



સીધી સડક પર આગળ વધતા જીવનમાં ક્યારે અને કેવો વળાંક આવે એ સમજવું મુશ્કિલ હી નહીં, નામુમકિન હૈ. ૧૯૮૦ના દાયકામાં 'નવપરિણીત માટેના સેમિનાર'માં ટોની વેલ્સ અને બેથ થોમસ નામની બે યુવતીની ઔપચારિક મુલાકાત દોસ્તીમાં પરિણમી અને ચાર દાયકા પછી હવે બંને બહેનપણીઓ દાદી - નાની બનવાની તૈયારીમાં છે. વાત એમ છે કે ટોની - બેથ અને તેમના પતિશ્રીઓને આપસમાં એવું ગોઠી ગયું કે 'યે દોસ્તી હમ નહીં તોડેંગે...' તેમનું જીવન ગીત બની ગયું. એવા ગાઢ સંબંધ બંધાઈ ગયા કે 'તૂ જહાં જહાં ચલેગા, મેરા સાયા સાથ હોગા' જેવી પરિસ્થિતિ જોવા મળતી. બંને યુગલે ત્રણ - ત્રણ સંતાનને જન્મ આપ્યો જેમાં ટોનીની પુત્રી એશલે અને બેથના પુત્ર લ્યુકના જન્મ વચ્ચે માત્ર ચાર મહિનાનો તફાવત હતો. બંને પરિવાર વચ્ચે એટલો મનમેળ હતો કે લોહીની સગાઈ ન હોવા છતાં સાથે ઉછર્યા.

કોલેજના ભણતર દરમિયાન એશલે - લ્યુક પ્રેમમાં પડ્યા અને ૨૦૨૦માં બંને પરણી ગયા. પરિવાર વચ્ચે નિકટતા વધી અને બંને બહેનપણી વેવાણ બની ગઈ. સારા સમાચાર પછી ગુડ ન્યૂઝ આવ્યા છે કે આ વર્ષે ઓગસ્ટમાં એશલે બાળકને જન્મ આપવાની છે. પરિવારમાં આનંદની ભરતી આવી છે અને બહેનપણી વેવાણ બની અને હવે નાની - દાદી બનવા તૈયાર છે. એક સમયે આપણા દેશમાં જોવા મળતી હતી એવી કૌટુંબિક કથા હવે વિદેશમાં જોવા મળી રહી છે.

## બચાવવા ગઈ ને ફસાઈ ગઈ




ગુજરાતીમાં એક બહુ જ જાણીતી કહેવત છે કે 'નમાજ પઢતા મસીદ કોટે વળગી'. આ કહેવતના શબ્દાર્થમાં ન જઈએ પણ સારું કામ કરવા જતા આફત - મુસીબત આવવી એ એનો ભાવાર્થ છે. બિલાડી કાઢવા જતા ઊંટ પેસી જવું કહેવતમાં પણ આ જ ભાવાર્થ છે. દુનિયાના અનેક દેશો સાથે ફસામણી કરતા ચીનની એક મહિલા કોઈને બચાવવા જતા ફસાઈ જવાનો અનુભવ થયો છે. કિસ્સો એવો છે કે બેઈ નામની ચીની મહિલાએ કોઈ સ્કેમનો ભોગ બની હતી. એમાંથી ઉગરવા તેણે કિંવગ નામની મહિલાને પોતાની વીતક કથા સંભળાવી. સંજોગવશાત કિંવગને કેટલાક હેકર્સ (ટેક્નોલોજીમાં ઘૂસણખોરી કરતા લોકો) સાથે ઓળખાણ હતી અને બેઈના ૧,૭૦,૦૦૦ યુઆન (આશરે ૨૦ લાખ રૂપિયા)ના કેસની તપાસ એમને સોંપી. એક હેકરને સાધવામાં આવ્યો અને તપાસ માટે ફી પેટે ખાસ્સી રકમ ખર્ચ્યા પછી મૂળ રકમનો અડધો ટકો માંડ પાછો મળ્યો. મૂડી પાછી નહીં મળે એવું લાગતા બંને સન્નારીઓએ હેકર્સને બે હાથ જોડી કહી દીધું કે 'હવે તમારી મદદની જરૂર નથી.' જોકે, પોલું ભાળી ગયેલા હેકસ 'લોકોએ રીતસર ધમકી આપી કે '૪,૩૦,૦૦૦ યુઆન ફલાણા ખાતામાં જમા કરાવો, નહીં તો તમારી હત્યા કરવામાં આવશે.' ગભરાઈ ગયેલી મહિલાઓએ પોલીસ ફરિયાદ કરી અને બે જણની ધરપકડ કરવામાં આવી. ગજબ વાત એ છે કે પકડાયેલા બંને હેકર ભૂતકાળમાં કિંવગ સાથે કામ કરતા હતા.

## મોસમ કેરીની, જોર જમરૂખનું



જંગલનો રાજા કોણ? સિંહ. ફળોનો રાજા કોણ? કેરી. મોસમ મેન્ગોની પૂરબહારમાં ખીલી છે, હાફૂસ - પાયરીના ટેસડા લેવાઈ રહ્યા છે અને કેસરની વાટ જોવાઈ રહી છે. ફળોના રાજાના રાજપાટમાં પ્રજાને સ્વાદમાં લીલાલહેર છે. જોકે, કેરીની મોસમ સાથે ચૂંટણીની મોસમ પણ દેશમાં બરાબર ઉઘડી હોવાથી 'રેવડી' પણ ડિમાન્ડમાં છે. અને એથીય વધુ આશ્ચર્યની વાત એ છે કે દિલ્હીમાં જમરૂખ વધુ ચર્ચામાં છે. અંગ્રેજી કહેવત shoe is on the other foot (પરિસ્થિતિ સદંતર બદલાઈ જવી) જેવું જોવા મળી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં દેશભરમાં સપાટો બોલાવનાર તપાસકર્તા એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના અધિકારીઓનો ડોળો કેરીને બદલે એના ગરીબડા પિતરાઈ જમરૂખ પર મંડરાઈ રહ્યો છે. ઈડીના અધિકારીઓ પંજાબના એક આઈએએસ ઓફિસર અને બે એક્સાઇઝ ઓફિસરને સંડોવતા કથિત ૧૨૦ કરોડના જમરૂખના સોદાની ઊલટ તપાસ કરી રહ્યા છે. નકલી કાગળિયાની મદદથી આ સોદો કરવામાં આવ્યો હોવાની જાણકારી મળતા રાજ્યના સમગ્ર એક્સાઇઝ ડિપાર્ટમેન્ટ ઈડીની જાળમાં ભરાઈ ગયો છે. કેરીની મોસમમાં જમરૂખનો 'મહિમા' વધી ગયો છે.

## બે ચોટલાની કમાણી, ગજબની કહાણી



નાનપણની એક કવિતા છે કે 'મારી માએ ચોટલા ગૂંથ્યા, ચોટલા સાથે લટો ગૂંથી, લટો વાળતા શિખામણ ગૂંથી, શિખામણ સાથે સમજણ ગૂંથી'. દીકરીના વાળની સેંથી પાડી એના ચોટલા બાંધતી માના હાથ વાળની સજાવટ કરતા હોય અને સાથે એની વાણી વ્યક્તિત્વનું ઘડતર કરતી હોય. બે ચોટલા દીકરીના ચહેરાને સુંદરતા તો બક્ષે પણ વિદેશમાં બારટેન્ડરની નોકરી કરતી એક તરુણીને તો બે ચોટલાએ એવી ગજબની કમાણી કરાવી આપી છે કે એની કહાણી સાંભળ્યા પછી 'મારે પણ બે ચોટલા હોય' એવાં સપનાં અનેક યંગ ગર્લ્સને આવવા લાગે તો નવાઈ ન લાગવી જોઈએ. થયું એવું કે બારમાં આવેલા ગ્રાહકને એના ઓર્ડર અનુસાર ખાણીપીણી સર્વ કર્યા પછી ૩૦.૨૬ ડોલર (આશરે ૨૫૦૦ રૂપિયા)નું બિલ આપી બીજા ટેબલ પર જતી સ્કારલેટ ગ્રીન નામની તરુણીને આપણા ગ્રાહક ભાઈએ અટકાવી. એ ગ્રાહકને ખાણીપીણીમાં કેટલી મજા આવી એ તો એનું પેટ જાણે, પણ સ્કારલેટે ગૂંથેલા ચોટલા એની નજરમાં વસી ગયા. તેણે સ્કારલેટની સ્તુતિ કરતા કહ્યું કે 'બે ચોટલામાં તું બહુ રૂપાળી લાગે છે, મને એક ફોટો પાડવા દે.' તરુણીએ ગ્રાહક રાજાનું માન રાખ્યું અને ભાઈ સાહેબના આનંદમાં એવી મોટી ભરતી આવી કે ૯૦૦ ડોલર (આશરે ૭૫૦૦૦ રૂપિયા)ની ટિપ આપી રવાના થયો. સામાન્યપણે બિલની રકમના ૧૦ કે ૧૫ ટકા ટિપ ગ્રાહકો આપતા હોય છે, પણ સ્કારલેટને તો અધધ ૩૦૦ ટકા મળ્યા. બે ચોટલાએ કેવી કમાણી કરી આપી, સમજણ સાથે સમૃદ્ધિ ગૂંથી.

## વ્હાલીની વાટ જોતો વાલમ





પ્રેમમાં પાગલપણ કોઈ નવી વાત નથી. 'દિલ તો પાગલ હૈ, દિલ દીવાના હૈ' એવું અનેક યુવાનોમાં જોવા મળે છે. પ્રેમ અને પાગલપણ વચ્ચે એક નિશ્ચિત ભેદરેખા હોતી નથી. જાપાનના ૬૪ વર્ષના શખ્સ યાસુઓ તાકામાત્સુની વાત જાણ્યા પછી એને પ્રેમી કહેવાય કે પાગલ એનો નિર્ણય દરેકે પોતાની સમજણ પ્રમાણે કરી લેવો. ૨૦૧૧માં જાપાનમાં થયેલા વિનાશકારી દરિયાઈ તોફાનમાં - સુનામીમાં - જનજીવન ઉદ્ધ્વસ્ત થઈ ગયું હતું. યાસુઓ ભાઈના પત્ની આ સુનામીમાં ગાયબ થઈ ગયાં હતાં. જોકે, પત્નીને અનહદ પ્રેમ કરતા આ પતિ ૧૪ વર્ષથી પત્નીની ભાળ મેળવવા બનતા બધા જ પ્રયત્નો કરી રહ્યા છે. એમણે અંડરવોટર ડાઈવિંગનું લાયસન્સ સુધ્ધાં મેળવી લીધું છે. પાણીમાં ડૂબકી લગાવીને પત્નીની કોઈ વસ્તુ શોધી એને નજર સામે રાખવાથી સંતોષ મળે એ માટે કોશિશ કરી રહ્યા છે. જાપાનનું પ્રશાસન કેટલાક વર્ષોથી ખોવાઈ ગયેલા અઢી હજાર લોકોને શોધવાનું સર્ચ ઓપરેશન ચલાવી રહ્યું છે. યાસુઓ અભિયાન સાથે જોડાયા છે અને શોધખોળમાં મદદરૂપ થાય છે. અત્યાર સુધીમાં તેમને પાણીની અંદરથી કપડાં. આલબમ અને બીજી ચિત્ર વિચિત્ર વસ્તુઓ હાથ લાગી છે, પણ એમાંની એક પણ એમની પત્નીની નથી. યાસુઓ આજે પણ માને છે કે એમની પત્ની ઘરે પાછી ફરવા ઉત્સુક છે અને એટલે જ એની શોધખોળ ભાઈસાહેબે ચાલુ રાખી છે. આજીવન ચાલુ રાખવા માગે છે. આને પત્ની પ્રેમ કહેવાય કે ગાંડપણ?

## લ્યો કરો વાત!

*પ્રાણીઓના શરીરમાં રહેતો માંસમાંનો તૈલી ચીકટ પદાર્થ એવી ચરબીની સમજણ શબ્દકોશમાં આપી છે. ચરબી શરીરને માંસલ બનાવે છે, પણ જો એનું પ્રમાણ ન જળવાય તો શરીર મેદસ્વી અને બેડોળ બની જાય છે. શારીરિક હલનચલનમાં ઘટાડો એટલે ચરબીમાં વધારો એવું સાદું ગણિત છે. જગત આખામાં ૧૯૯૦થી ૨૦૨૨ દરમિયાન મેદસ્વિતાના પ્રમાણમાં ચાર ગણો વધારો થયો છે. આપણા દેશમાં ૧૯૯૦માં મેદસ્વિતાનો દર ૦.૧% હતો જે ૨૦૨૨માં છોકરાઓમાં વધીને ૩.૯ ટકા થયો છે અને છોકરીઓમાં ૩.૧ ટકા છે. કમ્પાઉન્ડમાં કે મેદાનમાં રમતો રમતા કે ભાગદોડ કરતા બાળકો સોફામાં બેસી મોબાઈલ ગેમ્સમાં લપટાયા હોવાથી ચરબીના થર શરીર પર વધી રહ્યા છે.* ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com



# લક્ષ્ય સિદ્ધ થાય તો જ જીવન અર્થપૂર્ણ બને

### જીવન અર્થપૂર્ણ ન બને ત્યાં સુધી આપણાં મનમાં એક ખાલીપો છુપાયેલો હોય છે

મનુષ્ય ધરતી પર આવે છે તો એક લક્ષ્ય લઈને આવે છે.એક ઉદ્દેશ્ય લઈને આવે છે.પછી તે પૂરો કરે કે ના કરે પણ જન્મ લેતા પહેલાં એના જીવનનો લક્ષ્ય તથા ઉદ્દેશ્ય તો નક્કી જ હોય છે. જો જીવન ઉદ્દેશ્ય વગરનું રહી જાય તો વ્યક્તિત્વની અંદર એક એવો ખાલીપો- એક એવું ખોખલાપણું રહી જાય છે,જેને ત્રાસદાયક હોય છે. ધ્યાનથી જોવામાં આવે ને સહજ રીતે અનુમાન કરવામાં આવે તો બધાનો ઉદ્દેશ્ય જીવનમાં ઉદ્દેશ્યની શોધ જ છે.ભલે ક્ષેત્ર ધર્મનું હોય અથવા વિજ્ઞાનનું હોય,ભલે ક્ષેત્ર દર્શનનું હોય અથવા મનોવિજ્ઞાનનું હોય આ બધાનું દૂરગામી લક્ષ્ય જીવન કે તેના ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવાનું જ કહી શકાય.

અમેરિકાના એક વિશ્વવિદ્યાલયમાં ૬૦ એવા વિદ્યાર્થીનું ઈન્ટરવ્યૂ મનોવૈજ્ઞાનિકોએ લીધું, જેમણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.સામાન્ય બાબતથી વિપરીત એમાંના ૯૩ ટકા વિદ્યાર્થીઓ ભણવામાં ખૂબ જ તેજસ્વી હતા,કુશાગ્ર બુદ્ધિના હતા,સામાજિક પ્રવૃત્તિઓમાં પણ આગળ પડતો ભાગ લેતા હતા, મિલનસાર સ્વભાવના હતા અને આત્મહત્યાનો પ્રયાસ કરતાં પહેલાં એમને કોઈ પણ માનસિક રોગ કે મનોવિકાર ન હતો.

એમને આત્મહત્યાનું કારણ પૂછ્યું ત્યારે ૮૫ ટકા વિદ્યાર્થીઓએ કહ્યું કે મને મારું જીવન અર્થહીન તથા દિશાવિહીન લાગી રહ્યું હતું.આના પરથી સ્પષ્ટ થાય છે કે માણસ સુખસગવડનાં સાધનો મેળવવા કરતાંય જીવનના કોઈ ઉચ્ચ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે વધારે આતુર હોય છે.જો પોતાનું લક્ષ્ય સિદ્ધ થાય તો જ તેમને પોતાનું જીવન અર્થપૂર્ણ લાગે છે.

અમેરિકા જેવા દેશમાં સુખ- સગવડનાં અનેક સાધન છે.ત્યાં જો મોટા પ્રમાણમાં આવી ઘટના બનતી હોય તો તે વિચારણીય બાબત છે.એના પરથી આપણે બોધપાઠ લેવો જોઈએ કે જીવનને સફળ બનાવવા માટે કોઈ એક ઉદ્દેશ્ય નક્કી કરવો જોઈએ અને તે પૂર્ણ કરવા માટે પૂરેપૂરો પ્રયાસ કરવો જોઈએ.

આપણે એવું માનીએ છીએ કે જો આપણે બધા લોકોને સુખ - સગવડનાં પૂરતાં સાધન આપીએ અને એમની પાસે પૈસા હોય,સારું ઘર હોય,ગાડી હોય તો એમનું જીવન આનંદથી ભરપૂર બની જશે,પરંતુ ખરેખર એવું બનતું નથી.જીવનમાં સુખના બધાં સાધન મળી ગયા પછી માણસ એવું વિચારવા લાગે છે : મારા જીવનનો ઉદ્દેશ્ય શો ?

માનવ જીવનમાં ઉદ્દેશ્ય વગર બધું નકામું છે.જરા વિચારીએ કે કોઈ સવારે આપણે કોઈપણ જાતના ઉદ્દેશ્ય વગર ઘરમાંથી નીકળી જઈએ તો દિવસભર આપણી શું હાલત થશે? આપણે અહીં તહીં ભટકીશું અને છેલ્લે જ્યારે આપણે ઘેર પાછા ફરીશું તો આપણને આપણી જાત ઉપર ગુસ્સો આવશે કે આજે આપણે આખો દિવસ બરબાદ કરી નાખ્યો.આવી રીતે જો આપણા જીવનમાં કોઈ ઉદ્દેશ્ય ન હોય તો જીવન સંધ્યા વખતે આપણે અનુભવ કરીશું કે આપણે આપણું આખું જીવન આમ ને આમ જ વેડફી નાખ્યું. દરેક દિવસની જેમ આપણાં જીવનનો ઉદ્દેશ્ય પણ ચોક્કસ હોવો જોઈએ.આપણા જીવનનો ઉદ્દેશ્ય જ આપણને બતાવશે કે કયું કામ આપણા માટે જરૂરી છે ને કયું એકવાર .ઉદ્દેશ્ય સ્પષ્ટ થઈ જવાથી આપણો સમય બચે છે.એટલું જ નહીં, નક્કી કરેલાં લક્ષ્ય સુધી પહોંચવું આપણા માટે ખૂબ સરળ બની જાય છે. સાધનસામગ્રી વધવાથી જીવનમાં શાંતિ આવી નથી .શાંતિ તો જીવનમાં કોઈ ઉદ્દેશ્યને સિદ્ધ કરવાથી આવે છે.પ્રસિદ્ધ મનોવૈજ્ઞાનિક આલ્બર્ટ કામસે એકવાર કહ્યું હતું કે વાસ્તવમાં માણસ સામે એક જ પડકાર છે કે તે એક બાબતનું સાચું મૂલ્યાંકન કરી શકે કે આ જીવન શા માટે જીવવું જોઈએ ? આપણે પશુઓની જેમ સંવેગોથી પ્રભાવિત થઈને જીવન જીવતા નથી.પશુ -પક્ષીઓને જીવન જીવવા માટે ફક્ત સંવેગોની જરૂર હોય છે.ભૂખ લાગી તો ખાઈ લીધું, તરસ લાગી તો પાણી પી લીધું અને થાક લાગ્યો તો ઊંઘી ગયા.

બીજી તરફ, માણસ આનાથી ઉપરની કક્ષાનો વિચાર કરે છે કે શું ખાવું જોઈએ - કેમ ખાવું જોઈએ ને ક્યારે ખાવું જોઈએ ? એક

(જુઓ પાનું ૬) ▶▶

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ત્યારે શું દેવી-દેવતા કોઈ પાર્ટીને પ્રમોટ કરતા હતા?



'ગિરધરલાલ, બધું ગોઠવાયેલું છે. બધા ઉપરવાળાના ખેલ છે.!' આમ કહી રાજુ રદીએ યુક્રેન સાઇઝનો નિસાસો નાંખ્યો. રાજુ કોઇક મુદ્દે આહત થયો હોય એમ લાગતું હતું. 'રાજુ, શું ગોઠવાયેલું છે? કોનું કોના દ્વારા ક્યારે ગોઠવાયેલું છે?' રાજુના એબ્સર્ડ પ્રશ્ન સામે મે પણ વોટર કેનનની માફક પ્રશ્નોનો મારો ચલાવ્યો. ગિરધરલાલ,આ સમષ્ટિમાં બધું પૂર્વ નિર્ધારિત છે. કોઇ આકસ્મિક નથી.ક્યાંય કાગડો બેઠોને કબીરવડ ઊથલી પડ્યો એવું જોગ-સંજોગ જેવું નથી. તમામ ઘટના-દુર્ઘટના નિયતિને અધીનસ્થ છે.'

આજે રાજુને ડહાપણનો એટેક આવ્યો કે શું?

રાજુ રદી ગુર્જિયેફ, ખલિલ જીબ્રાન, સોક્રિટસ, કે થોરો જેવા દાર્શનિક જેવી બહેકી બહેકી વાત કરતો હતો. રાજુ, લગ્નની જોડી ઉપરથી ગોઠવાય છે અને પૃથ્વી પર ઔપચારિકતા નિભાવવામાં આવે છે. કદાચ તારા કિસ્સામાં ઉપરવાળાએ કોઇ કન્યા સાથે તને મેચ કરવાના બદલે મિસમેચ કર્યો હશે એટલે તું ખીલે બંધાતો નથી! મેં રાજુની થિયેરીને સમર્થન આપ્યું. ગિરધરલાલ, ઉપરવાળો બધા ચોકઠા ગોઠવે છે, છતાં આપણે શકટનો ભાર શ્વાન તાણે એમ માની ફૂલણજી કાગડાની માફક ગરદન ફુલાવી ફૂલાઇએ છીએ. નીચેવાળા તો બસ પાથરણા પાથરે છે. નીચેવાળા ખુરશી ગોઠવે છે. નીચેવાળા તો પોસ્ટર ચોંટાડે છે. ચૂંટણીનો સમુદ્ર વલોવ્યા પછી ટિકિટરૂપી અમૃત આયાતી કે પૂરશૂટ જમ્પિંગ કરનાર અન્ય પક્ષોના કચરાકાંચનને મળે છે. બીજા બધા અવગણનાનું હળાહળ વિષપાન કરે છે! રાજુએ ચૂંટણીની ચોવટ ડોળી. રાજુ, તું હવામાં તલવાર વિંઝ્યા કરે છે. સામે શત્રુ પણ નથી અને મિત્ર પણ નથી. કોઇ નથી તો આ કસરત શું કામ કરે છે? કંઈક સમજાય એવું બોલ. મને એબ્સર્ડ કવિતા કે કથા-શૂન્ય વાર્તામાં રસ નથી! 'મેં રાજુને ઝાટકી નાંખ્યો. ગિરધરભાઇ, તમને ખબર છે કે ભગવાન રામ શા માટે તીર કામઠું કે ધનુષબાણ રાખતા હતા?' રાજુએ મને અઘરો સવાલ પૂછ્યો . રાજુ, મને એની ખબર નથી. રાધારાણી દેવાની જેમ હાથમાં તવેથો, વેલણ, સાણસી, ચીપિયો કેમ ધારણ કરે છે એની મને ખબર છે. કેમ કે, એ આયુધો મારા પર પ્રહાર કરવા રાખે છે જો કે, લોકો સ્વરક્ષણના બહાના હેઠળ ગન લાયસન્સ મેળવે છે અને ખરીદેલ રિવોલ્વર બેંકના લોકરમા રાખે છે. જો કે, રાધારાણી છૂટાહાથે આયુધોનો ઉપયોગ કરે છે! મેં રાજુને જવાબ આપ્યો. ગિરધરલાલ, ભગવાન રામ આર્ષદ્રષ્ટા એટલે વિઝનરી છે. ભગવાન રામને ભવિષ્યમાં કોઇ બાળાસાહેબ નામના હિન્દુ હૃદય સમ્રાટ પક્ષની સ્થાપના કરનાર છે અને એના પક્ષનું નિશાન તીર કામઠું રાખનાર છે એની પણ જાણ હતી. બાળાસાહેબને મદદરૂપ થવા ભગવાન રામે તીર-કામઠું રાખેલા એ કુદરતી સંયોગ કે ચમત્કાર છે!' રાજુએ ધાર્મિક તર્ક રજૂ કર્યો. હોય નહીં. રાજુ, બાકી જો એમ હોય તો ઇટસ અનબિલીવીબલ- માન્યમાં ન આવી એવું છે. બાકી તું આમથાં આવાં ચાકઠાં ન બેસાડ..!

'ગિરધરલાલ, આ સાંભળો શનિદેવ ન્યાયના દેવતા છે. શનિદેવ જાતકોને ત્રાહીમામ્ કરાવી દે છે. શનિદેવ પ્રસન્ન થાય તેને ન્યાલ કરી દે.. શનિદેવે અમેરિકાના ડેમોક્રેટસ પાર્ટી પર કોટિ કોટિ કૃપા કરી છે. એ પક્ષની સ્થાપના પૂર્વે જ શનિદેવે તેના પર અસીમ કૃપા વરસાવી છે. શનિદેવ એ એવા દેવ છે કે એમણે વાહન તરીકે ગદર્ભ એટલે કે ડોન્કીનો ઉપયોગ કરીને ડેમોક્રેટસ પાર્ટીનો અનપેઇડ પ્રચાર કમ આશિષ આપે છે!' રાજુએ બીજો ગપગોળો હાંક્યા રાજુ, રાત્રે કોઇ ઉમેદવારના ખર્ચે અને જોખમે છાંટોપાણી કર્યો હોય તેનો હેંગઓવર છે કે શું? 'ગિરધરલાલ, બધા દેવ-દેવી ભક્તોને આશીર્વાદ આપવા થોડો વળેલો હાથ શું કામ દર્શાવે છે.? એ કોંગ્રેસયુક્ત ભારતની મનોકામના વ્યકત કરે છે. આશીર્વાદરૂપે પંજો દેખાડે છે!' રાજુ રદીએ પ્રભુની આશિષ મુદ્રાનું રાજકીય અર્થઘટન કર્યુ. 'ગિરધરલાલ, સ્વર્ગના અધિષ્ઠાતા ઇન્દ્ર અને ભગવાન ગણેશ હાથીનો વાહન તરીકે ઉપયોગ કરતા હતા. લક્ષ્મીજીની આજુબાજુ બે હાથીઓ સૂંઢથી માતાજી પર સુવર્ણમુદ્રાની વર્ષા કરતા હોય છે. એ તમામ બહુજન સમાજ પક્ષના સમર્થક ગણાયને ?' રાજુએ નવું ધૂપ્પલ ચલાવ્યું. રાજુ કુંછ ભી? રાજુ તું અર્બન કે અર્નબ ગોસ્વામી નથી. તારાં આ બધા ટાઢા પહોરના ગપ્પાંનો કોઇ આધાર ખરો? અમે અકળાયા. ગિરધરલાલ, એક વાત જાણી લો કે રાજુની કોઇ વાત નિરાધાર ન હોય. આપણા સાહેબની એક રેલીમાં લક્ષ્મીજીના હાથમાં કમળનું ફૂલ છે એ અદ્ભુત સંયોગ છે. કમળનું ફૂલ સાહેબના પક્ષનું નિશાન છેને?! હમ્મ્મ. હવે રાજુ રદીની વાત ન માનવા માટે મારી પાસે કોઇ કારણ ન હતું. દેવી-દેવતા જે તે સમયે અસ્તિત્વમાં ન હતી તેવી પોલિટીકલ પાર્ટીને જાણતા-અજાણતા પ્રમોટ કરતા હશે? સાચું - ખોટું તો મારા રામ જાણે. ■

## ટૂંકી વાર્તા

ડૉ. હિતા મહેતા
feedback@bombaysamachar.com

# વમન



‘ઓકે. કટ.’ શોટ ઓકે થઈ ગયો. સ્પોટબોય દોડતો દોડતો હીરો રોશનકુમાર માટે નેપકીન લાવ્યો. પરસેવો લૂછતો લૂછતો પિક્ચરનો હીરો રોશનલાલ તેની વેનિટી વેન તરફ ગયો.

‘સાલ્લો...’ જમીન પર થૂંકતાં શેરૂ બોલ્યો, ‘મહેનત હું કરું છું અને પરસેવો એને થાય છે.’ તેની નજરમાં નફરત હતી અને અવાજમાં આક્રોશ.

‘અલ્યા તું ગરમ જલદી થઈ જાય છે.’ દોસ્ત ફારૂખ બોલ્યો, ‘યાર, જરાક તો વિચાર કર, એ સુપરસ્ટાર અને આપણો તો વિલનનાય ચમચાઓ કે જેને ભાગે માર જ ખાવાનો આવે. એટલો ફેર તો પડવાનો ને? આ ફિલ્મી દુનિયા છે.’

‘એ જ તો ખીજ ચડે છે’ સાઈડમાં બેઠેલા જુનિયર આર્ટિસ્ટનાં ગ્રૂપ તરફ જતાં જતાં તે બોલ્યો.

ત્યાં જ વેનીટી વેનમાંથી બુમ સંભળાઈ,

‘હેઈ... યુ’ શેરૂ તરફ આંગળી ચીંધતા રોશનકુમાર બોલ્યો, ‘સુજિતને કહે મારા અને મેડમ માટે કોલ્ડ્રિંક્સ મોકલે.’

‘તારા બાપનો નોકર છું?’ બબડયો શેરૂ.

‘ચાલ શેરૂ, આપણે બંને જઈએ બસ, મોટા માણસો સાથે પંગા ન લેવાય.’ હાથ પકડીને શેરૂને ખેંચતા ફારૂખ બોલ્યો.

ફારૂખ અને શેરૂ છેલ્લાં દસ વર્ષથી સાથે જ કામ કરતા કરતા સારા મિત્રો બની ગયા હતા. વળી બંનેનું રહેવાનું પણ નજીક - નજીક હતું તેથી શુટિંગમાં આવવા જવાનું પણ સાથે જ રહેતું.

નિર્માતા સુજિતકુમારને મેસેજ આપી બંને પાછા ફર્યા.

‘તું આટલો ઉખડેલ - ઉખડેલ જ હંમેશાં કેમ રહે છે શેરૂ?’ ફારૂખ બોલ્યો.

‘યાર, કાયમ આ મગતરા જેવા હીરોના હાથનો માર ખાવાનો?’ વાતો કરતા ફરી તેમના ગ્રૂપ પાસે જઈ બંને બેઠા.

‘આવા તો ચાર હીરોને ક્યાંય ઉલાળી દઈ તેની ચટણી બનાવી નાખવાની તાકાત છે મારામાં, છતાં આપણે તેના હાથનો માર ખાવાનો. આવા ચોકલેટી હીરોનાં કાંડા તો હિરોઈન કરતા પણ નાજુક હોય છે. કીડી મકોડાની જેમ મસળાઈ જાય. પાછા શેખી તો એવી કરે કે જાણે પોતે દારાસિંગ હોય અને આપણે મગતરા, દવાઓ ખાઈ ખાઈ બાવડા બનાવવાથી કઈ હી-મેન નથી થઈ જવાતું. ખાલી હવા ભરેલા ફુગ્ગા જ.’

શેરૂની હાથની મુઠ્ઠીઓ વળી ગઈ. આંખમાં લાલ લકીર દેખાવા લાગી. બીજી બાજુ બેઠેલા સુલ્તાને શેરૂનો ખભો દાબ્યો.

‘યાર નસીબ. નસીબ, નહીં તો તું પણ ક્યા ઓછો હેન્ડસમ છે. અમારું તો સમજ્યા કે મોઢાના ઠેકાણા નથી, પરંતુ તું તો થોડો મેકઅપ થાય તો પેલા રોશન જેવો જ હેન્ડસમ લાગે. છતાં તું અહીં અને એ ત્યાં. નસીબ નહીં તો બીજું શું?

શેરૂ ચુપચાપ જમીન ખોતરતો હતો. વાત પણ સાચી હતી. પાંચ દસ હાઈટ અને પહેલવાની સ્નાયુબદ્ધ શરીર, સિક્સપેક્સ બાવડા અને નમણો નાક નકશો.

સમજણો ત્યારથી તેના બાપુને બધા કહેતા તે સાંભળતો કે, ‘દેવજીબાપુ, તમારો શેરૂ તો દેવનાં ચક્કર જેવો લાગે છે, ટીલુ લગાડો, નહીં તો નજરાઈ જશે.’

બા-બાપુ પોરસાતાં. રજપૂતનો દીકરો એટલે રાજપૂતી ખુમાર તો તેનાં લોહીમાં હતું.

યુવાનીના પ્રથમ પગથિયે તો તે ઓર નીખર્યો. મિત્રો સાથે ફિલ્મો જોતા જોતા તેને હીરો થવાનો ચસ્કો લાગ્યો. અખાડે જવા લાગ્યો. ગામડા ગામમાં ‘હેલ્થ ક્લબ’ તો હતી નહીં. અખાડો તેના માટે હેલ્થ કલબ. શરીરને સ્નાયુબદ્ધ બનાવ્યું. એકવાર જોનારની જલ્દીથી નજર ન હટે એટલો ફુટડો યુવાન તે લાગતો. ભણવામાં ખાસ મન નહીં, બસ એક જ ધૂન, પિક્ચરમાં કામ કરવું છે, હીરો થવું છે. સ્કૂલમાં અને ત્યારબાદ મિત્રમંડળ વચ્ચે કોઈ હીરોની આબેહૂબ એકટિંગ કરી બતાવે ત્યારે બધા મોંમાં આંગળા નાખી જાય. આ તેની એકટિંગ સ્કૂલ.

જોકે દેવજીબાપુને આ બધું ગમતું નહીં. તેણે ઘણી વાર દીકરાને સમજાવવા કોશિશ કરી.

‘દીકરા, આપણે રહ્યા રાજપૂત, નાટક-ચેટક આપણું કામ નહીં. રાજપૂત ધીંગણે જાય. દીકરા આ બધું બહુ થયું, હવે છોડ.’

દીકરો અડગ હતો.

બાપ લાચાર હતો. તેનાં હાથ હેઠ પડયા.

તેર ગામની રિયાસતના ભાવિ ધણીએ અંતે મુંબઈની વાટ પકડી. દસ વર્ષ થઈ ગયા આ વાતને. ખમતીધર બાપનો દીકરો હતો તેથી મુંબઈમાં પોતાનો વન બેડનો એક ફલેટ હતો. ગામથી નિયમિત પૈસા આવતા હતા તથા નિયમિત સૂચના પણ આવતી હતી કે થાકે ત્યારે ઘર ભેગો થઈ જજે.

શેરૂ સ્ટ્રગલ કર્યા કરતો હતો. ક્યાંક નાના મોટા રોલ મળી જતા હતા, પરંતુ ક્યાંય સરખો પાટો બાજતો નહોતો. એકવાર થોડા વધુ પૈસાની ઓફર થતા મુખ્ય વિલનનાં સાગરિતનો રોલ મળતા તેણે તે સ્વીકાર્યો અને ત્યારથી નિર્માતાઓની નજરમાં તે આ પાત્ર માટે કાયમ માટે ફીટ થઈ ગયો. આમ જ આ દસકામાં શેરૂએ લગ્ન પણ કર્યા, બાપે નક્કી કરેલ છોકરી સાથે, એક દીકરી પણ થઈ અને દીકરી પાંચ વર્ષની થઈ પણ ગઈ.

જિંદગીનાં દસ વર્ષ, હા પૂરેપૂરા દસ વર્ષ કોઈનો ઊંચો અવાજ ન સાંભળવા ટેવાયેલ રાજપૂત શેરસિંહ રાણા શેરૂદાદા થઈને રહી ગયો. જો કે આ કામમમાં પૈસા સારા એવા મળતા જેમાંથી ગુજારો તો થતો, પરંતુ સાથે - સાથે ઉકળાટ પણ વધતો જતો હતો.

એક નાના વિલન તરીકે એ એક જુનિયર આર્ટિસ્ટ તરીકે શૂટિંગમાં થતી અવહેલના તેની રાજપૂતાઈને દઝાડતી, જેની દાઝ ઘરમાં પણ નીકળતી. પત્ની મીના સમજુ હતી. પતિના સ્વભાવને સંભાળી લેતી.

શિફ્ટ પૂરી થતા બધા છૂટા પડયા. તે અને ફારૂખ ઘરે જવા નીકળ્યા. છૂટા પડતા ફારૂખે યાદ દેવડાવ્યું કે કાલે પેમેન્ટનો દિવસ છે. હિસાબની ડાયરી લાવવાનું ના ભૂલીશ.

‘મારી ડાયરી ક્યાં છે?’ તેની કમાન છટકી. આમ પણ તે કદી શાંતિથી તો ઘરમાં વાતો કરતો જ નહીં. શેરૂ ઘરમાં આવે એટલે બંને ડરેલા જ રહેતાં અને ક્યાંય તેની અડફેટે ન આવી જવાય તેની કોશિશ કરતા.

‘મને ખબર નથી, મે નથી જોઈ.’ મીનાએ ડરતા ડરતા કહ્યું.

‘ખબર નથી તો ઘરમાં કરે છે શું?’ કરડાકીથી બોલી ધડામ કરતો કબાટ બંધ કર્યો.

‘અનારકલી ડિસ્કો ચલી...’ મોબાઈલનો રીંગટો હતો એ. શેરૂએ મોબાઈલ ઉપાડી, નંબર જોયો. નિર્માતા સુજિતકુમારનો હતો.

‘યસ સર’ બને એટલા સંયત સ્વરે શેરૂ બોલ્યો.

‘શેરૂ’ સામેથી સુજિતકુમારનો સ્વર સંભળાયો. જો ધ્યાનથી સાંભળ, આપણા પિક્ચરના મુખ્ય વિલન મદન જહાંગીરને ફ્રેકચર થયું છે જેને સરખું થતા બે ત્રણ મહિના લાગશે તેથી અમે તેને પડતો મૂકેલ છે. તેની જગ્યાએ સહુની સંમતિથી તારી પસંદગી થઈ છે. બધા જુનિયર આર્ટિસ્ટ અને સાઈડ વિલનનો વિચાર કરતા અમને તું યોગ્ય લાગ્યો છે. તેથી કાલથી મદનનો રોલ તારે કરવાનો છે, બોલ કરીશને?’

શેરૂની આંખમાં આનંદનો ચમકારો થયો, એક ક્ષણ અને બુઝાઈ ગયો.

‘ઓકે સર, હું કરીશ.’ તે સ્વસ્થ સ્વરે બોલ્યો.

‘ગુડ, તો આવતી કાલે દસ વાગ્યે શુટિંગ છે. તું નવ વાગ્યે આવી તારો રોલ સમજી લે અને સાંભળ, સારી તક સામેથી આવી છે. સમયસર આવી જજે.’ ફોન કટ થઈ ગયો.

ત્યાં ફારૂખનો ફોન, પછી ઈલ્યાસ, સુલ્તાન.

બધા મુબારકબાદી આપતા હતા. અંતે આટલો મોટો બ્રેક મળવા બાબત ઈર્ષ્યા મિશ્રિત આનંદ વ્યક્ત કરતા હતા.

‘તેરી તો નીકલ પડી યાર, હવે જો જે મોટા રોલ મળે એટલે આ દોસ્તને ભૂલતો નહીં.’ લોકલ ટ્રેનમાં બેઠા બેઠા ઉત્સાહથી ફારૂખ આવી તો કઈ કેટલીયો વાતો કરતો હતો. શેરૂ શાંતિથી બેઠો હતો. અંતે ફારૂખે તેને હડબડાવ્યો.

‘તું સાંભળે છે કે નહીં? ક્યા ખોવાઈ ગયો?’

શેરૂએ નિશ્વાસ નાખ્યો.

‘શું ફર્ક પડે છે યાર, અંતે તો આ માયકાંગલાનાં હાથે માર જ ખાવાનો ને.’

‘અરે યાર, માર ખાવાનાં પણ અઢળક પૈસા અને પ્રસિદ્ધિથી મળતા હોય તો શું ખોટું છે? અને સાચો માર થોડો ખાવનો છે? માર ખાવાનું ફક્ત નાટક જ કરવાનું છે ને?’ ફારૂખ વધુ ને વધુ ઉત્સાહમાં હતો.

‘એ બધું એક જ.’ શેરૂ બબડયો.

શેરૂ સુજિતકુમાર સામે ઊભો હતો. સુજિતકુમાર તેને સિચ્યુએશ સમજાવતા હતા. જોકે દસ વર્ષથી શેરૂ આ જ માહોલમાં હોઈ તેને સમજતા વાર નહોતી લાગતી.

‘જો શેરૂ, કલાઈમેક્સમાં તે હિરોઈનનું કાંડુ પકડેલ હશે જે તે છોડાવવા કોશિશ કરતી હશે, પરંતુ તારો છોડવાનું નથી. પછી હીરો આવશે, તને મારવાની કોશિશ કરશે, પહેલાં તો તારે તેના મોં, છાતી, પછી પેટમાં મુક્કા મારવાની એકટિંગ કરવાની છે, ત્યારબાદ તેનો ડુપ્લિકેટ મોટી ડાઈવ મારી ઉછળી, બે પગ તારા પેટમાં મારશે અને તારો હાથ છૂટી જશે અને તું બેવડ વળી પડી જઈશ, બરાબર?’

‘હં’ શેરૂએ હકાર કર્યો.

‘બસ, બાકીનું પછી સમજાવીશ. શોટનાં બહુ રીટેક ન થવા જોઈએ. જોજે નહીંતો રોશનકુમાર અને સુનીતા મેડમ નારાજ થઈ જશે તો કદાચ તારો ચાન્સ જાય’ સુજિતકુમારે તેને ચેતવ્યો.

‘ઓ કે સર.’

તે શોટનું મનોમન રિહર્સલ કરવા લાગ્યો.

શોટ રેડી હતો. સાઈડ એકટર્સ તથા જુનિયર આર્ટિસ્ટ આવી ગયા હતા, પરંતુ હીરો-હિરોઈનનો પત્તો નહોતો. શેરૂનાં મેકઅપનું કામ ચાલુ હતું. દસના અગ્યાર, બાર એક. જો કે આ કાયમનું હતું.

એક વાગ્યો રોશનકુમારની મર્સિડીસમાં પધરામણી થઈ. સાથે સુનીતા મેડમ પણ હતાં સાવ ટૂંકા કપડામાં. સુનીતાની લીસી જાંઘો સાથે ઘસાઈને રોશનકુમાર ચાલતા હતા. તેનો એક હાથ સુનીતાની કમરે હતો. બંને કોઈ વાત ઉપર ખડખડાટ હસતા હસતા આવી રહ્યાં હતાં. બધા ચમચાગીરી કરવા દોડયા.

‘આપણે અડધો કલાક મોડા પડીએ તો ગાળો સાંભળવાની અને આ લાટસાહેબ ત્રણ કલાક મોડા આવે તો પણ ખુશામદ...’ અણગમાથી શેરૂએ મોં ફેરવી લીધું.

‘એઈ, હટ,’ શેરૂ પાસેથી પસાર થતા સુનીતા છણકો કરી બોલી. રોશનકુમારે તુચ્છકારભરી નજરથી તેને સામે જોઈ હોઠ ફફડાવ્યા. શેરૂ સમજી ગયો કે તેનાં મોંમાંથી ગાળ નીકળી હતી.

આગ લાગી ગઈ શેરૂને. તેનું રાજપૂતી લોહી બળવો પોકારવા માંડયું. આંખમાં લાલાશ ફરી વળી અને હાથની મુઠ્ઠીઓ વળી ગઈ. તે કઈ કરે તે પહેલા જ ‘પોઝિશન.’

બધાએ પોતાની પોઝીશન લીધી. ચારે બાજુથી કેમેરા એંગલમાં ગોઠવાયા. શુટિંગ શરૂ થયું.

શેરૂનાં હાથમાં હિરોઈનનું કાંડુ હતું. તે છટપટતી હતી, પરંતુ શેરૂનું ધ્યાન રોશનકુમાર તરફ જ હતું. તેની ભ્રૂકુટી તણાઈ ગઈ હતી અને ભયંકર આક્રોશથી તેનાં કપાળે પરસેવો ચમકતો હતો. દાંતની ભીંસને કારણે જડબું તંગ હતું તથા ડારી નાખતી આંખોથી એક ક્ષણ તો રોશનકુમાર પણ ડરી ગયો. બધા તેની સરસ ‘એકટિંગ’ને જોઈ રહ્યા.

ત્યાં જ... એક હાથમાં હિરોઈનનું કાંડુ અને બીજા હાથની મુઠ્ઠીથી, નજર આવતા રોશનકુમારને મોં પર એક જોરથી મુક્કો પડયો. રોશનકુમાર લથડયો, કોઈ કંઈ સમજે તે પહેલા એક, બે, ત્રણ, પુરા જોશ અને ઝનૂનથી બાવડેબાજ શેરૂનાં લાગેલા ત્રણ મુક્કા...’

અને રોશનકુમારનાં નાક તથા મોમાંથી લોહી નીકળવા લાગ્યું, સ્તબ્ધ થઈ ગયેલ સમગ્ર યુનિટ કઈ સમજે તે પહેલા રોશનકુમાર બેભાન થઈ ઢળી પડયો.

‘એમ્બ્યુલન્સ’ સુજિતકુમારે ચીસ પાડી.

એકાએક પૂરા યુનિટમાં ચહલપહલ મચી ગઈ.

‘તને કોણે આટલો આબેહૂબ અભિનય કરવાનું કહ્યું હતું?’ બરાડતા સુજિતકુમાર દોડયા. ‘પેકઅપ’ તેણે બૂમ પાડી.

તાત્કાલિક ફર્સ્ટ એઈડ, પછી એમ્બ્યુલન્સ, હૉસ્પિટલ, બધે દોડાદોડી હતી. ‘શોટ એકદમ ચોટદાર રહ્યો’ ક્યાંકથી અવાજ સંભળાતો હતો. દસ મિનિટમાં મીડિયા પણ આવી ગયું. આખરે રોશનકુમાર જાનીમાની હસ્તી હતી.

શેરૂ સિગરેટ પીતો સાઈડમાં ઊભો હતો. તે તદ્દન શાંત હતો. પોતાની જાતને સાવ હળવોફૂલ અનુભવતો હતો.

તેણે મોબાઈલ ઉઠાવ્યો. એક નંબર લગાવ્યો.

‘હલ્લો મીના, તૈયાર રહેજે. સાંજે હું આવું પછી આપણે ત્રણે હોટલમાં જમવા જઈશું, અને સાંભળ બાપુને મોબાઈલ કરી દે જે કે અમે કાલે અહીંથી નીકળીએ છીએ. બસ, બહુ થયા નાટક-ચેટક...’ ■

## તસવીરની આરપાર

- ભાટી એન.
feedback@bombaysamachar.com

# ગરીબોથી અમીરોની રસોઈનો રાજા તીખું લાલ ચટક મરચું!

***“લીલામાંથી લાલ થઈ જાય, પછી રસોઈનો રાજા બની જાય.”***

મરચું CHILI આપણી રસોઇનો રાજા કહેવાય છે...! રસોડામાં મરચું, હળદરનું લાલ-પીળું કોમ્બિનેશન છે. આના વિના રસોઇ અધૂરી ગણાય...! પણ મરચું તો ગરીબથી અમીર સુધીની જરૂરત છે. જગતમાં મરચાનું જન્મ સ્થાન દક્ષિણ અમેરિકા ગણાય છે! જયાંથી આ વનસ્પતિ આખા વિશ્વમાં પ્રસાર પામી છે. વર્તમાન સમયમાં મરચાંની વિભિન્ન જાતો આખા વિશ્વમાં ઉગાડવામાં આવે છે...! મરચાનો ઉપયોગ એક ઔષધિના રૂપમાં પણ કરવામાં આવે છે

મરચાની વિવિધજાતો બજારમાં ઉપલબ્ધ છે જેમ કે લવીંગયા મરચાં. ઘોલર મરચાં (કેપ્સિકમ) બુલેર મરચાં, દેશી મરચાં, દ્વિદળી વર્ગમાં આવેલા સોલેનસી કુળની એક વનસ્પતિ. તેનું વૈજ્ઞાનિક નામ CAPSICUM (કેપ્સિકમ) મરચાંના પુષ્પો સફેદથી માંડી વાદળી-જાંબલી રંગના હોય છે. મરચું પ્રથમ લીલું, પીળુ, ને પાકીને સુકાઇ જતા લાલચટક રેશમ પટો કે વિવિધ પ્રકારના અસંખ્ય મરચા અત્યારે બજારમાં જોવા મળે છે.

ભારતમાં તેનો પ્રવેશ પોર્ટુગિઝ દ્વારા થયો છે. ભારત, આફ્રિકા અને ઉષ્ણકટિબંધીય અમેરિકામાં તેનો મસાલા તરીકે ઉપયોગ થાય છે. જોકે હવે તે સમગ્ર વિશ્વમાં જાણીતું બની ગયું છે...! મરચાને બહોળા પ્રમાણમાં ઉપયોગ અને વિસ્તૃત પ્રમાણમાં થતી ખેતીનું કારણ તે ટૂંકા સમયગાળાનો પાક છે. અને તેની ખેતી કાળા મરીની તુલનામાં વિવિધ પ્રકારની આબોહવાકીય અને ભૌમિક પરિસ્થિતિમાં થાય છે. ભારતમાંથી પ્રતિવર્ષ આશરે ૨૫૦ કરોડ રૂપિયાના મરચાંની નિકાસ થાય છે.

મરચાનાં બીજને ઉગવા માટે ગરમ અને ભેજવાળું વાતાવરણ, જયારે ફળ પાકવાના સમયે ઠંડું અને સૂકું હવામાન વધુ અનુકૂળ રહે છે. મરચાંનો પાક પિયતની સગવડવાળા વિસ્તારમાં બારે માસ લઇ શકાય છે...! આ પાકને સારી નિતારવાળી મધ્યમ કાળી ગોરાડુ અને કાળી જમીન વધુ માફક આવે છે.

ગુજરાતમાં મરચાનું વાવેતર લગભગ ૨૦,૦૦૦ હેકટરમાં થાય છે. જામનગર, મહેસાણા, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, ગાંધીનગર, સુરત, વડોદરા ને રાજકોટના ગોંડલિયા મરચાં વિખ્યાત છે ને મરચાનું પીઠું છે. મરચાંનો પાઉડરનો ઉપયોગ રોજિંદા વપરાશ ઉપરાંત અથાણા બનાવામાં થાય છે. મરચાંની ખેતી અટપટી છે...! એકવાર વાવીયા બાદ ફરી ૬૦-૬૦ સેમીના અંતરે ફેરરોપણી કરવામાં આવે છે...! મરચીની રોપણી બાદ લગભગ ૪૦થી ૪૫ દિવસે ફળ આવે છે, ને દર પંદર દિવસે વીણી કરવી હિતાવહ છે.

લાલ મરચાનું ઉત્પાદન લેવા માટે પ્રથમ બેથી ત્રણ વીણી લીલાં મરચાંની કરવામાં આવ છે. ત્યારબાદ છોડ પર મરચાંને રહેવા દઇને લાલ થવા દેવામાં આવે છે અને પછી તેમની વીણી કરવામાં આવે છે.

મરચાં પાકવા દેવામાં આવે છે. આવા પાકા ફળને અલગ રીતે ઉતારી તેમાંથી બીજ કાઢવામાં આવે છે અને ઉપરની છાલને મરચાંનો પાઉડર બનાવવા ઉપયોગમાં લેવામાં આવે છે. આવા મરચાં વિશે વિસ્તૃત પઠન થયું. ■





## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com


# સ્વાર્થ હોય તો જ મલકે આવા લોકોથી દૂર રહેવાનો માર્ગ

જાપાનના જાણીતા વાર્તાકાર રયોનોસુકે અકુતાગાવા કે અકુતામાવાએ માનવજાતને સમજાવતી ‘ધ સ્પાઇડર્સ થ્રેડ’ નામની મસ્તમજાની વાર્તા લખી છે.

ભગવાન બુદ્ધ સ્વર્ગમાં સરોવરના કિનારા પર ફરી રહ્યા હતા. સ્વર્ગના સરોવરનું પાણી અત્યંત સ્વચ્છ અને પારદર્શી હતું. સરોવરના કિનારા પરથી બુદ્ધ પાણીના સૌંદર્યને માણી રહ્યા હતા ત્યારે એમની નજર સરોવરના તળિયે આવેલા અંધકારમય નર્ક પર પડી.

એ નર્કમાં કરેલાં ખરાબ કર્મની સજા ભોગવતા લોકોની હાલત અત્યંત દયાજનક હતી. ભગવાન બુદ્ધની નજર એક ડાકુ પર પડી, જેણે એના જીવનકાળ દરમિયાન અસંખ્ય લોકોને પરેશાન કર્યા હતા. અસંખ્ય લોકોના માલમત્તા લૂંટી હતી. કોઈ વ્યક્તિ ધન આપવાની ના પાડે તો એનાં ઘર પણ સળગાવ્યા હતાં.

ભગવાન બુદ્ધને આ ડાકુની એક ઘટના યાદ આવી. આ ડાકુએ એક કરોળિયાને પગ નીચે કચડવાનું નક્કી કર્યું, પણ અચાનક એના મનમાં કરુણા જાગી. કરોળિયાને જીવતો છોડી દીધો હતો. આ ઘટનાને લીધે બુદ્ધને લાગ્યું કે ડાકુને નર્કના ત્રાસમાંથી મુક્તિ મળવી જોઈએ. ભગવાન બુદ્ધની નજરમાં સરોવરનાં કમળો આસપાસ કરોળિયો જાળાં બનાવતો હતો એ જાળાંનો ધાગો બનાવીને નર્કમાં રહેલા ડાકુ સુધી મોકલીને ઉપર સ્વર્ગમાં બોલાવી લેવો જોઈએ. બુદ્ધે ધાગો બનાવીને ડાકુની નજર પડે એ રીતે લટકાવ્યો. ડાકુ એ પકડીને ધાગો ઉપર તરફ ચડવા લાગ્યો. સ્વર્ગ દૂરને દૂર લાગતું હતું, એક તબક્કે ડાકુ થાકી ગયો. થોડી વાર આરામ કરવાનો વિચાર કરીને ડાકુ રોકાયો. એણે જોયું કે સ્વર્ગ નજીક છે. અચાનક એની નજર નીચે પડી તો નર્કનું અંધારું હતું, પણ અસંખ્ય લોકો ધાગો પકડીને સ્વર્ગ તરફ આવી રહ્યા હતા. ડાકુને લાગ્યું કે આટલા બધા લોકોનું વજન આ ધાગો વેઠી શકશે નહીં ને ગમે ત્યારે તૂટી જશે. ધાગો તૂટી જાય તો તેને સ્વર્ગમાં જવાની તક ગુમાવવી પડે એટલે એણે લોકોને બૂમ પાડીને ધમકાવ્યા : કોઇએ ઉપર આવવાની કોશિશ કરવી નહીં. જે ક્ષણે ડાકુએ બીજાઓને પોતાના માર્ગ થકી સ્વર્ગમાં આવતા રોકવાનો પ્રયત્ન કર્યો એ જ ક્ષણે જેની તૂટવાની શક્યતા હતી નહીં એ ધાગો એના હાથ પાસેથી તૂટી ગયો. એક મોકો બધાને સ્વર્ગમાં જવાનો મળે તેમ હતો એ ડાકુની એકલા જવાની જીદ થકી ગુમાવવી પડી. ભગવાન બુદ્ધે આ દ્રશ્ય જોયું. એમના ચહેરા પર ગ્લાનિ છવાઈ ગઇ.




આ જપાની લઘુકથામાં કહેવામાં આવ્યું છે કે પોતાની સાથે અન્ય પ્રગતિ કરે એ મહદઅંશે માણસ પચાવી શક્તો નથી. નાનું - મોટું સ્વાર્થી જગત તો બધે જ છે. સ્વાર્થ આપણામાં પણ વસેલો છે. સ્વાર્થી માણસની સૌથી મોટી ઓળખ હોય તો એ છે કે આત્મગાથા સિવાય એને કોઈ રસ હોતો નથી. તમે તમારા જીવનની કોઈ ફરિયાદ કરો તો એ સાંભળવાને બદલે પોતાની ગાથા શરૂ કરી દેશે. સવાલ એ છે કે વધારે પડતા સ્વાર્થી લાગતા લોકો સાથે કેવી રીતે વર્તવું જોઈએ, જેથી આપણી લાગણીઓને ઇજા ન પહોંચે.

જ્યારે આપણા સુખ-દુઃખ વચ્ચે સ્વાર્થી વ્યક્તિ એની જ ખરી-ખોટી ગાથાઓ કરે ત્યારે સૌથી સરળ રસ્તો એ છે કે એવા વ્યક્તિથી દૂર થઈ જવું. મનમાં એક ગાંઠ બાંધી દેવી કે એના વગર પણ દુનિયા છે. જગતમાં અસંખ્ય લોકો મળી આવશે જે તમારી ભાવનાઓને સન્માન આપશે. કદાચ આપણા સુખ-દુઃખ અન્ય સમક્ષ ચર્ચવા ન ગમે તો અસંખ્ય અવનવા વિષયોમાં દિલચસ્પી લો જ્યાં તમને નવા લોકો સાથે મળવાનો મોકો મળશે. સ્વાર્થની દુનિયામાં એકબીજાને મહાત કરવાનો સમય વેડફવા કરતાં પ્રકૃતિથી માંડી વાયા મનોરંજન થઈ સેવાકાર્ય સુધી વિશાળ દુનિયા છે, જ્યાં તમને ધાગો પકડીને ચડતા કોઈ રોકવાનું નથી.

સ્વાર્થની દુનિયામાંથી બહાર નીકળવાનો સૌથી સરળ રસ્તો એ છે કે તમને જે સ્વાર્થી લાગે છે એમની મદદ લેવાનું બંધ કરો. જે વ્યક્તિ કે એના વિચારો થકી તમારી ઊર્જાનો વ્યય થતો હોય તો એ વ્યક્તિનું તમારા જીવનમાં કશું કામ નથી.

લેખક - દિગ્દર્શક સુમિત અરોડાએ કુણાલ કપૂર અને ક્રિતિકા કામરા સાથે સત્તર મિનિટની ‘વ્હાઇટ શર્ટ’ નામની શોર્ટ ફિલ્મ બનાવી હતી. બંને પ્રેમી કોઈ વાતે વિવાદ થતાં અલગ પડી જાય છે, પણ કુણાલ કપૂરનો વ્હાઇટ શર્ટ ક્રિતિકા પાસે રહી જાય છે જે એને સંબંધ યાદ રાખવા મજબૂર કરે છે. સ્વાર્થના સંબંધ પર પૂર્ણવિરામ મૂકીને નવી જિંદગી જીવવા ક્રિતિકા એક દિવસ વ્હાઇટ શર્ટ કુણાલ કપૂરને પકડાવી દે છે..

આ એકમાત્ર માર્ગ છે કે તમને સ્વાર્થી લાગતા લોકોની યાદ ભૂલી જાવ. શક્ય એટલી યાદોને ખતમ કરશો તો જ મન શાંત થશે. આપણે એવું માનતા હોઇએ કે આપણું સારું વર્તન સામી વ્યક્તિના સ્વાર્થીપણાને સુધારી શકશે તો નિષ્ફળ જવાની સંભાવના ઘણી વધારે છે. સ્વાર્થી વ્યક્તિને એ ખબર હોતી જ નથી કે એની વર્તણૂક સામી વ્યક્તિને દુઃખ આપી રહી છે. એ તો એવું જ માને છે કે એ એની મસ્તીમાં વ્યસ્ત છે. એ એવું વિચારે છે કોઈ સુખી થાય કે દુઃખી થાય એ એની સમસ્યા છે અને એના માટે મારો આનંદ ગુમાવવો જરૂરી નથી. હકીકત અલગ હોય છે, સ્વાર્થી વ્યક્તિ પોતાના આનંદ માટે જીવે એ સામે કોઈ સમસ્યા નથી, પણ એ હોશિયારી સાથે ઇરાદાપૂર્વક તમને હર્ટ કરે -દુઃખ પહોંચાડતી જાય છે. નોકરીથી માંડી સાવ અંગત કહી શકાય એવા લગ્નજીવન સુધી માણસ પોતે સુખી થવા કરતાં દેખાડાના સુખથી બીજાને દુઃખી કરવામાં વિકૃત આનંદ મેળવતો હોય છે, જે સ્વાર્થનું સૌથી વરવું સ્વરૂપ છે.

તમારા ઓર્ગેનાઇઝેશન-સંસ્થા કે કંપનીમાં કશું નવું કરવાનો પ્રયાસ કરો તો તમને સ્વાર્થી દુનિયા જોવા મળશે. એ તમને કહેશે કે આ બધું વર્ષો પહેલા કરી ચૂક્યા છીએ. સ્વાર્થની દુનિયાની સૌથી મોટી નબળાઈ એક જ છે કે સામાનું મોરલ તોડી નાખો. સ્વાર્થી માનસિકતાનું લક્ષણ છે કે એને પોતાની પ્રગતિ કરવા કરતાં બીજાની પ્રગતિ રોકવામાં વધારે રસ હોય છે. આ તબક્કે એ વ્યક્તિને હકારાત્મક રીતે સમજાવવાની કોશિશ ક્યારેય સફળ થતી નથી એટલે વ્હાઇટ શર્ટની જેમ પડતા મુકવા એ એક માત્ર સોલ્યુશન છે-ઉપાય છે.. સ્વાર્થ માણસને સારા-નરસાનું ભાન કરવા દેતો નથી. જે માણસને પોતાની આત્મશ્લાઘા સિવાય કોઈ વાતમાં રસ જ ના હોય એ વ્યક્તિને સમજાવવાનો કોઈ અર્થ નથી.

આપણાં બાળકો વિદેશ ભણવા કે જોબ માટે જાય છે ત્યારે એમને એક કોમન સવાલ પૂછવામાં આવે છે કે ‘ત્યાં કઇ ક્વોલિટી સૌથી વધારે પસંદ પડી?’ ત્યારે કોમન જવાબ એ જ હોય છે કે ‘તમારા કામની કદર અહીં કોઈ પણ રાજનીતિ કે પૂર્વગ્રહ વિના થાય છે’

આપણને જ્યારે પણ અહેસાસ થાય કે સ્વાર્થી વ્યક્તિઓની દુનિયામાં ફસાયા છીએ ત્યારે મનમાં કેટલીક બાબતોને ક્લિયર કરી દો. એક તો તમારા અધિકાર મળવાના નથી કે તમારા વિચારોનું મૂલ્ય નથી. બીજું કે એ વ્યક્તિઓને એમના સ્વાર્થ સિવાય કશામાં રસ નથી. આત્મશ્લાઘા ધરાવતી સ્વાર્થી વ્યક્તિઓની ક્વોલિટી જાણવા છતાં જો તમે દુઃખી થાવ તો એ તમારી મૂર્ખામી છે. ક્યાંકથી સારી શરૂઆત કરવી તો તમારી આસપાસ શ્રેષ્ઠ વાતાવરણ ઊભું કરશો તો અસંખ્ય લોકો આપની પાસે આપોઆપ આવશે : ચાલો, આપણે જ એક નવી શરૂઆત કરીએ અને સહુને તક અને સન્માન મળે એવી દુનિયાનું સર્જન કરીએ. ■

### ધ એન્ડ :

*માનવતાની મહાનતા માણસ થવામાં નથી, પણ માનવીય ગુણોને જાગ્રત કરવામાં છે. (મહાત્મા ગાંધી)*




# આઈપીએલમાં કઈ ચાર ટીમ પ્લે-ઑફ માટે સૌથી વધુ દાવેદાર? કોણે કેટલી મૅચ જીતવી પડે?

મુંબઈ: આઇપીએલની ૧૭મી સીઝનમાં એક પછી એક ધમાકેદાર મૅચ જોવા મળી રહી છે, નવા-નવા વિક્રમો બની રહ્યા છે અને મોટા ભાગની મૅચો રસાકસીભરી બની રહી છે. ટીમ-સ્કોર્સની સાથે વ્યક્તિગત સ્કોરમાં પણ નવા કીર્તિમાનો નોંધાઈ રહ્યા છે. બધાની નજર પૉઇન્ટ્સ-ટેબલમાં ટોચના સ્થાને જોવા મળતી ટીમો (રાજસ્થાન, હૈદરાબાદ, કોલકાતા, ચેન્નઈ) પર છે. ખાસ કરીને ડિફેન્ડિંગ ચૅમ્પિયન ચેન્નઈ પર તેમ જ એના જેટલા જ પાંચ ટાઇટલ જીતનાર મુંબઈની ટીમના આ સીઝનમાંના ભાવિ પર પણ સૌની નજર છે. ૨૦૦૮ની સૌપ્રથમ ચૅમ્પિયન રાજસ્થાન રૉયલ્સ હાલમાં ૧૪ પૉઇન્ટ સાથે મોખરે છે. એકમાત્ર આ ટીમ છે જે એક જ મૅચ હારી છે. બીજી બાજુ, હાઈ-સ્કોરિંગની શહેનશાહ હૈદરાબાદની ટીમને પણ ઘણા ટ્રોફી માટે ફેવરિટ માને છે. કેટલાકના મતે કોલકાતા અને ચેન્નઈની ટીમ પણ ટાઇટલ માટે મજબૂત દાવેદાર છે. પાંચમા સ્થાનની લખનઊની ટીમ પર કમબૅક કરીને ટૉપ-ફોરમાં આવી શકે એમ છે.



સોમવારે જયપુરમાં મુંબઈએ તિલકના ૬૫ અને નેહલ વઢેરાના ૪૯ રનની મદદથી ૯ વિકેટે ૧૭૯ રન બનાવ્યા બાદ રાજસ્થાને યશસ્વી (ઉપર)ના ૬૦ બૉલમાં સાત સિક્સર, નવ ફોરની મદદથી બનેલા અણનમ ૧૦૪ રનની મદદથી એક વિકેટે ૧૮૩ રન બનાવીને વિજય મેળવ્યો હતો. (iplt20.com)

જોકે એક રીતે તો હાલમાં રાજસ્થાન, કોલકાતા, હૈદરાબાદ અને ચેન્નઈની ટીમ ટાઇટલ માટે ફેવરિટ ગણી શકાય. ત્યાર પછીની ટીમોમાંથી કોઈ એક ટીમ જોરદાર કમબૅક કરીને ટૉપ-ફોરમાં (પ્લે-ઑફમાં) આવી જાય તો પણ નવાઈ નહીં.

સામાન્ય રીતે પ્લે-ઑફમાં પહોંચવા કુલ ૧૬ કે વધુ પૉઇન્ટની જરૂર છે. બેન્ગલૂરુની ટીમ સ્પર્ધાની લગભગ બહાર થઈ ચૂકી છે. કોઈ ચમત્કાર જ એને કમબૅક અપાવી શકે. અહીં પ્રસ્તુત તમામ આંકડા મંગળવારની ચેન્નઈ-લખનઊ મૅચ પહેલાંના છે.

## કઈ ટીમે પ્લે-ઑફ માટે કેટલી મૅચ જીતવી જરૂરી છે?

(૧) **રાજસ્થાન રૉયલ્સ:** પૉઇન્ટ-૧૪, બાકીની મૅચ-૬, પ્લે-ઑફ માટે અંદાજે જરૂરી વિજય-૧

(૨) **સનરાઇઝર્સ હૈદરાબાદ:** પૉઇન્ટ-૧૦, બાકીની મૅચ-૭, પ્લે-ઑફ માટે અંદાજે જરૂરી વિજય-૩

(૩) **કોલકાતા નાઇટ રાઇડર્સ:** પૉઇન્ટ-૧૦, બાકીની મૅચ-૭, પ્લે-ઑફ માટે અંદાજે જરૂરી વિજય-૩

(૪) **ચેન્નઈ સુપર કિંગ્સ:** પૉઇન્ટ-૮, બાકીની મૅચ-૭, પ્લે-ઑફ માટે અંદાજે જરૂરી વિજય-૪

(૫) **લખનઊ સુપર જાયન્ટ્સ:** પૉઇન્ટ-૮, બાકીની મૅચ-૭, પ્લે-ઑફ માટે અંદાજે જરૂરી વિજય-૪

(૬) **મુંબઈ ઇન્ડિયન્સ:** પૉઇન્ટ-૬, બાકીની મૅચ-૬, પ્લે-ઑફ માટે અંદાજે જરૂરી વિજય-૫

(૭) **દિલ્હી કૅપિટલ્સ:** પૉઇન્ટ-૬, બાકીની મૅચ-૬, પ્લે-ઑફ માટે અંદાજે જરૂરી વિજય-૫

(૮) **ગુજરાત ટાઇટન્સ:** પૉઇન્ટ-૮, બાકીની મૅચ-૬, પ્લે-ઑફ માટે અંદાજે જરૂરી વિજય-૪

(૯) **પંજાબ કિંગ્સ:** પૉઇન્ટ-૪, બાકીની મૅચ-૬, પ્લે-ઑફ માટે અંદાજે જરૂરી વિજય-૬

(૧૦) **રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ:** પૉઇન્ટ-૨, બાકીની મૅચ-૬, પ્લે-ઑફ માટે અંદાજે જરૂરી વિજય-૬ ■

# ઋતુરાજ ગાયકવાડની અણનમ ૧૦૮ રનની કૅપ્ટન્સ ઇનિંગ્સ

ચેન્નઈ: ચેન્નઈ સુપર કિંગ્સે લખનઊ સુપર જાયન્ટ્સને ૨૧૦ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો હતો. ચેન્નઈએ ૨૧૦ રન ચાર વિકેટના ભોગે બનાવ્યા હતા. કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ (૧૦૮ અણનમ, ૬૦ બૉલ, ત્રણ સિક્સર, બાર ફોર) આઇપીએલની ૧૭મી સીઝનનો સાતમો સેન્ચુરિયન બન્યો હતો. રાજસ્થાનના જૉસ બટલરની બે સદી ગણતાં આ સીઝનમાં કુલ આઠ સેન્ચુરી ફટકારાઈ છે.

ગાયકવાડની આઇપીએલના ઇતિહાસમાં આ બીજી સેન્ચુરી હતી. તે મંગળવારે લખનઊ સામેની મૅચમાં ચેન્નઈ માટે સ્તંભ બની ગયો હતો. તેની અને શિવમ દુબે (૬૬ રન, ૨૭ બૉલ, સાત સિક્સર, ત્રણ ફોર) વચ્ચે ચોથી વિકેટ માટે ૧૦૪ રનની ભાગીદારી થઈ હતી. ગાયકવાડે ૧૦ ફોર પછી પહેલી સિક્સર ફટકારી હતી અને આખી ઇનિંગ્સમાં તેણે કુલ ત્રણ છગ્ગા માર્યા હતા.

૨૦મી ઓવરના ચોથા બૉલમાં દુબેની વિકેટ પડ્યા પછી ગાયકવાડ સાથે એમએસ ધોની જોડાયો હતો, પણ ધોનીના ભાગમાં માત્ર એક બૉલ આવ્યો હતો જેમાં તેણે ફોર ફટકારી હતી.

લખનઊના કૅપ્ટન કેએલ રાહુલે ટૉસ જીતીને ફીલ્ડિંગ લીધી ત્યાર બાદ ગાયકવાડનો સાથી-ઓપનર અજિંક્ય રહાણે ફક્ત એક રન બનાવીને અને ડેરિલ મિચલ ૧૧ રન બનાવીને આઉટ થયો હતો. રવીન્દ્ર જાડેજાએ ૧૯મી એપ્રિલે લખનઊ સામે ચોથા નંબર પર કરેલી બૅટિંગમાં ૫૭ રન બનાવ્યા હતા, પણ હોમ-ગ્રાઉન્ડ ચેન્નઈમાં ફક્ત ૧૭ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. મોહસીન ખાને તેને કૅપ્ટન રાહુલના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

લખનઊના છમાંથી ત્રણ બોલર (મૅટ હેન્રી, મોહસીન ખાન, યશ ઠાકુર)ને એક-એક વિકેટ મળી હતી. રવિ બિશ્નોઈ, માર્કસ સ્ટોઇનિસ અને કૃણાલ પંડ્યા વિકેટ વિનાના રહ્યા હતા. ■

# મહિલા ટેબલ ટેનિસમાં હવે મનિકા નહીં, શ્રીજા નંબર-વન







શ્રીજા અકુલા (ડાબે) અને મનિકા બત્રા

નવી દિલ્હી: કૉમનવેલ્થ ગેમ્સની મિક્સ્ડ-ડબલ્સની ચૅમ્પિયન શ્રીજા અકુલા હવે ભારતની મહિલા ટેબલ ટેનિસ ખેલાડીઓમાં નંબર-વન છે. તેણે મનિકા બત્રાને બીજા નંબર પર મોકલી દીધી છે. શ્રીજાની વિશ્વમાં ૩૮મી રૅન્ક છે.

શ્રીજા આ વર્ષે જાન્યુઆરી તથા માર્ચમાં ડબ્લ્યૂટીટીના બે ઇન્ટરનૅશનલ ટાઇટલ જીતી હતી. ભારત પૅરિસ ઑલિમ્પિક્સની ટેબલ ટેનિસની સ્પર્ધા માટે ક્વૉલિફાય થઈ ચૂક્યું છે. ■

# ઇનિંગ્સમાં કોઈ એક બોલરને ચારને બદલે પાંચ ઓવર અપાશે?

## આઈપીએલની માર્કેટમાં જોરદાર ચર્ચા છે: ત્રણ દિગ્ગજો શું કહે છે?

મુંબઈ: આઇપીએલ (ઇન્ડિયન પ્રીમિયર લીગ)ની ૧૭મી સીઝનમાં બૅટિંગમાં ૧૭ કરતાં પણ વધુ વિક્રમો તૂટી ચૂક્યા છે એમ કહીએ તો જરાય ખોટું નથી. લગભગ રોજ કોઈને કોઈ નાનો-મોટો રેકૉર્ડ તૂટતો જ હોય છે. આ સ્થિતિમાં હવે સ્પષ્ટ છે કે બોલર્સને લાભ અપાવતો કોઈ નિયમ નહીં લાવવામાં આવે અથવા તો વર્તમાન નિયમમાં થોડી છૂટ નહીં અપાય તો બોલર્સની હાલત વધુ ખરાબ થઈ જશે. સનરાઇઝર્સ હૈદરાબાદે તાજેતરમાં ટીમ-ટોટલનો નવો વિક્રમ રચ્યો ત્યારે સચિન તેન્ડુલકરે સોશિયલ મીડિયામાં ટકોર કરતા લખ્યું હતું કે 'આવું જ ચાલ્યા કરશે તો બોલર બનવાની ઇચ્છા કોને થશે?'

હૈદરાબાદે પહેલાં તો મુંબઈ સામેની મૅચમાં બેન્ગલૂરુનો ૧૧ વર્ષ જૂનો ૨૬૩/૫નો વિક્રમ તોડીને ૨૭૭/૩નો નવો હાઇએસ્ટ સ્કોર નોંધાવ્યો હતો. ત્યાર બાદ હૈદરાબાદે બેન્ગલૂરુ સામેની મૅચમાં ૨૮૭/૩ના સ્કોર સાથે પોતાનો જ વિક્રમ તોડ્યો હતો. એક મૅચમાં બન્ને ટીમના રનના સરવાળાની બાબતમાં તેમ જ સિક્સર્સમાં પણ વિક્રમો બન્યા છે.

જૂનમાં ટી-૨૦ વર્લ્ડ કપ આવી રહ્યો છે અને આઇપીએલમાંના બૅટર્સના વર્તમાન અભિગમ પરથી લાગે છે કે વિશ્વકપમાં પણ ઇન્ટરનૅશનલ ટીમો આક્રમક બૅટિંગના અપ્રોચ સાથે જ મેદાન પર ઊતરશે. આ સંજોગોમાં બોલર્સ માટે કોઈક ઉપાય હોવો જોઈએ કે નહીં એ વિશે એક જાણીતી ક્રિકેટલક્ષી વેબસાઇટે ત્રણ દિગ્ગજોને પૂછ્યું હતું કે 'શું આઇપીએલની એક ઇનિંગ્સમાં કોઈ એક બોલરને ચારને બદલે પાંચ ઓવર બોલિંગ કરવાની છૂટ મળવી જોઈએ કે નહીં? આ વિકલ્પ પર વિચારણા થવી જોઈએ કે નહીં?' એવું પૂછ્યું હતું.

ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કૅપ્ટન અને દિલ્હી કૅપિટલ્સના ક્રિકેટ-ડિરેક્ટર રિકી પૉન્ટિંગે કહ્યું, 'હું તો કહું છું કે ઇનિંગ્સમાં એક બોલરને એક શું કામ, બે ઓવર વધુ આપવી જોઈએ. હું તો ઘણા સમયથી આ સૂચન કરું છું. ક્રિકેટના કાયદા ઘડતી ઇંગ્લૅન્ડની એમસીસી (મૅરિલબૉન ક્રિકેટ ક્લબ)ની વર્લ્ડ ક્રિકેટ કમિટીની મીટિંગમાં મેં આ મુદ્દો ઉઠાવીને સૂચન કર્યું હતું. મારા સૂચન પર શું ચર્ચા થઈ એની તો ખબર નથી, પણ હું કહું છું કે આપણે બોલર્સને જ પૂછવું જોઈએ કે તેઓ ચારને બદલે પાંચ ઓવર બોલિંગ કરવા તૈયાર છે? મને લાગે છે કે કોઈ ટીમના બોલર ના નહીં પાડે. ઉદાહરણ તરીકે, મુંબઈ ઇન્ડિયન્સ બુમરાહને ચારને બદલે પાંચ ઓવર આપવાનું પસંદ કરશે જ. હા, કોઈ બોલરની ચાર ઓવર સારી ગઈ હોય અને પાંચમી ઓવરમાં સમજો કે ૩૦ રન બને તો એ સહન કરવાની તેમની તૈયારી છે ખરી? મને તો લાગે છે કે પાંચ ઓવરની અજમાયશ કરવામાં કંઈ ખોટું નથી.'




બુમરાહે આઈપીએલની આ સીઝનમાં ૧૩ વિકેટ લીધી છે

વેસ્ટ ઇન્ડિઝના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ઇયાન બિશપ કહે છે, 'મને તો અત્યારે ટી-૨૦ પ્રૉડક્ટ એકદમ ઓકે લાગે છે. હું હંમેશા પિચ તૈયાર કરવા પર ભાર આપું છું. એ બૅલેન્સ્ડ હોવી જોઈએ. પેસ બોલર્સને વધુ અનુકૂળ પડે કે સ્પિનર્સને, એ સમતુલિત હોવી જરૂરી છે. પિચ પર બૉલ ઉછળવો જોઈએ અને ટર્ન પણ થવો જોઈએ. હું તો બૅટ અને બૉલ વચ્ચેની આ હરીફાઈમાં માનું છું. હા, એ સમતુલા ન જળવાતી હોય તો બોલરને એકાદ વધુ ઓવર આપવાનો નિયમ બનાવી શકાય, પરંતુ હું પરંપરા જાળવી રાખવામાં માનું છું એટલે આ રમતમાં કોઈ મોટા ફેરફાર ન થવા જોઈએ એવી મારી માન્યતા છે.

ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન ક્રિકેટર અને જાણીતા કોચ ટૉમ મૂડીએ કહ્યું છે, 'હું બિશપના પિચ વિશેના મંતવ્ય સાથે ૧૦૦ ટકા સહમત છું. અગાઉ મેં પણ ટી-૨૦ની ઇનિંગ્સમાં એક બોલરને ચારને બદલે પાંચ ઓવરની છૂટ આપવાનું સૂચન કર્યું હતું, પરંતુ માત્ર ઇમ્પૅક્ટ પ્લેયરના આઇપીએલમાંના નિયમને લીધે બૅટ-બૉલ વચ્ચેની સમતુલા લાવવાના હેતુથી જ મેં એ સૂચવ્યું હતું. અન્ય કોઈ ટી-૨૦ સ્પર્ધા માટે મેં નહોતું સૂચવ્યું. હું તો કહું છું કે પોતાના બોલર્સનો કેવી રીતે ઉપયોગ કરવો એની કુશળતા કૅપ્ટનમાં હોવી જોઈએ. સુકાની પોતાના બોલિંગ-આક્રમણને કેવી રીતે મૅનેજ કરે છે એ તો ખરી મજા છે. ક્રિકેટની એ જ તો એક ખાસિયત છે. મારો કોઈ બોલર સારી બોલિંગ ન કરે તો બીજાને અજમાવું. હવે તો ટીમમાં ઘણા સ્પેશિયાલિસ્ટ બોલર્સ હોય છે.' ■

# સુનીલ નારાયણે ચોખ્ખું કહી દીધું, 'રિટાયરમેન્ટ પાછું ખેંચવાનો મારો કોઈ જ ઇરાદો નથી'

કોલકાતા: ક્રિકેટજગતમાં વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટની ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકા જેવી (હોલ્ડિંગ, માર્શલ, ઍન્ડી રોબર્ટ્સ, ગાર્નર, હેઇન્સ, ગ્રિનીજ, લૉઇડ, રિચર્ડ્સ વગેરેના સમયની) જાહોજલાલી તો કદી પાછી નહીં જોવા મળે, ત્યાર પછી ૧૯૯૦ અને ૨૦૦૦ના દાયકાની (બ્રાયન લારા, વૉલ્શ, ઍમ્બ્રોઝ, ચંદરપૉલ વગેરેના સમયની) ખ્યાતિ હતી પણ પાછી આવવાની સંભાવના નથી. એનું એક કારણ એ છે કે સુવર્ણ યુગમાં થઈ ગયેલા ખેલાડીઓ પાછા નથી જોવા મળતાં. બીજું કારણ એ છે કે વહીવટતંત્રમાં રાજકારણ. વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટમાં થોડા વર્ષોથી જે પૉલિટિક્સ ચાલે છે એને લીધે ઘણા ખેલાડીઓની આંતરરાષ્ટ્રીય કારકિર્દી વહેલી સમેટાઈ ગઈ અને એમાં હવે ફ્રૅન્ચાઇઝી-આધારિત લીગ ક્રિકેટ ટૂર્નામેન્ટો આવી એટલે ખેલાડીઓને ઇન્ટરનૅશનલ ક્રિકેટ છોડવાનું બહુ મોટું બહાનું મળી ગયું છે.

ઑલરાઉન્ડર સુનીલ નારાયણે ૨૦૨૩ના નવેમ્બરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટને ગુડબાય કરી હતી અને તે કૅરિબિયન ટીમ વતી છેલ્લી ટી-૨૦ મૅચ છેક ઑગસ્ટ, ૨૦૧૯માં (પાંચ વર્ષ પહેલાં) રમ્યો હતો. જોકે વેસ્ટ ઇન્ડિઝ ક્રિકેટને તેનું આઇપીએલમાંનું ફૉર્મ જોતાં આગામી જૂનના ટી-૨૦ વર્લ્ડ કપ માટે જરૂર પડી છે એટલે તેને રિટાયરમેન્ટ પાછું ખેંચી લેવા મનાવવામાં આવી રહ્યો છે. છેલ્લા ૧૨ મહિનાથી તેને સમજાવવામાં આવી રહ્યો છે, પણ તે નથી માનતો. વેસ્ટ ઇન્ડિઝના કૅપ્ટન રૉવમૅન પોવેલે ત્રણ દિવસ પહેલાં એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'અમે એક વર્ષથી નારાયણને નિવૃત્તિ પાછી ખેંચી લેવા સમજાવી રહ્યા છે, પણ તે કોઈને જવાબ જ નથી આપતો. તેણે દરેકના ફોન નંબર બ્લૉક કરી નાખ્યા છે.'




આઇપીએલમાં કેકેઆર વતી રમતા ૩૫ વર્ષના સુનીલ નારાયણે ઇન્સ્ટાગ્રામ પરની પોસ્ટમાં લખ્યું છે, 'ઘણા લોકોને મારો તાજેતરનો આઇપીએલ-પર્ફોર્મન્સ ખૂબ ગમ્યો છે અને તેઓ ઇચ્છે છે કે આગામી ટી-૨૦ વર્લ્ડ કપ માટે થઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંની નિવૃત્તિ પાછી ખેંચી લઉં. તેમની આ પ્રશંસા અને શુભેચ્છાથી હું આનંદિત છું, પણ સ્પષ્ટ કહી દેવા માગું છું કે મેં જે નિર્ણય લીધો છે એ અફર છે. હું ક્યારેય કોઈને નારાજ કરવા નથી માગતો, પણ ખુલાસો કરી દઉં કે ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં પાછા આવવાનો મારો કોઈ જ ઇરાદો નથી. જૂનમાં વેસ્ટ ઇન્ડિઝ વતી વર્લ્ડ કપમાં રમનારા સાથી ખેલાડીઓને હું પ્રોત્સાહિત કરતો રહીશ. તેઓ વેસ્ટ ઇન્ડિઝને વધુ એક ટાઇટલ અપાવવા સક્ષમ છે. વિશ યુ ઑલ ધ બેસ્ટ.'

નારાયણે આઇપીએલની આ સીઝનમાં કેકેઆર વતી અત્યાર સુધીમાં ૨૮૬ રન બનાવ્યા છે અને નવ વિકેટ લીધી છે. ૧૬મી એપ્રિલે તેણે રાજસ્થાન રૉયલ્સ સામેની મૅચમાં સદી (૧૦૯) ફટકારી હતી. ■

# વર્લ્ડ કપની મૅચો હાઈ-સ્કોરિંગ નહીં થાય, એવું મિલર શા માટે કહે છે?

નવી દિલ્હી: સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમે આઇપીએલના ઇતિહાસનો ૨૭૭ રનનો સર્વોચ્ચ ટીમ-સ્કોર નોંધાવ્યો અને પછી ગણતરીના દિવસો બાદ પોતાનો જ એ રેકૉર્ડ તોડીને ૨૮૭ રનના ટીમ-સ્કોરને રેકૉર્ડ-બુકમાં લાવી દીધો. આઇપીએલની સત્તરમી સીઝનમાં ૧૭ વાર ૨૦૦નો ટીમ-સ્કોર જોવા મળ્યો છે. આ ઉપરાંત બીજા ઘણા વિક્રમો પણ રચાયા છે. આ જોતાં ઘણાને થતું હશે કે જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપમાં પણ ઊંચા સ્કોરવાળી ઘણી મૅચો જોવા મળશે.

જોકે સાઉથ આફ્રિકા અને ગુજરાત ટાઇટન્સના મિડલ-ઑર્ડર બૅટર ડેવિડ મિલરનું માનવું જૂદું જ છે. તે કહે છે, 'આગામી ટી-૨૦ વર્લ્ડ કપમાં પણ ઘણી હાઇ-સ્કોરિંગ મૅચો જોવા મળશે એ કહેવું મુશ્કેલ છે, કારણકે ત્યાંના સ્થળે પિચ અને અન્ય પરિસ્થિતિ સાવ અલગ હશે. ભારતીય પિચોની તુલનામાં વેસ્ટ ઇન્ડિઝની પિચ સ્લો હશે એટલે એના પર રનમશીન ધીમા રહી શકે.'

ટી-૨૦ વર્લ્ડ કપ બીજી જૂને શરૂ થશે અને ૨૯મી જૂને ફાઇનલ રમાશે.




મિલરનું એવું પણ કહેવું છે કે 'અમને હરીફના ૨૦૦-પ્લસના સ્કોર વિશે કોઈ જ ચિંતા નથી. અમે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે રમ્યા છીએ અને એને હરાવ્યું પણ છે. અમેરિકા તથા વેસ્ટ ઇન્ડિઝમાં અલગ મેદાન પર અલગ સ્થિતિ હશે. અમે આઠમાંથી ચાર મૅચ જીત્યા છીએ એટલે અમે તો હજી આ સીઝનમાં ટકી રહ્યા જ છીએ.'

ગુજરાત ટાઇટન્સની ટીમ આઠમાંથી ચાર મૅચ જીતી છે અને ચાર પૉઇન્ટ ધરાવે છે. આ ટીમ છઠ્ઠા નંબર પર છે અને પ્લે-ઑફમાં એના પ્રવેશ માટેની સંભાવના ઓછી છે. ■

# શ્રીલંકામાં ભારતીય ટીમના માલિક પટેલ સામે મૅચ-ફિક્સિંગનો આક્ષેપ

કોલંબો: શ્રીલંકામાં લેજન્ડ્સ ક્રિકેટ લીગ (એલસીએલ)ને માન્યતા નથી મળી અને એ સ્થિતિમાં યોજાયેલી આ સ્પર્ધાની એક ક્રિકેટ ટીમના માલિક યૉની પટેલ સામે મૅચ-ફિક્સિંગનો આક્ષેપ થયો છે અને તેના જામીન શુક્રવારે અદાલતે નકારતા હવે યૉની પટેલને અદાલતમાં દોષી ઠરાવવામાં આવશે એવી સંભાવના છે.

કોલંબોની મૅજિસ્ટ્રેટની અદાલતના અધિકારીઓએ જણાવ્યું હતું કે યૉની પટેલ ઉપરાંત તેના સાથી પી. આકાશ વિરુદ્ધ પણ આક્ષેપ થયો છે. બન્ને જણને શ્રીલંકાની બહાર જવાની મનાઈ કરાઈ છે.

ગત ૮-૧૯ માર્ચ દરમ્યાન પલ્લેકેલના ઇન્ટરનૅશનલ સ્ટેડિયમમાં એલસીએલની ઇવેન્ટ યોજાઈ હતી. એ સ્પર્ધાની ફાઇનલમાં રાજસ્થાન કિંગ્સે ન્યૂ યૉર્ક સુપર સ્ટ્રાઇકર્સ ટીમને હરાવી હતી. કૅન્ડી સ્વૅમ્પ આર્મી નામની ટીમની માલિકી યૉની પટેલ પાસે છે, જ્યારે આકાશ પંજાબ રૉયલ્સ ટીમનો મૅનેજર છે.

શ્રીલંકાના ભૂતપૂર્વ કૅપ્ટન ઉપુલ થરંગા હાલમાં શ્રીલંકાની નૅશનલ સિલેક્શન કમિટીના ચૅરમૅન છે. તેણે અને ન્યૂ ઝીલૅન્ડના ભૂતપૂર્વ ખેલાડી નીલ બ્રૂમે માર્ચની સ્પર્ધામાં ખરાબ રમવા માટે પ્રેરિત કરીને એ રીતે ફિક્સિંગ કરાયું હોવાનો આક્ષેપ યૉની પટેલ તેમ જ આકાશ વિરુદ્ધની ફરિયાદમાં કર્યો છે. આ ફરિયાદ શ્રીલંકાના ખેલકૂદ મંત્રાલયને કરાઈ છે.

આ કેસમાં ગુનેગાર પુરવાર થનારને ૧૦ વર્ષ સુધીની જેલની સજા તેમ જ દંડ થઈ શકે છે. કસૂરવારોએ ફિક્સિંગ કરવા માટે જેમનો સંપર્ક કર્યો તેમણે સંબંધિત વિભાગને જાણ ન કરી એ બદલ તેમને પણ સજા થઈ શકે છે. ■

# ગુકેશના ચૅમ્પિયનપદ પછી કાસ્પારોવે કહ્યું, 'ટૉરન્ટોમાં આવ્યો ભારતીય ભૂકંપ...'



નવી દિલ્હી: દોમ્મારાજુ ગુકેશ (ડી. ગુકેશ) નામના ભારતના ટીનેજ ચેસ સિતારાએ શતરંજની દુનિયામાં હલચલ મચાવી દીધી છે. આ હલચલને રશિયાના ચેસ-લેજન્ડ ગૅરી કાસ્પારોવે 'ટૉરન્ટોમાં ભારતીય ભૂકંપ' તરીકે ઓળખાવી છે.



૧૭ વર્ષનો ગુકેશ વિશ્વ ચૅમ્પિયન બનવા માટેનો પડકાર આપનાર વિશ્વનો સૌથી યુવાન ચેસ ખેલાડી છે. તેણે કાસ્પારોવનો ૪૦ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો છે. કાસ્પારોવે ૧૯૮૪માં વર્લ્ડ ચૅમ્પિયન બનવા માટે આનાતોલી કાર્પોવને પડકાર્યા ત્યારે તેઓ (કાસ્પારોવ) બાવીસ વર્ષના હતા, જ્યારે ગુકેશ માત્ર ૧૭ વર્ષનો છે. ગુકેશે બે દિવસ પહેલાં કૅનેડાના ટૉરન્ટોમાં કૅન્ડિડેટ્સ ચેસ ટૂર્નામેન્ટ જીતી લીધી હતી. આ ટૂર્નામેન્ટ જીતનાર ખેલાડી વર્તમાન વર્લ્ડ ચૅમ્પિયનને ચેસ બોર્ડ પર આવવા પડકારે છે અને આ વખતે ગુકેશ ચીનના વર્તમાન વિશ્વવિજેતા ડિન્ગ લિરેનને ચૅલેન્જ આપશે. એ મુકાબલો આ વર્ષના છેવટના મહિનાઓ દરમ્યાન થશે. કાસ્પારોવે એક્સ (ટ્વિટર પર) ગુકેશને અભિનંદન આપતા લખ્યું છે, 'કૉન્ગ્રેચ્યૂલેશન્સ. ટૉરન્ટોમાં જાણે ભારતીય ભૂકંપ આવ્યો. પરિણામે, ચેસ જગતમાં મોટું પરિવર્તન આવી ગયું છે જેમાં ૧૭ વર્ષનો ગુકેશ આ વર્ષના અંત ભાગમાં ચીનના વર્લ્ડ ચૅમ્પિયન ડિન્ગ લિરેનને સર્વોચ્ચ ટાઇટલ માટે પડકારશે.'

ગુકેશે ૧૪ રાઉન્ડની કૅન્ડિડેટ્સ ટૂર્નામેન્ટમાં છેલ્લા રાઉન્ડમાં અમેરિકાના હિકારુ નાકામુરા સામેની ગેમ ડ્રૉ કરી એ સાથે ગુકેશ નવ પૉઇન્ટ સાથે સર્વોપરિ હતો અને વિજેતા જાહેર કરાયો હતો.

પાંચ વખત વર્લ્ડ ચૅમ્પિયન બનેલા વિશ્વનાથન આનંદે પણ ગુકેશ પર અભિનંદનની વર્ષા વરસાવી હતી. વિશ્વનાથન તેના સમયમાં (દોઢેક દાયકા પહેલાં) ચેસમાં સર્વોપરિ બન્યો એને પગલે ભારતમાં ચેસના કલ્ચરમાં મોટું પરિવર્તન આવ્યું જેને પરિણામે ભારતને નવા-નવા ચેસ સ્ટાર મળી રહ્યા છે. ■

# શેરબજારમાં સતત ત્રીજા સત્રમાં આગેકૂચઃ રોકાણકારોની સંપત્તિમાં રૂ બે લાખ કરોડનો ઉમેરો, ફિટર ગેજમાં વીસ ટકાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મધ્યપૂર્વમાં ઇરાન અને ઇઝરાયલના યુદ્ધનો ભય ઓસરવા સાથે વિશ્વ બજારોમાં આવેલા સુધારાને અનુસરી સ્થાનિક શેરબજારમાં સતત ત્રીજા દિવસે તેજીનો માહોલ જળવાઇ રહ્યો હતો. જોકે, ઊંચા મથાળે વેચવાલીનું દબાણ આવતા બેન્ચમાર્કે ૪૦૦ પોઇન્ટની અફડાતફડીમાંથી પસાર થયા બાદ સવારના સત્રનો મોટાભાગનો સુધારો ગુમાવ્યો હતો. સેન્સેક્સ તેના અગાઉના ૭૩,૬૪૮.૬૨ પોઇન્ટના બંધ સામે ૭૪,૦૪૮.૯૪ પોઇન્ટની સપાટી પર ખૂલ્યો હતો અને તેની ઇન્ટ્રાડે ઊંચી અને નીચી સપાટી અનુક્રમે ૭૪,૦૫૯.૮૯ પોઇન્ટ અને ૭૩,૬૮૮.૩૧ પોઇન્ટની સપાટીને અથડાઇને અંતે ઈન્ડેક્સ ૮૯.૮૩ પોઈન્ટ્સ અથવા ૦.૧૨ ટકાના મામૂલી વધારા સાથે ૭૩,૭૩૮.૪૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

ભારતી એરટેલ, આઈટીસી, ઈન્ફોસિસ અને એસબીઆઈ જેવા પસંદગીના હેવીવેઈટ્સના શેરમાં થયેલા વધારાને કારણે બેન્ચમાર્કને આગળ વધવામાં ટેકો મળ્યો હતો, પરંતુ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં થયેલા નુકસાનને કારણે આ સુધારો ધોવાઇ ગયો હતો. રિલાયન્સના શેરની કિંમત માર્ચ ક્વાર્ટરના પરિણામની જાહેરાત પછી એક દિવસમાં એક ટકાથી વધુ ઘટી હતી.

એનએસઇનો નિફ્ટી-૫૦ બેન્ચમાર્ક તેના અગાઉના ૨૨,૩૩૬.૪૦ પોઇન્ટના બંધ સામે ૨૨,૪૪૭.૦૫ પોઇન્ટની સપાટી પર ખૂલ્યો હતો અને અનુક્રમે ૨૨,૪૪૭.૫૫ પોઇન્ટ અને ૨૨,૩૪૯.૪૫ પોઇન્ટની તેની ઇન્ટ્રાડે ઊંચી અને નીચી સપાટીને અથડાયા બાદ અંતે ૩૧.૬૦ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૨૨,૩૬૮ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો.

એકંદરે પશ્ચિમ એશિયામાં તણાવમાં વધારો થવાના કોઈ મોટા સંકેતો ન રહ્યાં હોવાથી, બજારનું ધ્યાન કોર્પોરેટ અર્નિંગ પર કેન્દ્રિત થયું છે, જેમાં અત્યાર સુધી મિશ્રિત સંકેત રહ્યાં છે. વોલેટિલિટી ઇન્ડેક્સમાં નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે કે સહભાગીઓ નજીકના ગાળાના બજારના ગતિ સકારાત્મક રહેવાનો વિશ્વાસ ધરાવે છે.

ફિયર ગેજ ઈન્ડિયા વીઆઇએક્સના સંકેત દર્શાવે છે કે આગામી ૩૦ દિવસમાં નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં કેટલોક ફેરફાર થવાની ધારણા છે. આ ઇન્ડેક્સ ૨૦ ટકા ઘટીને ૧૦ના સ્તરની નજીક પહોંચ્યો છે. નીચા ઈન્ડિયા વીઆઇએક્સનું નીચું સ્તર એવો સંકેત આપે છે કે, બજાર સ્થિર અને અનુમાનિત છે. બજારના સાધનો જણાવે છે કે, ભૌગોલિક રાજકીય તણાવ અને યુએસ ફેડરલ દ્વારા રેટ કટની ધૂંધળી સંભાવનાઓ અંગેની ચિંતાઓ હવે પાછળ રહી ગઈ છે, બજારના સહભાગીઓ ગુણવત્તાયુક્ત શેરો પર દાવ લગાવવા માટે કોર્પોરેટ કમાણીનું નજીકથી અવલોકન કરી રહ્યા છે.

મિડ અને સ્મોલકેપ સૂચકાંકોએ બેન્ચમાર્ક



કરતાં વધુ સારો દેખાવ કર્યો છે. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ ૦.૫૨ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૦૫ ટકા ઉછળ્યો હતો. બીએસઇ પર લિસ્ટેડ કંપનીઓનું એકંદર માર્કેટ કેપિટલાઇઝેશન અગાઉના સત્રમાં લગભગ રૂ. ૩૯૮ લાખ કરોડથી વધીને લગભગ રૂ. ૪૦૦ લાખ કરોડ સુધી પહોંચ્યું હતું, જેણે રોકાણકારોને એક જ સત્રમાં લગભગ બે લાખ કરોડ રૂપિયાથી વધુ સમૃદ્ધ બનાવ્યા હતા.

બીએસઇ પર ઈન્ટ્રાડે ટ્રેડમાં ભારતી એરટેલ, મારુતિ, આઈશર મોટર્સ, ડીમાર્ટ, ગ્રાસિમ અને હિન્દુસ્તાન એરોનોટિક્સ સહિતના ૨૫૦ થી વધુ શેરોએ તેમની બાવન સપ્તાહની નવી ટોચે પહોંચ્યા હતા.

દરમિયાન, યુરોપની બહારના મજબૂત આર્થિક ડેટાને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં થોડો વધારો જોવા મળ્યો હતો. રૂપિયો ૩ પૈસા વધીને ૮૩.૩૪ પ્રતિ ડોલર પર બંધ થયો હતો.

અમેરિકન બોન્ડની યિલ્ડ ૧૦ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી હોવાથી એફઆઇઆઇની વેચવાલી ચાલુ રહી છે, જોકે વિદેશી ફંડોએ સોમવારે રૂ. ૨,૯૧૫ કરોડની વેચવાલી કરી હતી તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૨૫૦૦ કરોડની લેવાલી નોંધાવીને નિરિક્ષકોને પણ ચોંકાવી દીધા હતા. ગયા અઠવાડિયે એફઆઈઆઈએ કેશ સેગમેન્ટમાં રૂ. ૧૧,૮૬૭ કરોડના સ્ટોકનું વેચાણ કર્યું હતું, જે એપ્રિલમાં અત્યાર સુધીમાં કુલ માસિક આઉટફલો લગભગ રૂ. ૨૪,૦૦૦ કરોડ સુધી પહોંચ્યો છે, જ્યારે ડીઆઈઆઈએ સપ્તાહ દરમિયાન રૂ. ૧૨,૨૩૩ કરોડના શેરો અને મહિના દરમિયાન રૂ. ૨૪,૫૦૦ કરોડના શેરો ખરીદ્યા હતા. આ દર્શાવે છે કે વિદેશી સંસ્થાકીય રોકાણકારોના આઉટફલોની ભરપાઈ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ કરવાનું ચાલુ રાખ્યું છે.

સુધારો સાર્વત્રિક કક્ષાનો અને દરેક સેક્ટરમાં જોવા મળ્યો છે, પરંતુ ખાસ કરીને સ્મોલ અને મિડકેપ શેરોમાં ફરી આકર્ષણ જોવા મળ્યું છે. મધ્યપૂર્વનું ટેન્શન સહેજ હળવું થવાથી શેરબજારમાં સુધારો આગળ વધ્યો છે, જોકે નિષ્ણાતોના મતે પરિસ્થિતી હજુ પ્રવાહી છે. ક્રૂડ ઓઇલના ભાવ હજુ ઊંચા સ્તરે છે. શેરબજારમાં હાલ તુરત તો યુદ્ધની અસર ઓસરતી જોવા મળે છે, પરંતુ રોકાણકારોની નજર સતત મધ્યપૂર્વની આગામી ઘટનાઓ પર મંડાયેલી રહેશે અને તેને પરિણામે વોલેટાલિટી પણ રહેશે.

દરમિયાન આ સપ્તાહે કોર્પોરેટ ક્ષેત્રના નાણાકીય વર્ષ ૨૦૨૪ના માર્ચમાં પૂરા થયેલા ત્રિમાસિક સમયગાળાની કમાણી, યુએસ જીડીપીના વૃદ્ધિ અંદાજો અને મધ્યપૂર્વ પર ધ્યાન કેન્દ્રિત કરીને બજારો વધુ એકીકૃત થઈ શકે છે. રોકાણકારો યુએસ અને ભારતના મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ પીએમઆઈ ડેટા, યુએસ જીડીપી ડેટા અને જાપાનના (નાણાકીય) નીતિ નિવેદન જેવા આર્થિક ડેટા પોઇન્ટ્સને પણ ટ્રેક કરશે.

### આયાતી તેલમાં ઘટ્યા મથાળેથી સુધારો, સિંગતેલમાં ₹ ૧૦ વધ્યા

## ૧થી ૨૦ એપ્રિલ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ૧૦ ટકા વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૫ રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૬૬ સેન્ટ વધી આવ્યાના ઓવરનાઈટ અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી તેલમાં એકમાત્ર સોયા ડિગમમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. પાંચના ઘટાડાને બાદ કરતાં અન્ય તમામ આયાતી તેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા.



વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૧૦, લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ અને વૉશ્ડ કૉટનમાં રૂ. ૧૦ વધી આવ્યાના અહેવાલો સાથે સ્થાનિકમાં સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગઈકાલે ડાયરેક્ટ ડિલિવરી શરતે નોંધપાત્ર વેપાર થઈ ગયા બાદ આજે વેપારનો અભાવ હતો અને માત્ર સેલરિસેલ ધોરણે છૂટાછવાયા બે-પાંચ ટ્રકના વેપાર થયાના અહેવાલ હતા. જોકે, આજે મોડી સાંજે ડાયરેક્ટ ડિલિવરી શરતે રૂચી અને અલાનાના આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૭ અને ગોલ્ડન એગ્રીના રૂ. ૯૪૦ તથા લિબર્ટીનાં સન રિફાઈન્ડના રૂ. ૯૬૫ ક્વૉટ થઈ રહ્યા હતા.

વધુમાં આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૨૦ એપ્રિલ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ માર્ચ મહિનાના સમાનગાળાના ૮,૨૧,૮૨૦ ટન સામે ૧૦.૧૮ ટકા વધીને ૯,૦૫,૫૧૫ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું છે.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૯૩૫, ક્રૂડ પામતેલના રૂ. ૯૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૯૩૫, સોયા ડિગમના રૂ. ૮૯૦, સન રિફાઈન્ડના રૂ. ૯૩૫, સન ક્રૂડના રૂ. ૮૭૦, સિંગતેલના રૂ. ૧૫૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૯૯૫ અને સરસવના રૂ. ૧૦૨૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડ અને સિંગતેલના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૯૩૫થી ૯૪૦માં અને રૂ. ૧૪૭૫માં તથા સિંગતેલના તેલિયા ટીનના ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૬૦માં થયાના અહેવાલ હતા.

આજે રાજસ્થાન ખાતે ૩.૭૫ લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૩૭૫થી ૫૪૦૦માં થયા હતા, જ્યારે એક્સપેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૦૦૧થી ૧૦૦૨માં, કચ્ચી ઘાણીના રૂ. ૧૦૧૧થી ૧૦૧૨માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫૧૫થી ૨૫૨૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## વૈશ્વિક સોનું અઢી સપ્તાહના તળિયે, સ્થાનિકમાં ₹ ૧૨૭૭નું અને ચાંદીમાં ₹ ૧૫૪૭નું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે મધ્યપૂર્વના દેશોમાં રાજકીય-ભૌગોલિક તણાવ હળવો થતાં વૈશ્વિક સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગનો અભાવ અને નફારૂપી વેચવાલીનું દબાણ વધતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૧.૧ ટકા ઘટીને અઢી સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ સોનાના વાયદામાં અને ચાંદીના ભાવમાં પણ એક ટકાનો ઘટાડો આવ્યો હતો. હવે રોકાણકારોની નજર અમેરિકાનાં આર્થિક ડેટાઓ પર સ્થિર થઈ છે. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૭૨થી ૧૨૭૭ તૂટીને રૂ. ૭૨,૦૦૦ની સપાટીની અંદર ઉતરી ગયા હતા, જ્યારે તથા ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૫૪૭ના ગાબડાં સાથે રૂ. ૮૧,૦૦૦ની સપાટીની અંદર ઊતરી ગયા હતા.



આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ સામે ઘટતી બજારે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૫૪૭ના કડાકા સાથે રૂ. ૮૦,૦૦૭ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૭૨ ઘટીને રૂ. ૭૧,૩૧૧ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૨૭૭ ઘટીને રૂ. ૭૧,૫૯૮ના મથાળે રહ્યા હતા. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે ખાસ કરીને મધ્યપૂર્વના દેશોનો તણાવ હળવો થતાં હાજરમાં સોનાના ભાવ ૧.૧ ટકા ઘટીને ગત પાંચમી એપ્રિલ પછીની સૌથી નીચી ઔંસદીઠ ૨૩૦૧.૧૪ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ એક ટકો ઘટીને ૨૩૨૨.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ એક ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૨૬.૯૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

તાજેતરમાં વૈશ્વિક સોનામાં કેન્દ્રવર્તી બૅન્કોની, મધ્યપૂર્વનાં દેશોનાં તણાવને કારણે સલામતી માટેની અને વધતા ફુગાવા સામેની હેજરૂપી લેવાલી સહિત અન્ય કારણોસર લેવાલી પ્રબળ હતી. જોકે, આ પૈકી સલામતી માટેની લેવાલી મંદ પડતાં રોકાણકારોની નફારૂપી વેચવાલી નીકળી હોવાનું કેસીએમ ટ્રેડનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવતાં ઉમેર્યું હતું કે ગત સોમવારે (ગઈકાલે) ઈરાને ઈઝરાયલનાં ડ્રોન હુમલાને નકારતાં રાજકીય-ભૌગોલિક તણાવ હળવો થતાં સોનાના ભાવમાં એક વર્ષનો સૌથી મોટો બે ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હતો.

દરમિયાન હવે રોકાણકારોની નજર આગામી ગુરુવારે જાહેર થનારા અમેરિકાનાં જીડીપીના ડેટા તથા શુક્રવારે જાહેર થનારા પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટા પર સ્થિર થઈ છે. કેમ કે આ ડેટાની જાહેરાતને પગલે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાતની શરૂઆત ક્યારથી કરશે તેની અટકળો મૂકી શકાય.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તથા દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૫૦થી ૩૫૯૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં એકંદરે રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચનો સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ટકેલા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેનાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૬૭૫થી ૩૭૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૫૨થી ૩૮૬૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૩૦થી ૩૬૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૩૦થી ૩૭૭૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું બજારનાં સાધનોએ ઉમેર્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં ત્રણ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ તથા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ધીમો સુધારો આગળ વધ્યો હોવાના અહેવાલ સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાધારણ ત્રણ પૈસાના સુધારા સાથે ૮૩.૩૩ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યા હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૩૬ના બંધ સામે સાધારણ નરમાઈ સાથે ૮૩.૩૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૩૯ અને ઉપરમાં ૮૩.૨૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ત્રણ પૈસા વધીને ૮૩.૩૬ના મથાળે બંધ રહ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૧ ટકા ઘટીને ૧૦૬.૦૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૯.૮૩ પૉઈન્ટનો અને ૩૧.૬૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો.

જોકે, તેની સામે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૯ ટકા વધીને બેરલદીઠ ૮૭.૨૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૨૯૧૫.૨૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો ત્રણ પૈસા સુધી સિમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ટીન સહિતની ચોક્કસ ધાતુઓમાં આગળ ધપતો ઘટાડો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે મધ્યપૂર્વનાં દેશોમાં તણાવ હળવો થવાના નિર્દેશો સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે વિવિધ ધાતુઓના ભાવમાં પીછેહઠ જળવાઈ રહી હોવાનાં અહેવાલને ધ્યાનમાં લેતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીનની આગેવાની હેઠળ કોપર, બ્રાસ, ઝિન્ક સ્લેબ, નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૯૪ સુધીનો ઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો સુધારો આવ્યો હતો અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, કોપર વાયરબાર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર કેબલ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૪ ઘટીને રૂ. ૩૧૦૩, રૂ. ૧૮ ઘટીને રૂ. ૮૬૫, રૂ. ૧૫ ઘટીને રૂ. ૭૬૦ અને રૂ. ૧૦ ઘટીને રૂ. ૮૩૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની વેચવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડો આગળ ધપ્યો હતો તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. નવ ઘટીને રૂ. ૮૨૮, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૮૩૪, નિકલ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને અનુક્રમે રૂ. ૧૬૧૨ અને રૂ. ૫૫૫, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૫૩૫, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૨૪૮ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૫૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ .એકના સાધારણ સુધારા સાથે રૂ. ૨૫૦ના મથાળે અને છૂટીછવાઈ માગ જળવાતા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૯૦ના મથાળે ટકેલાં રહ્યાં હતાં.

## એમડીએચ, એવરેસ્ટ મસાલા પર પ્રતિબંધઃ ભારતે સિંગાપોર, હૉંગકૉંગના ખાદ્ય નિયામકો પાસે વિગતો મગાવી

### હૉંગકૉંગનાં ખાદ્ય નિયામકોએ ગ્રાહકોને આ ઉત્પાદનો ન ખરીદવાનું અને ટ્રેડરોને વેચાણ ન કરવાનું જણાવ્યું છે, જયારે સિંગાપોરની ફૂડ એજન્સીએ આ ઉત્પાદનો પાછા મોકલવા જણાવ્યું છે

નવી દિલ્હીઃ ભારત મસાલાનો વૈશ્વિક અગ્રણી ઉત્પાદક, વપરાશકાર અને નિકાસકાર દેશ છે. તાજેતરમાં હૉંગકૉંગ અને સિંગાપોરે ગુણવત્તાના મુદ્દે ભારતીય બ્રાન્ડ એમડીએચ તથા એવરેસ્ટનાં અમુક મસાલા પર પ્રતિબંધ મૂક્યો હોવાથી ભારતે ત્યાંના ખાદ્ય નિયામક પાસે વિગતો મગાવી છે. વધુમાં વાણિજ્ય મંત્રાલયે સિંગાપોર અને હૉંગકૉંગનાં રાજદૂતાવાસને પણ આ સંદર્ભે વિસ્તૃત અહેવાલ મોકલવા જણાવ્યું છે. તેમ જ જેનાં ઉત્પાદનોમાં જંતુનાશક ઈથીલિન ઑક્સાઈડનું વધુ માત્રામાં પ્રમાણ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે તે કંપની એમડીએચ અને એવરેસ્ટ પાસેથી પણ વિગતો મગાવી છે.

અમે કંપનીઓ પાસેથી વિગતો મગાવી છે. તેમ જ રિજેક્શન અથવા તો માલનાં અસ્વીકારનું મૂળ કારણ જાણ્યા બાદ સંબંધિત નિકાસકારો સાથે સુધારાત્મક પગલાં નક્કી કરવામાં આવશે, એમ વાણિજ્ય મંત્રાલયનાં એક અધિકારીએ જણાવતાં ઉમેર્યું હતું કે સિંગાપોર અને હૉંગકૉંગ દ્વારા જે નિકાસકારોનાં કન્સાઈન્મેન્ટ રદ્બાતલ કરવામાં આવ્યા છે તેની ટેક્નિકલ વિગતો, વિશ્લેષણાત્મક અહેવાલો અને નિકાસની વિગતો ટેકનિકલ વિગતો સિંગાપોર અને હૉંગકૉંગ ખાતેના દૂતાવાસો પાસેથી મગાવવામાં આવી છે. સિંગાપોર ફૂડ એજન્સી અને સેન્ટર ફોર ફૂડ સેફ્ટી અને હૉંગકૉંગનાં ફૂડ એન્ડ એન્વાયર્નમેન્ટલ હાઈજીન ડિપાર્ટમેન્ટ પાસેથી પણ વિગતો માંગવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આ ઉપરાંત સિંગાપોર તથા હૉંગકૉંગનાં મસાલાનાં શિપમેન્ટમાં ઈથીલિન ઑક્સાઈડની માત્રાની ફરજિયાત તપાસણી અંગે ચર્ચા કરવા માટે ઉદ્યોગ સાથે બેઠકનું પણ આયોજન કરવામાં આવશે. દરમિયાન સ્પાઈસ બોર્ડ ઑફ ઈન્ડિયા પણ સિંગાપોર અને હૉંગકૉંગ દ્વારા ભારતીય એમડીએચ અને એવરેસ્ટ બ્રાન્ડનાં મસાલામિક્સ પર મૂકવામાં આવેલા પ્રતિબંધ અંગે નજર રાખી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છેકે હૉંગકૉંગનાં ખાદ્ય નિયામકોએ ગ્રાહકોને આ ઉત્પાદનો ન ખરીદવાનું અને ટ્રેડરોને વેચાણ ન કરવાનું જણાવ્યું છે, જ્યારે સિંગાપોરની ફૂડ એજન્સીએ આ ઉત્પાદનો પાછા મોકલવા જણાવ્યું છે.

નોંધનીય બાબત એ છે કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં દેશમાંથી મસાલાની નિકાસ અંદાજે રૂ. ૩૨,૦૦૦ કરોડ આસપાસની થઈ હતી, જેમાં મુખ્યત્વે મરચાં, જીરૂ, મસાલાનાં તેલ, અર્ક, હળદર, કરી પાઉડર અને એલચીનો સમાવેશ થતો હતો.

# સાળંગપુરમાં હનુમાનજીના દર્શન માટે શ્રદ્ધાળુઓની હકડેઠઠ ભીડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે હનુમાનજી જયંતીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

વહેલી સવારે મંગળા આરતી, શણગાર આરતી તેમ જ દાદાને સુવર્ણના વાઘાનો શણગાર કરવામાં આવ્યો હતો. મંદિર પરિસરમાં સંતો દ્વારા ૨૫૦ કિલોની કેક કાપી પ્રસાદ ભક્તોમાં વહેંચવામાં આવ્યો હતો.

બાદમાં બપોરે કષ્ટભંજન હનુમાન દાદાને મીઠાઈનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. આ સમયે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. મંગળવારે હનુમાનજી જન્મોત્સવ નિમિત્તે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાળંગપુર મંદિરે દાદાનાં દર્શન કરવા પહોંચ્યા હતા.

મંગળવારે હનુમાન જન્મોત્સવ નિમિત્તે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ બપોરે સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે હનુમાનજી દાદાનાં દર્શને પહોંચ્યા હતા. તેમણે કષ્ટભંજન દાદાની આરતી ઉતારી દર્શન કર્યા હતા. આ સાથે ભાજપના સંગઠનના નેતાઓ પણ હાજર રહ્યા હતા. ભૂપેન્દ્ર પટેલ દાદાના દર્શન કરી રવાના થયા હતા.

સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે મંગળવારે હનુમાન જયંતીના પાવન પર્વ નિમિત્તે અલગ અલગ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

વિશ્વ વિખ્યાત સાળંગપુર ધામમાં વિરાજિત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરે મંગળા આરતીમાં જ એક લાખથી વધુ ભક્તો દાદાના દર્શને ઉમટ્યા હતાં. દાદાને આજે આઠ કિલો સોનામાંથી બનેલાં હીરાજડિત વાઘા પહેરાવાયા હતા. આ પછી દાદાના જન્મ દિવસની ઉજવણી, સમૂહ મારુતિ યજ્ઞનો પ્રારંભ અનેક વિધ કાર્યક્રમનો પ્રારંભ શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) અને સંતો દ્વારા ભક્તો સાથે કરવામાં આવ્યો હતો.

આ પછી દાદાને એક હજાર કિલો મીઠાઈનો અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. મંદિરને ૫ હજાર કિલો ગલગોટા અને ૫ હજાર ફુગ્ગાનો શણગાર કરાયો છે. દાદાના સિંહાસનને ૫૦ કિલો ગુલાબનાં ફૂલનો શણગાર કરાયો હતો. સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિરે હજારોની સંખ્યામાં ભક્તોએ જય શ્રીરામના નારા લગાવતાં મંદિર પરિસર ગુંજી ઊઠ્યો હતો. ■



**સૌરાષ્ટ્રમાં હનુમાન જયંતીની ઉજવણી, રાજકોટમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ:** સૌરાષ્ટ્રમાં હનુમાન જયંતીની પરંપરાગત રીતે ઉજવણી થઇ હતી. રાજકોટમાં હનુમાનજીની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. (તસવીર: પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભાજપ નેતા ભૂપત ભાયાણીનું વિવાદિત નિવેદન: રાહુલ ગાંધીને 'નપુંસક' કહ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ પર કરેલા નિવેદન બાદ હજુ સુધી વિવાદ શાંત થયો નથી. ત્યારે જૂનાગઢના વિસાવદરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ભાજપના જિલ્લા પ્રમુખ કિરીટ પટેલના વાયરલ વીડિયો બાદ હવે આ જ કાર્યક્રમમાંથી વધુ એક ભાજપ નેતાનો વીડિયો સામે આવ્યો છે. આપમાંથી ભાજપમાં આવેલા પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણી રાહુલ ગાંધીને 'નપુંસક' કહેતા વિવાદ સર્જાયો છે.

આમ આદમી પાર્ટીના પૂર્વ ધારાસભ્ય અને હાલ ભાજપના નેતા ભૂપત ભાયાણીએ વિવાદિત નિવેદન આપતા કહ્યું હતુ કે, 'રાહુલ ગાંધી જેવા નપુંસકના હાથમાં દેશની કમાન ન સોંપી શકાય. સમજી શકેને બધા. આલિયા, માલિયા, જમાલિયા બધા એક કુંડીએ પાણી પીવે છે, કારણ કે બીજી કુંડીએ આપણો સિંહ છે નરેન્દ્ર મોદી.'

ભૂપત ભાયાણીના નિવેદન પર પ્રતિક્રિયા આપતા કૉંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, રૂમમાં યુવતી સાથેના પકડાયેલા આરોપી અને વિસાવદરની જનતાના ગદ્દાર અને ગુજરાત ભાજપના ઉમેદવાર પાસેથી આ પ્રકારની નિમ્નતા અપેક્ષિત જ હોય.

કોઇ માનસિક મગજનો રોગ હોય તો અમારા ગુજરાત કૉંગ્રેસના ઉપપ્રમુખ ડૉક્ટર હેમાંગ વસાવડા તેમનો મફતમાં ઈલાજ કરી આપશે અને ચૂંટણીમાં પ્રજા ઈલાજ તો કરશે જ. ■

# જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખે અપમાનજનક ટીપ્પણી બાદ માગી માફી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે આગામી સાતમી મેના રોજ મતદાન યોજાશે. તમામ રાજકીય પાર્ટીઓએ પૂરજોશમાં પ્રચાર શરૂ કર્યો છે. ગુજરાતમાં પુરુષોત્તમ રૂપાલા અને ક્ષત્રિય સમાજનો વિવાદ હજુ શાંત નથી થયો ત્યારે ભાજપના વધુ એક નેતા ભાન ભૂલ્યા હતા. જૂનાગઢના વિસાવદરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં જૂનાગઢ ભાજપના જિલ્લા પ્રમુખ કિરીટ પટેલે રાજા-મહારાજો, તેમની પટરાણી અને સંતાનો વિશે અપમાનજનક ટિપ્પણી કરી હતી. આ ટિપ્પણી બાદ વિવાદ વકરતા કિરીટ પટેલને પોતાની ભૂલ સમજાઈ હતી અને પોતાનાથી ભૂલ થઈ ગઈ છે તેવો માફી માગતો વીડિયો પણ શેર કર્યો હતો.

કિરીટ પટેલે વિસાવદરની સભામાં કહ્યુ હતુ કે, 'એક સમય એવો હતો કે રાજાની પટરાણી બોબડી હોય, લૂલી હોય લંગડી હોય પણ એની કૂખેથી જે દીકરો પેદા થતો હતો એ રાજા બનતો હતો, પણ હવે રાજા મતપેટીમાંથી પેદા થાય છે.' કિરીટ પટેલનો આ નિવેદન વાળો વીડિયો વાયરલ થતાં જ હવે તેમનો માફી માગતો વીડિયો પણ સામે આવ્યો છે. કિરીટ પટેલે જૂનાગઢ લોકસભા બેઠકને લઈને વિસાવદર ખાતે મધ્યસ્થ કાર્યાલયના ઉદ્‌ઘાટન કાર્યક્રમ દરમિયાન આ નિવેદન આપ્યું હતું. જે બાદ આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ ગયો હતો. ત્યારે મંગળવારે સવારે તેમનો માફી માંગતો વીડિયો વાયરલ થયો હતો. જેમાં નમસ્કાર, હું કિરીટ પટેલ, જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ. વિસાવદર ખાતે મધ્યસ્થ કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે અમારા ભાષણથી કોઈ સમાજને ઠેસ પહોંચી હોય તો હું ક્ષમા માગુ છું. મારો ધ્યેય કોઈ એવા પ્રકારનો નથી. ભારતીય જનતા પાર્ટી દરેક સમાજને સાથે લઈને ચાલનારી પાર્ટી છે. આવનારા દિવસોમાં માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના નેતૃત્વ દેશ સુરક્ષિત બંને એ દિશામાં આપણે સહુ કામ કરી રહ્યા છીએ ત્યારે મારા ભાષણથી કોઈ સમાજ કે વ્યક્તિને ઠેસ પહોંચી હોય તો હું બે હાથ જોડી ક્ષમા માગુ છું. ■

# મોરબીમાં રૂપાલાના વાહનની સુરક્ષા માટે જંગી પોલીસ કાફલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટની લોકસભા બેઠકના ભાજપ ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામે વિરોધનો વંટોળ યથાવત છે. રૂપાલા મોરબીમાં ચુસ્ત પોલીસ સુરક્ષા વચ્ચે જનસભામાં પહોંચ્યા હતા. પોલીસ કર્મચારીઓએ તેમના વાહનને ઘેરીને સુરક્ષા આપી હતી. બે લેયરમાં પોલીસ કર્મચારીઓએ વાહનને સુરક્ષા આપી હતી. મોરબીમાં પોલીસ સુરક્ષા વચ્ચે સભામાં રૂપાલા પહોંચ્યા હતા.

મોરબીમાં ક્ષત્રિયોના ભારે વિરોધ વચ્ચે રૂપાલાએ તેમને વિનંતી કરી હતી. જનસભામાં ફરીથી ક્ષત્રિયોને રાષ્ટ્રના કામમાં જોડાવવા અપીલ કરી હતી. તેમણે ક્ષત્રિય સમાજને બધુ ભૂલી જઈને દેશહિતમાં જોડાઈને જીતનો ભગવો લહેરાવવા અપીલ કરી હતી. પુરુષોત્તમ રૂપાલા મોરબીમાં ભાજપના મધ્યસ્થ કાર્યાલયના ઉદ્ઘાટનમાં ગયા હતા. ત્યાં તેમણે કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરીને જનસભા કરી હતી. રૂપાલાએ સભામાં જય શિવાજી જય ભવાનીના નારા પણ લગાવ્યા હતા. રૂપાલાએ પોતાના સંબોધનમાં વધુમાં જણાવ્યું હતું કે વડા પ્રધાનની કોઈ સ્પર્ધા દેખાતી જ નથી, કેટલીય બીજી જાન નીકળી છે પણ એમાં કોઈ વરરાજા નથી, કોઈએ ખોખારો ખાઈને કીધું જ નથી કે હું વડા પ્રધાન બનવા માંગુ છું. જ્યારે મોદીએ કીધું છે કે હું ત્રીજી ટર્મમાં આવીશ. ■

# તાલાલા માર્કેટિંગ યાર્ડમાં ૧લી મે થી કેસર કેરીની હરાજી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર સોમનાથમાં તાલાલા પંથકના કેસર કેરીના ઉત્પાદક કિસાનો ઘર આંગણે જ કેસર કેરીનું વેચાણ કરી શકે માટે ૧લી મેને બુધવારથી તાલાલા માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની હરાજીની શરૂઆત કરવામાં આવશે. ગત વર્ષે ૧૮મી એપ્રિલથી કેસર કેરીની સિઝનનો શુભારંભ થયો હતો, આ વર્ષે સિઝન ૧૩ દિવસ મોડી શરૂ થઈ રહી છે.

તાલાલા માર્કેટિંગ યાર્ડના પ્રમુખના જણાવ્યા પ્રમાણે ગત વર્ષે કેસર કેરીની સિઝન ૬૩ દિવસ ચાલી હતી. આ દરમિયાન દસ કિલો ગ્રામના ૧૧ લાખ ૧૩ હજાર ૫૪૦ બોકસની આવક થઈ હતી. તાલાલા પંથકમાં આ વર્ષે ઠંડી ઓછી પડવાને કારણે સંખ્યાબંધ બગીચાઓમાં બંધારણ થયું નહીં, ત્યાર બાદ તૈયાર થયેલા પાકમાં મોટા પ્રમાણમાં કોરામણ આવતા તૈયાર પાક આંબા ઉપરથી મોટા જથ્થામાં ખરી પડ્યો હતો. તેમજ કેરીના પાકને અનુકૂળ વાતાવરણ મળ્યું નહીં જેને કારણે આ વર્ષે ગત વર્ષ કરતાં ૫૦ ટકા પાક ઓછો થવાની ધારણા વ્યક્ત થઈ રહી છે. ગત વર્ષે દસ કિલોગ્રામના એક કેરીના બોકસનો સરેરાશ ભાવ ૪૨૫ રહ્યો હતો. પરિણામે તાલાલા યાર્ડમાંથી કેસર કેરીના ઉત્પાદક કિસાનોને રૂ. ૪૭ કરોડથી પણ વધુ આવક હતી. આ વર્ષે ઓછા પાકને કારણે ગત વર્ષ કરતાં કેરીના ભાવ ઉંચા રહેવાની ધારણા વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

તાલાલા માર્કેટીંગ યાર્ડમાં કેસર કેરીની સિઝન શરૂ થતાં કેસર કેરીના ઉત્પાદક કિસાનોને ઘર આંગણે જ કેરીનું વેચાણ કરવા સવલત મળતા કેરીના વેપારી મંડળના આ નિર્ણયને કિસાનોએ આનંદ સાથે આવકાર્યો છે. ■

# જામનગર લોકસભા ચૂંટણીમાં ૧૪ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર લોકસભા બેઠક પર ઉમેદવારી પત્ર પરત ખેંચવાની મુદ્દત પૂર્ણ થઈ ચૂકી છે. સોમવારે સાત ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચી લેતા જામનગર લોકસભા બેઠક પર હવે ૧૪ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે.

જામનગર લોકસભા બેઠક માટે કુલ ૨૧ ફોર્મ માન્ય રહ્યા હતા. ૨૨મી એપ્રિલ ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ભારતીય સમતા સમાજ પાર્ટીના એક ઉમેદવાર રઘુવીરસિંહ અનોપસિંહ ગોહિલ અને અપક્ષના છ ઉમેદવારો જેમાં જયરાજસિંહ કિરીટસિંહ ગોહિલ, પત્રકાર રામકૃષ્ણ નભેશંકર રાજ્યગુરુ, ખોડાભાઈ જીવરાજભાઈ નકુમ, કલ્પેશભાઈ વિનોદરાય આશાણી, કરશનભાઈ જેશાભાઈ નાગશ, બાબુભાઈ જેઠાભાઈ ગોહિલ સહિત કુલ સાત ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લેતા જામનગર લોકસભા બેઠક ઉપર ભારતીય જનતા પાર્ટી, ઇંડિયન નેશનલ કૉંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી, વીરો કે વીર ઇન્ડિયન પાર્ટી, રાષ્ટ્રીય મહાસ્વરાજ ભૂમી પાર્ટીના તેમજ અપક્ષના નવ ઉમેદવારો મળી કુલ ૧૪ ઉમેદવારો જામનગર લોકસભા બેઠક ઉપર ચૂંટણી લડશે. ■

# ગુજરાતમાં પ્રથમવાર સાંઢિયા પુલને ડાયમંડ કટરથી કપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના જામનગર રોડ પર આવેલા સાંઢિયા પુલને ડાયમંડ કટરથી કાપીને નવો બનાવવામાં આવશે. રેલવે ટ્રેકને નુકસાન ન થાય તે માટે આવો નિર્ણય કરાયો છે. પુલને સુરક્ષિત રાખીને કાપીને નવો પુલ બનાવાશે.

રેલવે વિભાગને બ્રિજ તોડવાને કારણે રેલ વ્યવહાર બંધ રહે તેમજ પાટાને નુકસાન થાય તો કરોડો રૂપિયાની નુકસાની ભોગવવી પડે. જેને પગલે રેલવેએ બ્રિજ તોડવા માટે બુલડોઝર જેવા મશીનોને બદલે ડાયમંડ વાયર સો મશીન કે જેને સાદી ભાષામાં ડાયમંડ કટર કહે છે તેનો ઉપયોગ કરવા માટે રાજકોટ મનપાને જણાવ્યું હતું. આ માટે જે એજન્સીને કોન્ટ્રાક્ટ અપાયો છે તેણે આ મશીનના ઉપયોગથી કેવી રીતે બ્રિજ હટાવવામાં આવશે તેની ડિસ્મેન્ટલ મેથોડોલોજી તૈયાર કરી તેનો રિપોર્ટ રેલવેને મોકલવાનો રહેશે. આ રિપોર્ટ જે મશીનનો ઉપયોગ થાય છે તેની કંપની, મોડલ, સિરિયલ નંબર સહિતની વિગતો તેમજ કર્મચારીઓની વિગત પણ મોકલવાની હોય છે. હજુ આ રિપોર્ટ તૈયાર થયો નથી તેથી તે તૈયાર થયા બાદ રેલવેને મોકલવામાં આવશે અને ત્યારબાદ મંજૂરી મળતા ડાયમંડ કટરનો ઉપયોગ કરાશે. ડાયમંડ કટરનો ઉપયોગ કરવાથી આસપાસના રહેવાસીઓ સુધી અવાજ પણ પહોંચશે નહિ કે પછી ધૂળ ઊડશે નહીં. એક પછી એક નાના નાના કટ કરીને ક્રેનથી તે ભાગ ઉતારી લેવાશે. ■

# રાજકોટ યાર્ડમાં કાચી કેરીની ઢગલાબંધ આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ માર્કેટ યાર્ડમાં મંગળવારે જણસીઓની હરાજી બંધ હતી. સબ યાર્ડમાં શાકભાજીની હરાજી ચાલુ હોવાથી વિવિધ શાકભાજીની આવક નોંધાઈ હતી. યાર્ડમાં મંગળવારે કાચી કેરી સહિત બટાકા અને લીંબુની મબલખ આવક થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ માર્કેટ યાર્ડમાં કાચી કેરીની ૧૬૦ ક્વિન્ટલ આવક થઈ હતી. યાર્ડમાં કાચી કેરીની શરૂઆત થઈ હોવાથી કાચી કેરીના ખેડૂતોને સારા ભાવ મળ્યા હતા. મંગળવારે એક મણ કાચી કેરીના ખેડૂતોને ૩૫૦થી ૬૫૦ રૂપિયા ભાવ મળ્યા હતા. માર્કેટ યાર્ડમાં મંગળવારે સૌથી વધારે બટાકાના પાકની આવક થઈ હતી. માર્કેટ યાર્ડમાં ૨૧૦૦ ક્વિન્ટલ આવક થઈ હતી. ખેડૂતોને ૩૫૦થી ૬૦૦ રૂપિયા મળ્યા હતા. યાર્ડમાં બટાકાની આવક વધારે થતાં યાર્ડ બટાકાથી ઊભરાયું હતું.

રાજકોટ માર્કેટ યાર્ડમાં લીંબુના ભાવ ખેડૂતોને સારા મળતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી, કારણ કે ખેડૂતોને એક મણ લીંબુના ૨૦૦૦થી ૨૯૦૦ રૂપિયા મળ્યા હતા. યાર્ડમાં આજે લીંબુની આવક ૨૭૦ ક્વિન્ટલ થઈ હતી. માર્કેટ યાર્ડમાં ટમેટાની આવક ૪૧૯ ક્વિન્ટલ આવક થઈ હતી. ટમેટાના ભાવ ૧૧૦થી ૩૨૦ રૂપિયા એક મણનો બોલાયો હતો. ટમેટાની સાથે સાથે મરચાની ૨૪૦ ક્વિન્ટલ આવક થઈ હતી. લીલા મરચાનાં ખેડૂતોને ૩૦૦થી ૬૦૦ રૂપિયા ભાવ મળ્યા હતા. યાર્ડમાં સૂકી ડુંગળીના ખેડૂતોને ૮૦થી ૨૯૦ રૂપિયા મળ્યા હતા.

યાર્ડમાં આજે સુકી ડુંગળીની ૩૫૦૦ ક્વિન્ટલ આવક થઈ હતી. ડુંગળીના ભાવ ખેડૂતોને ઓછા મળવાથી ખેડૂતોના ચહેરા પર નિરાશા જોવા મળી હતી. યાર્ડમાં તરબૂચના ખેડૂતોને ૧૮૦ થી ૩૩૦ રૂપિયા મળ્યા હતા. યાર્ડમાં મંગળવારે તરબૂચની ૪૩૪ ક્વિન્ટલ આવક થઈ હતી. ■

# રાજકોટ ફૂડ શાખા દ્વારા અલગ-અલગ વિસ્તાર પર દરોડા

## વાસી ફૂડના જથ્થાનો નાશ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મનપા ફૂડ વિભાગ દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારમાં આવેલા એકમો પર ચેકિંગ હાથ ધરવામાં આવી હતી. તપાસ કરતાં સ્થળ પર સ્ટોર રૂમમાં સંગ્રહ કરેલ જીવાત વાળો લોટ, ફ્રિઝમાં રાખેલ સલાડ, ગ્રેવી તથા એક્સપાયરી થયેલી બેકરી પ્રોડક્ટસ સહિત કુલ ૫૫ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો તેમજ હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા લાઇસન્સ બાબતે નોટિસ આપવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ રાજકોટ મનપા ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ૧૫૦ ફૂટ રિંગ રોડ, અમીન માર્ગને છેડે, ગિરિરાજ હૉસ્પિટલ સામે, રાજકોટની તપાસ કરતાં સ્થળ પર સ્ટોર રૂમમાં સંગ્રહ કરેલ જીવાત વાળો લોટ ૪૫ કિ.ગ્રા., ફ્રિઝમાં રાખેલ સલાડ, ગ્રેવી ૫ કિ.ગ્રા. તથા એક્સપાયરી થયેલ બેકરી પ્રોડક્ટસ ૫ કિ.ગ્રા. વાસી અખાદ્ય જણાતા કુલ મળીને ૫૫ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવી હતી.

આ ઉપરાંત સર્વેલન્સ ચેકિંગ દરમિયાન સિટી આઇસક્રીમ, આશરા ચેમ્બર, રૈયા રોડ, રાજકોટની તપાસ કરતાં સ્થળ પર ફ્રિઝમાં સંગ્રહ કરેલ એક્સપાયરી ડેટ વગર કે ઉત્પાદનની વિગતો દર્શાવ્યા વગરની પડતર રહેલ રાજ બ્રાન્ડ કેન્ડી વાસી અખાદ્ય જણાતા કુલ ૧૦૦ નંગ પેકિંગ સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. ઉનાળાની સિઝનને અનુલક્ષીને કરવામાં આવેલા આઈસ ગોલા વેચાણ કરતાં એકમોના ચેકિંગ ડ્રાઈવ અંગે ફૂડ વિભાગ દ્વારા બરફ ગોલામાં ઉપયોગ કરવામાં આવતી પડતર રહેલ માવાની રબડીનો કુલ ૨૧ કિ.ગ્રા. જથ્થો નાશ કરવામાં આવેલો તથા બરફ ગોલાના ફ્લેવર સિરપના કુલ ત્રણ નમૂના લેવામાં આવ્યા હતા. તેમજ લાઇસન્સ બાબતે નોટિસ આપવામાં આવી હતી. ■

# રાજકોટમાં પાણીની ટાંકીમાં ડૂબી જતાં સફાઈકર્મીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં મકાનમાલિકે જમીનમાં બનાવેલા પાણીના ટાંકાનો વાલ્વ બંધ કરવા માટે મનપાના કોન્ટ્રાક્ટર બેઇઝ સફાઈ કામદારને બોલાવ્યો હતો. યુવક ટાંકીની અંદર ગયા બાદ ટાંકામાંથી બહાર ન આવતા મકાનમાલિકે ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જેથી તાત્કાલિક ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી યુવકને બેભાન હાલતમાં ટાંકાની બહાર કાઢવામાં આવ્યો હતો અને ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ રાજકોટનાં જામનગર રોડ ઉપર સ્લમ ક્વાર્ટરમાં રહેતો મહેશ ચૌહાણ (ઉં.વ.૨૭) મનપામાં કોન્ટ્રાક્ટ બેઇઝ પર સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતો હતો. અમીન માર્ગ પર અર્જુન પાર્કમાં રહેતા મકાનમાલિકે પોતાના ઘરમાં પાણીના ભોં ટાંકામાં રહેલો વાલ્વ બંધ કરવા ઉતાર્યા હતા. દરમિયાન બહાર ન નીકળતા ફાયર બ્રિગેડ અને ૧૦૮ને જાણ કરતા ફાયર બ્રિગેડ સ્થળ પર પહોચી રેસ્ક્યૂ કરી બેભાન હાલતમાં ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબોએ યુવાનને મૃત જાહેર કર્યો હતો. ■

# રાજુલા-સાવરકુંડલા સ્ટેટ હાઈવે પરના નવનિર્મિત બ્રિજ શરૂ થયાના બે મહિનામાં જ ગાબડું પડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલીના રાજુલા-સાવરકુંડલા સ્ટેટ હાઈવે પર નવનિર્મિત બ્રિજ શરૂ થયાના બે મહિનામાં જ ગાબડું પડી જતા પુલની કામગીરીની ગુણવત્તાને લઈ સવાલો ઉઠ્યા હતા. સ્થાનિકોએ નબળું કામ થયાનો આક્ષેપ કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ અમરેલી જિલ્લામાં રાજુલા-સાવરકુંડલા સ્ટેટ હાઇવે ઉપર આવેલા રાજુલાના ઝાપોદર ગામ નજીક નવો બ્રિજ કરોડોના ખર્ચે તૈયાર થયો હતો. બે મહિના પહેલા બ્રિજ શરૂ કર્યો હતો. મંગળવારે બ્રિજ વચ્ચે ગાબડું પડતા માટી બહાર આવી અને લોખંડના સળિયા બહાર નીકળ્યા હતા. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થતા સ્થાનિક આરએન્ડબી વિભાગના અધિકારી દ્વારા પ્રથમ બ્રિજ બંધ કરાવ્યો હતો અને ત્યારબાદ સ્થાનિકો વાહન ચાલકોમાં રોષ ફેલાયો હતો અને તપાસ કરવા માટેની માગ ઉઠાવી હતી. ■

# સિંગતેલ ચોરીના કૌભાંડ: ₹૩૪.૩૬ લાખનું સિંગતેલ ભરેલા ટેન્કર સાથે ચાલકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લાના ગોંડલથી પાલનપુર જતાં સિંગતેલના ટેન્કરને બેટી ગામ પાસે અવાવરુ જગ્યાએ ઊભું રાખી તેમાંથી ૭૦ કિલો જેટલું સિંગતેલ ચોરી કરતાં ડ્રાઈવરને બેટી ગામમાં રહેતા શખ્સ સામે એરપોર્ટ પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસને મળેલી બાતમીના આધારે દરોડો પાડતાં એક શખસ પકડાઈ ગયો હતો. જ્યારે અન્ય નાસી ગયો હતો. પોલીસે રૂ.૩૪.૩૬ લાખનું સિંગતેલ ભરેલું ટેન્કર કબજે કરી મિલ માલિકને જાણ કરી હતી. પોલીસે ટ્રકચાલક બિહારના સીતામઢીમાં રહેતા ધર્મેન્દ્રકુમાર રામલક્ષ્મણ બાઈઠા અને બેટી રામપરાના જીવરાજ સામંતભાઈ મકવાણા વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસને બાતમી મળી હતી કે, રાજકોટ અમદાવાદ હાઈવે પર આવેલા બેટી ગામ નજીક ભારત બેન્ઝના શોરૂમ પાસે એક ટેન્કરમાંથી બે શખ્સો સિંગતેલની ચોરી કરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે ઘટના સ્થળે દરોડો પાડતા એક શખસ નાસી છૂટ્યો હતો. જ્યારે અન્ય એક પકડાઈ જતાં તેમનું નામ પૂછતાં તેમણે ધર્મેન્દ્રકુમાર જણાવ્યું હતું અને પોતે ટેન્કરનો ચાલક હોવાનું જણાવ્યું હતું.

પોલીસની પૂછપરછમાં આ ટેન્કર ગોંડલ જામવાડી જીઆઈડીસીમાં આવેલી જાણીતી કંપનીમાંથી સિંગતેલ ભરી મધર ડેરી જીઆઈડીસી પાલનપુર જતું હતું. તેમજ આ ટેન્કરમાંથી કાઢેલું સિંગતેલ ભાગી ગયેલા શખ્સ જીવરાજ મકવાણા (રહે.બેટીરામપરા)ને રૂા.૧૫૦૦ લેખે વેચાતું આપવાનું હતું.

ઘટનાસ્થળે તપાસ કરતાં અલગ અલગ કેરબામાં કુલ ૭૦ કિલોનું રૂ.૧૦,૫૦૦નું સિંગતેલ ચોરી કરી હોવાનું જાણવા મળતાં પોલીસે રૂ.૩૪.૩૬ લાખની કિંમતનું સિંગતેલ ભરેલું ટેન્કર કબજે કરી કંપનીના માલિકને બનાવની જાણ કરી હતી. ■